સળંગ અંક 332 ઑગસ્ટ '૫૧

કુમાર




સ્વરાજ્ય-સંકલ્પ

અમે ભારતના પ્રજાજનો ભારતનું સાર્વભૌમ પ્રજાસત્તાક લોકરાજ્ય રચવાને માટે, અને તેના સમસ્ત નાગરિકોને સામાજિક, આર્થિક તથા રાજનૈતિક ન્યાય, વિચાર, વાણી, માન્યતા, ધર્મ તથા ઉપાસનાની સ્વાધીનતા અને દરજ્જાની તથા તકની સમાનતા મેળવી આપવા માટે, તેમજ સૌમાં વ્યક્તિનું ગૌરવ તથા રાષ્ટ્રની એકતા સિદ્ધ કરી આપે તેવી બંધુતા પ્રસરાવવા માટે, દૃઢ સંકલ્પપૂર્વક, અમારી બંધારણસભામાં, આજ, તારીખ છવ્વીસમી નવેમ્બર, ઈસ્વીસન ઓગણીસસો ઓગણપચાસને રોજ, આથી, આ બંધારણને સ્વીકારી, તેને કાનૂનરૂપ બનાવી અપનાવીએ છીએ.

સંસ્થાપક રવિશંકર રાવળ
તંત્રી
બચુભાઈ રાવત



આંતરિક વિખવાદ, બહારનો દુશ્મન નોકરશાહી, અન્નતંગી, કોમવાદ રૂપી ઉંદરડા આઝાદીની જ્યોત ખેંચી જાય તે પહેલાં બાલ પ્રજાસત્તાક ભારતે કટિબદ્ધ થવું જોઈએ



હટાણું કરવા જતાં દક્ષિણ હિંદનાં ગ્રામવાસીઓ ચિત્રલેખા : સ્વ. અમૃતા શેરગિલ

આ અંકની 'માધુકરી'માં આપેલા એ ચિત્રલેખાના પરિચયલેખમાં સમજાવ્યું છે તેમ, વિષયનું આબેહૂબ આલેખન નહિ પણ પોતાના મન પર પડેલા તેના પ્રત્યાઘાતની છાયા પોતાની આગવી રંગાવટમાં તેણે ઉતારી છે; ઝીણી વિગતો કાઢી લઈને, ઘાટ-રૂપને તદ્દન સાદાં કરી નાખીને, માત્ર વિષયની આકૃતિઓની ગૂંથણી તથા રંગરચનાથી ઊભી થતી લય ઉતારી છે. વ્યક્તિઓનાં રૂપ નહિ પણ તેમના ચહેરાપરના અંતરના ભાવ, અને એ ભાવોની સમગ્રતાથી ઊપજતી ચિત્રવ્યાપી છાયા.

ઑગસ્ટ **કુમાર** ૧૯૫૨

અંક ૩૩૨

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ, પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૭॥; પરદેશમાં રૂ. ૯॥ અથવા શિ૦ ૧૫; છુટક નકલ: બાર આના

મુક્તિગાન

ગાઓ આજ મુક્તિગાન!
વેદનાની આગ છો બળેજળે હજાર વાર,
'નન્દની વહાવી પ્રેમ હર્ષની અપાર ધાર,
મોકળે ગળે ગજાઓ માતૃભૂમિ કેરી શાન:
ગાઓ આજ મુક્તિગાન!

ખુલ્લી છાતીએ ઝીલ્યા વિદેશીઓ તણા પ્રહાર
હોંશથી શું ગૌરવે હસી હસી;
પીઠ પર દઈ રહેલ આપણાં સ્વજન ઝહેરીદંશ જે ડસીડસી
હેતથી સહીશું એય સાથમાં;
અને ફરીફરી ભરીશું સર્વ સર્વને જ પ્રીત કેરી બાથમાં;
એ જ વિષતણાં બનાવી પાઓ આજ શક્તિપાન:
ગાઓ આજ મુક્તિગાન!

ભૂખદુઃખ રોગ ત્રાસથી પીડિત શોષિતોના
લોહીની અસહ્ય યાતના-કથા,
માનવીસમસ્ત કેરી મુક્તિના ચિરાયલા
જિગરના જખ્મ-ખૂનથી ઝરી વ્યથા;
અને છતાં ખુમારી: 'હું સ્વતંત્ર!'
એક દિન કરીશું વ્યક્તિમાત્ર મુક્ત એ જ મંત્ર.
ને શાહીદીથી મિટાવી જાઓ આજ રક્તસ્નાન:
ગાઓ આજ મુક્તિગાન!

એક છે યકીન ને ઈમાન:
માનવી દિલે ખુદાઇ નૂર-અમૃતોની ના કમી,
આસમાનથી નહિ પરંતુ આજ આ
ઝમીનમાંથી ઊભરાય વિશ્વપ્રેમનાં અમી;
એ વહી ભીંજાવી જાય ખંડખંડ
ને પ્રભાત પૂર્વના પ્રકાશ પુણ્યના અખંડ
લોકલોક અંતરે
અનંત જે યુગાંતરે,
એ જ તેજનાં ઉતારી લાવો આજ ભક્તિદાન:
ગાઓ આજ મુક્તિગાન!

પિનાકિન ઠાકોર

ઑગસ્ટ
૧૯૫૧

નવા આંક*

એકડે એકો:
પરમેશ્વરને નામે પહેલો મેલો મોટો છેકો.

બગડે બેય:
પ્રેય જે જે લાગે તેને માની લેવું શ્રેય.

ત્રગડે ત્રણ:
કીડીને તો મણ આપો, હાથીને તો કણ.

ચોગડે ચાર:
ફૂલનું શું મૂલ? હવે પથ્થરને તાર.

પાંચડે પાંચ:
સાચને યે આંચ, એથી ભલી મારી લાંચ.

છગડે છય:
ગાડી ગિર્વાણનીને જોડી દેવો 'હય'.

સાતડે સાત:
બોબડા ને તોતડાની નવી કરો નાત.

આઠડે આઠ:
ત્રણ છોડો ત્યારે નવી તેર બાંધો ગાંઠ.

નવડે નવ:
આટઆટલું કરીને અહીં ગુજારો જો ભવ–

એકડે મીંડે દશ:
દાનવથી શું માનવ ન થશે તો યે વશ?

નિરંજન ભગત

*આંકના બે અર્થ: (૧) ઘડિયા; (૨) જીવનનાં મૂલ્યો.

છેલ્લા યુદ્ધ પછી શરૂ થયેલા આપણા દેશના નીતિ-શૈથિલ્યમાં, સ્વરાજ્ય મળ્યા પછી તો સ્વચ્છંદતાના જે છૂટા દોર મુકાઈ ગયા છે, તે પરથી કવિએ આજનાં જીવનમૂલ્યો (આંક)ને વર્ણવતા આ નવા ઘડિયા (આંક) રચ્યા છે. જૂના જમાનાના ઘડિયામાં જીવનનું જે શીલ પ્રબોધાતું તેને પડછે આજની પરિસ્થિતિદર્શક આ નવા 'આંક' બોલવામાં રહેલી કટુતા પાછળ બળતું હૃદય બોલે છે. અંકવાર તેની સમજણ આ મુજબ છે: (૧) ઈશ્વરને તો આપણે ભૂલી જ ગયા છીએ; (૨) પહેલાંના વખતમાં પ્રેય (દુન્યવી લાભ) કરતાં શ્રેય (આત્માનું કલ્યાણ) ઊંચું ગણાતું, તેને બદલે આજે એથી ઊલટું—જેમાંજેમાં સ્વાર્થ સરે તેમાં જ કલ્યાણ મનાય છે. (૩) એ જ રીતે આમાં પણ જૂનું આર્થિક સૂત્ર ઊલટાઈ ગયા જેવી સ્થિતિ છે. હાથી જેવો મોટો. દેશનો તંગીવાળો વર્ગ ભૂખે મરે છે, ને કીડી જેવડા નાના મૂડીવાદીઓ ગ ભર્યામાં ભરાય છે. (૪) ફૂલ=લાય કાતવાળાઓ રઝળે છે ને પથરાઓ તરી જાય છે; (૫) સ્પષ્ટ છે; (૬) ગિર્વાણ=ભાષા; હય=ઘોડો; ને હિંદી ભાષાનો પ્રત્યય. માતૃભાષાની ગાડીને હિંદીનો ઘોડો જોડીને—એટલે કે માતૃભાષામાં 'હય' લગાડીને હિંદી ભાષા બોલવા જેવાં, રાષ્ટ્રીયતાને નામે થતાં બેહૂદાં આક્રમણ ને વ્યવહાર. (૭) બને તેટલો વધારે મુલક તથા સત્તા પડાવવા માટે ખેલાતી 'ભાષા-વાર પ્રાંત' રચનાની કુટિલતા કરનારાઓ, ભાષા નહિ બોલનારા બોબડા-તોતડાની પણ નવી નાત કરવા સુધી નીચા ઊતરે તો નવાઈ નહિ! (૮) ત્રણ ગૂંચો ઉકેલાય છે ત્યાં તેર નવી ઊભી થાય છે એવી આજની રાજકીય આર્થિક તથા સામાજિક સ્થિતિ; (૯)-(૧૦) આખો ભવ આટલું કર્યાં પછી શું માનવને દાનવ (સેતાન) વશ નહિ કરી શકે?



સ્વ. ગજાનન વિશ્વનાથ પાઠક

આજની પીઢ પેઢીમાંથી વિલય પામેલા ગુજરાતની અસ્મિતાભર્યા એક તેજસ્વી અને શક્તિશાળી સંસ્કારસેવક

લેખક - રવિશંકર રાવળ

ગઈ તા. ૨૫મી જુલાઈ (૧૯૫૧)ની રાત્રે, મારા બાલ્યકાળના મિત્ર ગજુભાઈ પાઠક હૃદયસંરોગથી ૬૧ વર્ષની વયે અવસાન પામ્યા. જે વખતે એમની બુદ્ધિ ને અનુભવનો પરિપાક ગુજરાતને આપવાનો અધિકાર એ પામ્યા હતા. તે જ વખતે એમની આયુષ્યરેખા ટૂંકી થઈ એ કમનસીબી છે.

એમના પિતા શ્રી વિશ્વનાથભાઈ પાઠક ગઈ પેઢીના એક આદર્શ શિક્ષક, અને સંસ્કૃત તથા વેદાંત સાહિત્યના યોગારૂઢ અભ્યાસી હતા. એમની શિસ્તબદ્ધ જીવનપદ્ધતિ અને ચિંતનશીલ પ્રકૃતિ એમના બધા જ પુત્રોને વારસામાં મળી. શ્રી રામનારાયણ પાઠકમાં આપણે તેનો સંપૂર્ણ પરિપાક જોયો છે. ગજુભાઈ તેમનાથી નાના. એમણે મૅટ્રિકનો અભ્યાસ પૂરો કર્યો, પણ તેની પરીક્ષા ન આપતાં કોઈ કૌશલ્યદર્શક જીવનપ્રવૃત્તિ લેવાનો સંકલ્પ કર્યો. એ જ એમની બાળપણથી જ ખીલતી નિર્ણયશક્તિ દર્શાવે છે. એમનાં માતુશ્રી આદીત્યબાની જાજરમાન પ્રકૃતિ અને ટક્કર લેવાની શક્તિ એ કાળે એમનામાં વિકાસ પામતી હતી. એમના પિતાશ્રીએ રાજકોટમાં જ વાનપ્રસ્થ-નિવાસ કર્યો હતો. સિદ્ધ ચિત્રશિક્ષક હુસમાન બચલ પાસે તે ડ્રોઈંગની બધી પરીક્ષાઓમાં સારી રીતે ઉત્તીર્ણ થએલા. પરિણામે ઉપલો નિર્ણય કરીને તે મુંબાઈની સ્કૂલ ઑવ આર્ટમાં ગયા, અને ત્યાં તેમને ચિત્રકાર થવા કરતાં આર્કિટેક્ટ (ભવનનિર્માતા) થવાનું વધુ પસંદ પડ્યું.

આ સમયે અમે બંને જણ ઘર આગળ ચિત્રો કરતા, અને મળીએ ત્યારે કોણે કેવી નવી પદ્ધતિ શીખી લીધી છે તેની આપલે કરતા એ સમયમાં ચિત્રતાલીમ માટે બધા ક્રેયૉન (કાળા ચાક)થી ફોટોગ્રાફો જેવી છાયા કરતાં શીખતા. રંગનું કામ પાછળ રાખવામાં આવતું. શાળામાં તૈયાર રંગની પેટીઓ નહોતી. વર્નના ચિત્રશિક્ષકો કપડાં રંગવાના લાલ પીળો ને વાદળી એ ત્રણ રંગ પાણીમાં ઉકાળી શીશા ભરી મૂકતા. એનાથી પાંદડાં કે ફૂલોનાં જ ચિત્રો કરાવતા. પણ મેં તેજીલા રંગોથી મોના વિવિધ વર્ણો ને માંસલ ઉઠાવ આપવાનું હસ્તગત કર્યું હતું. ગજુભાઈને એ ફાવતું નહિ. તેમના પિતાશ્રી વિશ્વનાથભાઈ અમારાં બંનેનાં ચિત્રોની ચર્ચા કરતા.

ગજુભાઈ મુંબાઈની સ્કૂલ ઑવ આર્ટમાં ગયા પછી રજામાં પાછા આવ્યા ત્યારે તેમનો અનુભવ અને માહિતી વધી ગયાં હતાં. તેમણે તૈયાર રંગપેટી આણી હતી. એક નાની ઑઈલ પેઈન્ટ બૉક્સ (તૈલરંગોની પેટી) પણ તે લાવ્યા હતા, અને કોઈ પાસેથી ઈંગ્લંડનાં ગામડાંનાં રંગીન દૃશ્યો લાવી મોટાં ચિત્રો કરતા હતા. એ બધું મારે મન નવું હતું. પરિણામે મને સ્કૂલ ઑવ આર્ટ જોવાની હોંસ વધી. અમે એ વખતે ચર્ચા કરતા કે આપણા દેશમાં કોઈ ચિત્રકારો પ્રકૃતિનાં દૃશ્યો કરતા નથી. માત્ર રવિવર્માની છાપોમાં માનવ ચિત્રોની પાછળ થોડું પ્રકૃતિદર્શન જોવા મળતું.

ઈ. ૧૯૦૯માં હું પહેલવહેલો મુંબાઈ જોવા ગયો ત્યારે ગજુભાઈ ડ્રાફ્ટ્સમૅન (નકશાકાર)ના વર્ગમાં દાખલ થઈ ગયા હતા અને તેમનામાં એક જાતની ચોક્કસાઈ, વિચારમાં ગણત્રી અને તર્ક, તેમજ જીવનમાં વ્યવસ્થા આવતાં દેખાતાં હતાં. પ્રતીતિપૂર્વક વાત કહેવાની તેમની રીતની મારા પર છાપ પડી. એમણે શાળાની બપોરની રજામાં મને શાળાના બધા ખંડોમાં ફેરવ્યો; અને હું ત્યાં અનેક નાનામોટા વિદ્યાર્થીઓનાં ફલકો પરનાં ચિત્રો, રંગો તેમજ વિવિધતા જોઈ છક થઈ ગયો. કેટલાક પારસી અને મહારાષ્ટ્રી વિદ્યાર્થીઓને હાથમાં લાલ રંગના સ્કેચ લઈ જતાઆવતા જોઈ મને મારી અલ્પતા અને અજ્ઞાનનું ખૂબ જ ભાન થઈ ગયું અને કોઈક દિવસે ત્યાં જઈ અભ્યાસ કરવાનો સંકલ્પ મારા મનમાં રોપાયો. ગજુભાઈએ મને બજારમાંથી એમની પાસે હતી એવી નાની ઑઈલ પેઈન્ટિંગની પેટી અને પીંછીઓ અપાવી. આમ મારા જીવનના દિશાનિર્ણયમાં ગજુભાઈએ તે વખતે કાર્ય કર્યું.

રાજકોટ છોડી તેમના પિતાશ્રીએ અમારા વતન ભાવનગરમાં માણેકવાડીમાં ઘર લીધું એટલે ત્યાં તેમના કુટુંબ સાથે ફરીવાર જૂના સંબંધોનો તાર સંધાયો. ગજુભાઈ મુંબાઈથી આવ્યાના ખબર મળે એટલે હું અને તેઓ મળ્યા વગર રહીએ જ નહિ. એમાં ચિત્રો સંબંધી છેલ્લી માહિતીઓ મને તે આપતા. તેમણે હજી પણ ફુરસદે ચિત્રો કરવાનો શોખ થોડોઘણો ચાલુ રાખ્યો હતો, પણ તેમાં રંગીન ચિત્રોની અનુકૃતિઓ જ કરતા. આર્કિટેક્ચરના ત્રીજા વર્ષમાં તેમણે બપોરના વખતમાં સરકારી ઑફિસમાં નોકરી લીધી અને એમ સ્વાશ્રય, ધંધાની તાલીમ, તથા અભ્યાસ એકસાથે નભાવતાં તેમને વખતની તંગી પડતી. શ્રી રામનારાયણભાઈને તે વખતે મુંબાઈમાં નોકરી હતી અને તેમની સોબતમાં વિશેષ વાચન, વિચાર તથા જીવનઘડતરમાં ગજુભાઈએ ઘણી પ્રગતિ સાધી હતી. આ વખતે તેમણે સાહિત્ય પરિષદમાં 'સ્થાપત્ય' વિષે એક નિબંધ લખી મોકલેલો. 'આર્કિટેક્ટ' માટે 'સ્થપતિ' અને 'આર્કિટેક્ચર' માટે 'સ્થાપત્ય' એ શબ્દોનો ગુજરાતમાં પહેલો પ્રયોગ ઘણે ભાગે તેમણે જ કર્યો અને પ્રચાર્યો. ગુજરાતી ભાષામાં આ વિષય ઉપર લખવાની શરૂઆત પણ તેમણે જ કરી.

હવે તે દરેક વસ્તુ ઉપર ખૂબ જ વિચારો કરતા થઈ ગયા હતા, અને ઘણીવાર તો મને અતિ ઔપચારિક લાગે એટલી હદે પોતાના નિયમો અને વ્યવહારમાં આગ્રહ પકડતા. હું એ વખતે મારા મનમાં જ જીવનની ભાવનાઓ અને કાર્યક્રમની ગડભાંગમાં પડ્યો હતો, કશું નિર્ણયાત્મક કહેવું કે કરવું મને અશક્ય લાગતું. એટલે ગજુભાઈની દલીલો અને નિર્ણયો સામે હું કશું જ બોલી શકતો નહિ. છતાં તેમની મારા તરફની કર્તવ્યનિષ્ઠા અને સંબંધ સાચવવાની દરકાર એવાં હતાં કે અમે છૂટા પડ્યા પછી પણ એકબીજા સાથે પત્રો દ્વારા વિચારવિનિમય ચાલુ જ હતો.

તેમનો મુંબાઈનો અભ્યાસ ચાલતો હતો તે જ અરસામાં હું ભાવનગર કૉલેજના પહેલા વર્ષમાં વચ્ચેથી અભ્યાસ છોડી મુંબાઈ સ્કૂલ ઑવ આર્ટમાં દાખલ થયો, અને ગજુભાઈ સાથે પાછો સંપર્ક સંધાયો. એ વખતે શ્રી રામનારાયણભાઈ કોઈ શાળાના હેડમાસ્તર હતા અને પાર્વતી મૅન્શનમાં રહેતા. ત્રીજા ભાઈ નાનુભાઈએ દરજીકામ શીખવા માંડેલું, તેની એ વખતે આખાયે સમાજ ટીકા કરતો; ને સૌથી નાના પ્રાણજીવન પાઠક કૉલેજમાં હતા. બધા જ ભાઈઓ તર્કવાદી ને બુદ્ધિચતુર, એટલે પિતાની સાંપ્રદાયિકતા ઓસરવા માંડી હતી.

મુંબાઈમાં પાછળથી સ્વ. મહાદેવભાઈ, રામનારાયણભાઈ, ગજુ-

ભાઈ અને ગજુભાઈ બંનેકા પરેલમાં મગનબાગમાં સાથે ઓરડીઓ રાખી રહેતા. હું પણ પછી ત્યાં રહેવા ગએલો. એ બધા ધંધે લાગી ગએલા અને હું હજુ આર્ટસ્કૂલમાં હતો. પણ એ બધાનો સહવાસ મને સાહિત્ય અને કળાના ઊંડા અભ્યાસ તથા ચિંતન તરફ ખેંચી ગયો.

થોડા વખત પછી ગજુભાઇએ વડોદરા કલાભવનમાં ડ્રાફ્ટ્સમૅન ક્લાસના શિક્ષકની નોકરી સ્વીકારી. નોકરી ખાતર નહિ પણ શિક્ષણ માટે તેમને બહુ પ્રેમ હતો તેથી. તેમના હાથ નીચેના શિષ્યોમાં તેમની જિજ્ઞાસાવૃત્તિ, ચોક્કસાઈભર્યું અંકન અને શિસ્તબદ્ધ જીવનની છાપ તેમણે પાડી હતી. વળી એ જ વખતે તેમણે કળા ઉપર ખૂબ વાંચ્યું, નોંધો કરી અને નિબંધો લખ્યા. ગુજરાતી ભાષામાં અંગ્રેજી જુસ્સાથી લખવું એ તેમનો શોખ હતો. તેમના ઘરમાં પણ તે બહુ શિસ્ત રખાવતા. બેઠકમાં બધું ગોઠવણવાળું : આળિયાં (હાટિયાં).-અભરાઇ ઉપર કાગળો પુસ્તકો તથા સરંજામ ખૂબ સ્વચ્છતાથી રખાવતા, અને પાણીની ચોકડીમાં પણ વાસણો બાલદીઓ વગેરે બરોબર રહે છે કે નહિ તે જોતા. તેમનાં પત્ની સ્વ. લલિતાબેનને પણ તે કામમાં મદદગાર થતા. એક સાધનહીન મહારાષ્ટ્રી વિદ્યાર્થીને પોતાને ત્યાં રાખી જમાડતા અને ભણાવતા, અને તેનામાં ગજુભાઇએ જે ઘડતર કર્યું તેથી તે આગળ જતાં કલાભવનના એક શ્રેષ્ઠ વિદ્યાર્થી નીવડ્યા અને પાછળથી ગજુભાઈની જગ્યાએ જ શિક્ષક બન્યા. તેમનું નામ શ્રી વામનરાવ વડનેરકર. આજ તે હયાત નથી. તેમને પાછળથી ગાયકવાડ સરકારની સ્કૉલરશિપ મળતાં તે ઇંગ્લંડ જઈ એ.આર.બી.એ.ના ડિગ્રી લઈ આવ્યા હતા અને છેવટે કળાભવનમાં રૂ. ૩૦૦ના પગારથી પ્રોફેસર થયા હતા.

વરસો સુધી મહેનત લીધા પછી ગજુભાઇએ જ્યારે જોયું કે વડોદરામાં પોતાને આગળ જવાની કોઈ તક નથી મળવાની, ત્યારે તેમણે દિલ્હી તરફ નજર કરી. એ વખતે નવું દિલ્હી બંધાતું હતું અને બાહોશ માણસોની ત્યાં ચાલુ જરૂર રહેતી. ગજુભાઇના કેટલાક મિત્રો પાસ થયા પછી તુરત ત્યાં લાગી ગયા હતા. તેમણે ગજુભાઇને ત્યાં ખેંચ્યા અને ગજુભાઈ વડોદરા છોડી સારા પગારે દિલ્હી ગયા.

દિલ્હીમાં તેમણે અંગ્રેજ નિષ્ણાતો સાથે કામ કરી ખૂબ તાલીમ ને નવા સંસ્કાર મેળવ્યાં. ઇંગ્લંડના વિખ્યાત ભવન-નિર્માતા સ્થપતિ કલાકાર મિ. એડવિન લટ્યન્સ ત્યાં મુખ્ય આર્કિટેક્ટ હતા. તેમની શક્તિ, વિચારણા અને યોજનાની વાતો કરતાં ગજુભાઇ થાકતા નહિ. એ સાથે એમણે દિલ્હીના મુઘલ સ્થાપત્યનો પણ સારો પરિચય મેળવ્યો અને નવાં તથા જૂનાં સ્થાપત્યસ્વરૂપો ઉપર સરસ પ્રકાશ આપી શકે એવું જ્ઞાન મેળવ્યું. પાછળથી તેમણે 'યુગધર્મ' માસિકમાં નવી દિલ્હી ઉપર જે લેખ લખેલો તે પરથી તેમજ પાછળથી 'પ્રસ્થાન' માસિકમાં આવેલા તેમનાં લખાણો પરથી આજે પણ એમની એ શક્તિનો ખ્યાલ આવે છે. તેમના પિતાશ્રી પાછળથી સંન્યાસી થઈ ગએલા છતાં તેમની સગવડ ખાતર દિલ્હીમાં તેમને ઘેર જ રહેતા.

આ પછી એમને કૌટુંબિક આપત્તિઓ આવી. એમનાં પત્ની ગુજરી જતાં દિલ્હી તેમને અકારૂં થઈ પડ્યું. અને ત્યાં કામમાં મઝા રહી નહિ, એટલે અમદાવાદમાં સ્થપતિ તરીકે સ્વતંત્ર ધંધો શરૂ કરવાનો નિર્ણય કરી પાછા આવ્યા. આ અરસામાં હું પણ અમદાવાદમાં



સ્વ. ગજાનન પાઠક : દોઢેક દાયકા પહેલાં

સ્થિર થતો હતો. એ કાળમાં અમદાવાદમાં મકાનોના નકશા ખાસ નિષ્ણાત પાસે કરાવવાનું હજુ કોઇ સમજ્યું નહોતું, અને મોટાં કામોના નકશા તો મુંબાઇથી થઇને આવતા, એટલે ગજુભાઇને એ પ્રથમના દિવસોમાં ગ્રાહકો સાથે બહુ મુશ્કેલી પડતી.

આ સમયે એમણે અમદાવાદમાં છાપખાનું કાઢવાની યોજના વિચારી, અને 'આદિત્ય મુદ્રણાલય'ની સ્થાપનામાં તેમણે તથા શ્રી રામનારાયણભાઇએ મને પણ સાથે લીધો. પરંતુ પાછળથી કાંઇક ગૂંચ લાગતાં મારી મૂડી મને પાછી વાળી હતી. શરૂઆતમાં એમના સૌથી નાના ભાઇ શ્રી પ્રાણજીવન પાઠકે તેનું સંચાલન કર્યું, પણ તેમણે પછીથી તે છોડી દેતાં ગજુભાઇએ એ પ્રેસની બાજુમાં જ ઑફિસ લઇને બંનેનું સંચાલન સંભાળવા માંડ્યું. ત્યાર બાદ એ છાપખાનું વેચી દઇ એમણે સ્વ-વ્યવસાયમાં જ ચિત્ત પરોવ્યું.

પછી તો ધીરેધીરે એમની આવડત, લાયકાત અને શક્તિની લોકોને પિછાન થતાં તેમને સ્થાપત્યરચનાનું કામ મળતું ગયું અને શ્રી શાંતિલાલ મહેતાની સાથે 'પાઠક ઍન્ડ કંપની'ના નામથી સંયુક્ત ધંધો શરૂ કર્યા બાદ કામની ખૂબ સગવડ વધી અને અમદાવાદના જ નહિ પણ ગુજરાતના નિષ્ણાતોમાં તેમની ગણત્રી થવા લાગી.

ધંધાદારી સ્થપતિઓ કે ઇજનેરો પૈકી ઘણા થોડાને સાહિત્યના કે સમાજના ઉત્કર્ષના વિચારો આવે છે. ગજુભાઈ સાહિત્ય, કળા તેમ સામાજિક પ્રવૃત્તિઓની સંસ્થાઓમાં રસપૂર્વક ભાગ લેતા, એટલું જ નહિ, પણ એ ક્ષેત્રોમાં પણ મૌલિક વિચારો દર્શાવી શકતા. એમના જવાથી ગુજરાતની આજની પીઢ પેઢીમાં ગુજરાતની અસ્મિતા-ભર્યા એક તેજસ્વી ને શક્તિશાળી સજ્જનની મોટી ખોટ પડી છે.

ગુજરાત સાહિત્ય સભા (અમદાવાદ) તરફની વાર્ષિક વાઙ્મય-સમીક્ષા

ગુજરાત સાહિત્ય સભા તરફથી કરાવવામાં આવતી વર્ષોવર્ષનાં પ્રકાશનોની સમીક્ષાનું કામ ઈ. ૧૯૫૧ની સાલ માટે શ્રી મધુસૂદન ચીમનલાલ મોદી (ઠે. હીરાબાગ, શાહીબાગ, અમદાવાદ-૪)ને સોંપવામાં આવ્યું છે. લલિત તેમજ લલિતેતર બંને પ્રકારનાં પુસ્તકોની સમીક્ષા તેમને એકલાને જ સોંપાઇ છે. એટલે સાહિત્ય સભાની સૌ લેખકો તથા પ્રકાશકોને વિનતિ છે કે તેઓ એ બંને પ્રકારનાં પોતાનાં પ્રકાશનો, બહાર પડે કે તરત જ ઉપરના સમીક્ષકને મોકલી આભારી કરે, કે જેથી એમના કામમા સરળતા થાય.

મોહનલાલ પટેલની વાર્તા . . .

ડબલ સોપારી



કંડકટરે બસ થોભાવીને કહ્યું: 'બહેન, ઊતરી જાઓ; જગ્યા નથી.' યુવતી સળિયો પકડી પગથિયા ઉપર ઊભી જ રહી. એણે નરમ પડતાં કહ્યું: 'મારે ખૂબ ઉતાવળ છે; લઈ લે ને!'

'પણ અહીં તો કોઇનીય ઉતાવળ ચાલતી નથી. નામ લખાય તો દંડ મારે ભરવો પડે છે. એ વખતે કોઈ આપવા આવતું નથી.'

યુવતીને ખરેખર ઉતાવળ હતી. ઑસ્પિટલમાં એની માતા છેલ્લા શ્વાસ લઈ રહી હતી. એના પિતાએ એને ફોન કરીને ઘેરથી બોલાવી હતી. અત્યારે રીતભાત અને શહેરીપણાનો ખ્યાલ રાખી ઊતરી ગયે પાલવે તેમ નહોતું એણે કન્ડક્ટરને કહ્યું: 'મારે ઑસ્પિટલમાં જવું છે. એક જણ અંતકાળે છે.'

કન્ડક્ટર કાયદા-જડ હતો. એને કોઈના મરવા જીવવાની પરવા હોય એમ જણાતું નહોતું.

આમ ત્રણચાર મિનિટ વહી ગઈ. અંદરના ઉતારુઓ આકળા થયા. એકે કંડક્ટરને કહ્યું: 'એઇ, બધાનો વખત ખરાબ ન કર, ભાઈ.'

બીજાએ કહ્યું: 'લોકો કેવાં જડ હોય છે!' એના કહેવાનો આશય યુવતી હતી. આ સાંભળી યુવતીનો ચહેરો કાળો પડવા લાગ્યો.

એટલામાં બહારથી કોઇનો ખોખરો ઘાંટો સંભળાયો: 'સોપારી ડબલ; બીજું કંઈ નહિ.' એક જણ લીમડા નીચેના ખુમચા આગળ પાન બનાવડાવતો હતો.

અને આ સાંભળી બસના ઉતારુઓમાંનો એક ચમક્યો. એના ચમકવા ઉપર કોઈનું ધ્યાન નહોતું. સફાળો એ ઊભો થયો અને બસમાંથી ઝપાટાબંધ ઊતરી ગયો. કેટલાક એને માનભેર જોઈ રહ્યા. એક તો બબડ્યો પણ ખરો: 'શિવલ્રી!'

કંડક્ટરે યુવતીને અંદર દાખલ થવા દીધી. યુવતીના ચહેરા ઉપર અનેક ભાવો આવ્યા અને ગયા.

બસનાં બધાં ઉતારૂઓએ ધાર્યું હતું કે યુવક યુવતીને ખાતર જ નીચે ઊતરી ગયો. પણ એમ નહોતું. એ એક શિક્ષક હતો અને સામાન્ય નોકરિયાત વર્ગના બાબતમાં બને છે તેમ પચ્ચીસમી તારીખથી જ એનું તથા એના મિત્રોનું ગજવું ખાલી થઈ ગયું હતું. રોજના નિયમ મુજબ સ્કૂલ છૂટ્યા બાદ હૉટેલમાં ચા પીધા પછી હમેશાની ટેવથી અને કંઇક વિચારોના ધૂનમાં તે બસમાં બેસી ગયો. એને ખ્યાલ જ નહોતો કે છેલ્લા આનામાંથી એણે 'ડબલ સોપારી'નું એક પાન ખાઈ લીધું હતું. એવામાં લીમડા નીચેથી 'ડબલ સોપારી' શબ્દો સાંભળતાં એને એના ગજવાની ગંભીરતાનો ખ્યાલ આવ્યો. તત્કાલ એ નીચે ઊતરી ગયો અને પોતે એક મહા આફતમાંથી બચી ગયો હોય એમ પાછા વળીને બસને ઊપડતી જોતાં છુટકારાનો દમ ખેંચ્યો અને મનમાં બબડ્યો: 'હાશ. બચી ગયા! પેલીને કંડક્ટરે લીધી હોત તો મરી ગ્યા'તા! નાતની છોકરી!!'

યુવતી દવાખાને પહોંચી ગઈ. એની માનો આખરી શ્વાસ ચાલતો હતો. પોતે આવી પહોંચી એથી એના મનને કંઈક નિરાંત થઇ. પોતાની ન્યાતના પેલા યુવકનો આ મહદ ઉપકાર સંભારી એનું હૃદય ભરાઈ ગયું. ચાર જ મિનિટ પછી એની માએ દેહ છોડ્યો.

દસેક મહિના બાદ એક દિવસ નિશાળેથી આવતાં શિક્ષકે જોયું કે પડોશીએ કોઈ મહેમાનને ઘર ઉઘાડી આપ્યું છે. એ અંદર દાખલ થયો. એણે મહેમાનને સહેજ ઓળખ્યા. પોતાની ન્યાતના એ ગૃહસ્થ હતા. એમણે ઊભા થઈ શિક્ષકને માન આપ્યું. વિદ્યાર્થીઓ સિવાય પોતાને આમ માન આપનાર એણે પ્રથમ જોયો.

આવનાર માણસે કોઈપણ જાતના સંકોચ વગર સીધી વાત કરી. એ પોતાની પુત્રીનું વેવીશાળ તેની સાથે કરવા આવ્યા હતા. શિક્ષક શા માટે ના પાડે? એકલવાયી જિંદગીથી એ કંટાળી ગયો હતો. પણ કન્યાની મુલાકાત બાદ તેની સંમતિની શરતે શિક્ષકે હા પાડી.

શિક્ષક બે દિવસ બાદ એ ગૃહસ્થને ઘેર ગયા. હસતે મુખે એક યુવતીએ પ્રવેશ કર્યો. અરે! આ તો પેલી જ યુવતી! આવી નજરમાન યુવતી પોતાને પરણવા હા કેમ પાડે છે એની એને નવાઇ થઇ. પોતાની મધ્યમ—સાધારણ સ્થિતિનો અને ભવિષ્યનો પણ શિક્ષકે એને પૂરો ખ્યાલ આપ્યો. પણ યુવતીની વાતોમાં શિક્ષકને માત્ર સંમતિ જ નહિ, ખૂબ સ્નેહ અને મધુરતા પણ જણાયાં.

લગ્ન પછીની પહેલી જ મુલાકાતે યુવતીએ કંઇક પરિચિતની ધીટતાથી શિક્ષકને પ્રશ્ન કર્યો: 'તમારી જિંદગીમાં અણધાર્યું પરિણામ કયું?'

કેવો વિચિત્ર પ્રશ્ન! શિક્ષકે પૂછ્યું: 'એટલે?'

'એટલે કે કોઈ બનાવનું ન ધાર્યું હોય તેવું પરિણામ આવે તે.'

'પહેલાં તારા જીવનમાંથી તું કહે એટલે હું સમજી શકું.'

'ઠીક; હું કહું છું.' કહી યુવતીએ શરૂ કર્યું: 'તે દિવસ યાદ છે?'

'કયો? બસવાળો?'

'હા.'

'તેનું શું?'

'તે દિવસે મારાં બા ખૂબ માંદાં હતાં.'

'હં....'

'તમે મને જગ્યા આપી ન હોત તો મારા જીવનમાં વસવસો રહી જાત; કારણ કે મારા ત્યાં પહોંચ્યા પછી ત્રણચાર મિનિટે જ એણે દેહ છોડ્યો. તમે મને જગ્યા ન આપી હોત...' યુવતી આગળ બોલી ન શકી. થોડી વાર રહી યુવકે પૂછ્યું 'પછી?'

'તે દિવસ બાદ મારા ધ્યાનમાંથી તમે ખસતા જ નહોતા. મેં તમારી બધી ભાળ કાઢેલી.'

શિક્ષક મૂંગો રહ્યો. પત્નીએ આગળ ચલાવ્યું: 'ત્યાર પછી તો મારા બાપુજીએ ઘણા 'છોકરા'ઓ જોયા. પણ મને સૌ ઉછાંછળા અને દંભી લાગતા હતા.'

(અનુસંધાન આગળ પૃ. ૨૮૧મે)

હિંદી કળાના ઈતિહાસમાં ગુજરાતનો ફાળો



આંતરરાષ્ટ્રીય ખ્યાતિના વિદ્વાન કલાવિવેચક ડૉ. ગેઅટ્સના લેખ ઉપરથી
અનુવાદક · **રમણલાલ નાગરજી મહેતા** એમ. એ.

હરેક ગુજરાતીને ગૌરવાન્વિત કરે એવી માહિતી આપતી આ લેખમાળાના આ હપતામાં ગુજરાતની ચિત્રકળાએ તેમજ તેના લાકડકામ તથા પિત્તળકામે હિંદની કળા પર કરેલી અસર ઉદાહરણો સાથે દર્શાવી છે તે ધ્યાનપૂર્વક વાંચવા જેવી છે. ચિત્ર નીચે આપેલી નોંધો પરથી તેનું માર્ગદર્શન મળશે.

ચિત્રકળા તો એ કાળે રાજપુતાનામાં અવિકસિત જ રહી હશે. હસ્તપ્રતો ગુજરાતી હિંદુ-જૈન શૈલીએ ચીતરાતી. મુંબાઈ, બિકાનેર ને દિલ્હીમાંના શ્રી નાનાલાલ ચમનલાલ મહેતાના સંગ્રહના નમૂનામાં, કહેવાતી બગદાદી શૈલીની એકાદી શાખા જેવી ગુજરાતની મુસ્લિમ ઢબની જે કલમ જોવા મળે છે (જે કદાચ દિલ્હીના તઘલખોએ દાખલ કરેલી અને પાછળથી જૈન-ગુજરાતી તથા રાજપુત તત્ત્વોની સહેજસાજ અસર નીચે આવેલી છે) તેની તો, અમદાવાદની સલ્તનત ભાંગી પડ્યા અગાઉ કાંઈ જ અસર પડી જણાતી નથી; અને માળવામાં પણ જે અલ્પજીવી અસર જણાઈ તે તરત જ દક્ખણ (અહમદનગર) ને દિલ્હીની અસરથી ઢંકાઈ ગઈ. છતાં સ્થાનિક લોકશૈલીએ થતું પ્રાથમિક ઢબનું ચિત્રકામ તો રાજપુતાનામાં છેક પંદરમી સદી જેટલું વહેલે સુધી પણ પ્રચલિત હશે. અને એ જ ઘણું કરીને રાણા કુંભાના દરબારમાં રાજપુત શૈલીમાં વિકાસ પામ્યું; અને સોળમી સદીમાં તો એ શૈલી આખા રાજપુતાનામાં સામાન્યરીતે વ્યાપી ગઈ જણાય છે. (જુઓ પાછલે પાને આપેલાં બે ચિત્રો)



ઇ. ૧૨૩૦ની સાલની જૈન શૈલી 'કલ્પસૂત્ર'માંનું આ ચિત્ર આપણી ગુજરાતની જૂનામાં જૂની હિંદુ-જૈન ચિત્રકળાનું ઉદાહરણ છે. નીચેનાં પ્ર.સ.ની ૧૬મી સદીમાં વ્રજભાષી 'બાલગોપાલ સ્તુતિ' નામની પોથીના ચિત્રોમાંના રાજસ્થાની શૈલીમાં ચિત્રો પરથી તૈયાર કરેલાં રેખાંકનો. (ડૉ. મંજુલાલ રણછોડલાલ મજમુદારનો સંગ્રહ)

ગુજરાતની અસર નીચેની આ પ્રાથમિક રાજપુત કળા, આગળ ઉત્તરમાં બે રીતે પ્રસરી: એક તો, તેણે અકબરનાં પાછલાં વર્ષોમાં અને જહાંગીરનાં શરૂઆતનાં વર્ષોમાં મુઘલ કલા પર અસર કરી. છેક ઇ. ૧૫૬૦ સુધી તો મુઘલ કળા શુદ્ધ મધ્ય એશિયાની તૈમુરી કલા જ હતી. ત્યાર પછીના (૧૫૬૧-૭૦ના) દાયકામાં પઠાણોની લોદી અને સુરીની તેમજ માંડુની શૈલી એમાં ભળી. પરંતુ ત્યાર પછીના (૧૫૭૧-૮૦ના) દાયકામાં તો પ્રાથમિક રાજપુત કળા જ તેનો પાયો બની ગઈ અને પછી તેની જ આજુબાજુ નવાં સ્વરૂપો ઊભાં થયાં. પરંતુ તે પણ ફતેહપુર સિક્રીના જોધાબાઇના મહેલના સ્થાપત્યમાં જે શુદ્ધ સ્વરૂપમાં જોવા મળે છે તેવી તો કોઇ જ જગ્યાએ દેખાતી નથી. પછીથી એમાં સીધી ગુજરાતની અસર તો ગૌણ બની ગઈ છે. જોકે ફતેહપુર સિક્રીમાંની સલીમ-ચિશ્તીની કબર સરખેજના રોજા અને ગુજરાતી જૈન મંદિરોના ઘાટ સિવાય અકલ્પ્ય છે.

વળી, અકબરના સમયની ચિત્રશૈલીમાં તો ગુજરાતે સોળમી સદીના ઉત્તરાર્ધની ઉત્તર-રાજપુતાનાની શૈલી મારફતે ચોક્કસ અસર





આ લેખને મથાળે તથા વચ્ચે આપેલાં કલ્પસૂત્રનાં ચિત્રો એ તળ ગુજરાતની પ્રાચીન ચિત્રશૈલી. બદામ ઘાટની મોટી લાંબી આંખો એ તેની ખાસ વિશિષ્ટતા. પાછળથી રાજપુતાનામાં જે રાજસ્થાની શૈલી ખીલી તેમાં આ ગુજરાતી શૈલીના ઘણા અંશો આવ્યા. તેનો નમૂનો ડાબી બાજુ આપ્યો છે. પછી એ શૈલીના ચિત્રકારો રાજપુતાનામાંથી મુઘલ દરબારમાં ગયા એટલે તેમને હાથે, મુઘલોની સાથે આવેલી અસલઈરાની શૈલીમાં આ ગુજરાતી-રાજસ્થાની કલમના ઘણા અંશો સ્વાભાવિકરીતે જ ઊતર્યા. જુઓ આગળ.




ઉપર: પાછળના પાના પર બતાવેલી ગુજરાતી શૈલી પર દિલ્હીના તઘલખોની અસર થઇને જે શૈલી 'અમદાવાદી કલમ' તરીકે થોડો સમય ખીલી તેની અસર પણ રાજસ્થાની કલમ પર પડેલી. ઉપર આપેલું ચિત્ર એવી ગુજરાતી-મારવાડી-રાજપુત શૈલીનું છે. તે ઈ. ૧૫૮૦ના ગાળામાં મારવાડમાં ચીતરાએલા 'ભાગવત પુરાણ'માંથી કૃષ્ણના બાલજીવનનો પ્રસંગ છે. નીચે: રાજપુતાનાની તળપદી લોકશૈલીનું ઉદાહરણ: ઈ. ૧૫૧૦માં ચીતરાએલી 'મેઘદૂત'ની પ્રતમાંથી. આંખોમાં ગુજરાતી અસર સ્પષ્ટ છે. (ફોટો ડૉ. ગચ્યટ્સના સૌજન્યથી)

ી જ છે. જોકે એ શૈલીએ ખાસ કરીને સ્ત્રીની આકૃતિમાં માળવા ને વિજયનગરની અસર ઝીલી છે. વિજયનગરની શૈલી અહમદ-ારથી આ તરફ આવેલા કલાકારોએ દાખલ કરેલી. પણ એના પર ીધી ને પ્રત્યક્ષ અસર તો ગુજરાતની હિંદુ-જૈન શૈલીમાં તૈયાર ેલા ચિત્રકારોની જ પડી છે; અમદાવાદની ઇસ્લામી શૈલીની નહિ.



પણ પછી જહાંગીરના રાજ્યકાળનાં પાછલાં વર્ષોમાં જ્યારે 'શાહી' મુઘલ કલમ ઉદ્ભવી ત્યારે અસરોનો પ્રવાહ ઉલટાયો. પછી તો રાજપુતાના જ મુઘલ અસર તળે વધુ ને વધુ આવતું ગયું અને ૧૮મી સદીની શરૂઆતમાં તો મુઘલ કળાના આ આક્રમણ આગળ રાજપુતાના અને બુંદેલખંડમાંથી જૂની રાજપુત કળા તદ્દન અદ્દશ્ય થઇ ગઈ. એ નવી અંગીકારાએલી મુઘલ શૈલી અને દિલ્હીની કલામાં એટલો જ ફેર રહ્યો કે તે દિલ્હી કરતાં આશરે પચાસ વર્ષ પાછળ રહેતી. પણ આને બદલે જૂની રાજપુત કલા ત્યાંથી વધારે ઉત્તરમાં પંજાબ તથા હિમાલય તરફ ગઇ. ૧૫મી-૧૬મી સદીથી રાજપુતાનામાં કૃષ્ણભક્તિનો પ્રચાર થયો અને ખાસ કરીને સ્ત્રીઓમાં એ ભક્તિ વધારે પ્રસરી. મથુરાની આજુબાજુનો વ્રજ-વૃંદાવનનો પ્રદેશ એ કૃષ્ણભક્તિનું મુખ્ય કેન્દ્ર હતું, અને અકબર તથા જહાંગીરના યુગમાં અંબેરના રાજા ભગવાનદાસ તથા માનસિંહે તેમજ ઓરછાના રાજા વીરસિંહદેવે મથુરા વૃન્દાવન અને ગોવર્ધનમાં ઘણાં મંદિરો જૂની રાજપુત શૈલીમાં બંધાવ્યા હતાં. આ શૈલીની, પછી સોળમી સદીના અંતભાગમાં નૂરપુરના રાજા વાસુદેવે કૃષ્ણમંદિરમાં નકલ કરી. એનું ગર્ભગૃહ સેજકપુર અથવા સરનેલનાં મંદિર જેવું તારક આકૃતિનું હતું. આ મંદિરનો જહાંગીરે ઈ. સ. ૧૬૧૩ના બંડ પછી નાશ કર્યો, પણ એના આ પ્રયોગની પછી ત્યાં કોઇ નકલ થઇ નહિ; કેમકે કેટલાંક મુઘલ સુશોભનો સિવાય પંજાબી હિમાલયનાં મંદિરો તો ત્યાંની સ્થાનિક મધ્યકાલીન મંદિરોની શૈલીમાં જ બંધાયાં છે.

પરંતુ ચિત્રકલામાં આવી કોઈ સ્થાનિક પરંપરા ત્યાં ન હતી. એટલે જે રાજસ્થાની ચિત્રકારો મુઘલ શૈલી અપનાવી ન શક્યા યા તો જેમને મુઘલ ચિત્રકારોને રાખવા માટે બરતરફ કરવામાં આવ્યા તે બધાને પંજાબી હિમાલયનાં રાજ્યો, નૂરપુર, બસોહલી, મંડી, ચંબા,



ત્રણ તબક્કા


ઉપર ડાબી બાજુ: મુઘલોએ પોતાની સાથે આણેલી શુદ્ધ ઈરાની-તૈમુરી કલમનો નમૂનો. તેમાં, રાજપુત કલાકારોને લીધે ગુજરાતી શૈલી-વાળી રાજપુત કલમના અંશો ભળીને મુઘલ શૈલી ખીલી તેનો નમૂનો જમણી બાજુ છેલ્લે નૂરજહાંના ચિત્રમાં જોવા મળે છે. વચ્ચે છે તે ત્યાર પછી સફાઇમાં ખીલતી આવેલી રાજપુત કલમનો નમૂનો. એ કલમનાં બે વિકાસ-પગથિયાં દર્શાવતાં સુંદર ચિત્રો પાછલાં પૃષ્ઠમાં.

કુલુ વગેરેમાં આદરપૂર્વક આશ્રય મળ્યો. સંભવ છે કે એ બધા ચિત્રકારોનો સંપર્ક એ રાજાઓને દિલ્હીના શાહી દરબારમાં જવા આવવાને કારણે જ થયો હશે. આમ, આખી સત્તરમી સદી દરમિયાન બસોહલી કલમે જૂની રાજપુત કલાની એક શાખા તો ચાલુ રાખી. એ શૈલીએ પાછલા મધ્યકાલીન ગુજરાતની કલાના ઘણા લાક્ષણિક અંશો અપનાવ્યા હતા, એમ બિકાનેર રાજ્યના ચિત્રસંગ્રહોમાંનાં રાજસ્થાની ચિત્રો પરથી સ્પષ્ટ જણાય છે.

આ દરમ્યાન વળી ગુજરાતમાંથી રાજપુતાનામાં દાખલ થએલી શૈલીને અસર કરનાર લોકકલાનાં નવાં તત્ત્વો ગુજરાતમાં કામ કરતાં હતાં. પણ એ તત્ત્વોની અસર જુદી જ પડતી હતી. ગુજરાતમાં હજી જૂની મધ્યકાલીન શૈલી એટલા પૂરતી તો સજીવ હતી કે તે ચિત્રરચના અને રૂપ-લક્ષણોના પરંપરાગત નિયમો તો પેઢી ઉતાર વંશજોને આપ્યા કરતી આવતી હતી. પરંતુ એક સમાજની કલાનો પ્રાણ બીજા સમાજમાં સંક્રાન્ત ન થઈ શકે. તેથી મધ્યકાલીન પ્રણાલિકાનું સૌંદર્યદર્શન ત્યાં પણ રાજપુતાનાની રીતે જ વિકસ્યું. અલબત્ત, રાજપુતાના કરતાં તે વધારે સમૃદ્ધ અને ચિંતનયુક્ત થયું. પણ ગુજરાતી ચિત્રકારોની કોઈ ખાસ નવી શૈલી નિર્માણ ન થઇ, તળ અમદાવાદની પ્રાચીન શૈલી તો અમદાવાદના શરૂઆતના મુઘલ સુબાઓના સમયમાં જ અકબરી કલમમાં તાલીમ પામેલા ચિત્રકારોની અસરથી હતી ન હતી થઇ ગઇ હતી. બાકી રહી પંદરમી સદીની હિંદુ-જૈન શૈલી. શરૂશરૂમાં એ એક ફૅશનબલ પ્રથા તરીકે ચાલુ રહી; પણ ત્યાર પછી તેની યે પડતી થઇ અને આખરે તેનું સ્થાન પણ મુઘલ શૈલીએ લીધું. તેમ છતાં તેમાં કેટલીક જૂની ખાસિયતો (દાખલા તરીકે બહાર નીકળી પડતી આંખો)નું અસ્તિત્વ ટક્યું હતું પરંતુ શિલ્પમાં ગુજરાતની સ્થિતિ જુદી હતી. મુઘલોનું શોભન-શિલ્પ જેમ સામાન્ય કક્ષાનું જ રહ્યું અને રાજપુતાનાનું પ્રાથમિક દશામાં જ પડ્યું રહ્યું એવું ગુજરાતમાં ન થયું. એનું શિલ્પ મરી પરવાર્યું ન હતું. હવે રાજપુત કલાના જેવી જ સામાજિક અસરો હેઠળ આવવાથી ગુજરાતનું લાકડકામ તથા પિત્તળકામ ઘણું




છેલ્લી ગુજરાતી ચિત્રશૈલીનો નમૂનો: સંવત ૧૭૭૨માં સુરતમાં ચીતરાએલી 'દુર્ગાસપ્તશતી'ની પ્રતમાંનું એક ચિત્ર: માર્કંડેય અને સુરથ રાજા. એમાં જૂની મધ્યકાલીન શૈલીની ચિત્રરચના અને રૂપલક્ષણો સાથે આલેખન સફાઈદાર, સમૃદ્ધ અને ચિંતનયુક્ત થયું છે; પણ આ પછી ગુજરાતમાં કોઈ નવી ચિત્રશૈલી સર્જાઈ નહિ.



રાજપુત ચિત્રકળાનું જોડિયું હોય એવા લાલિત્યપૂર્વક વિકસ્યું. ગુજરાતનાં મંદિરો તેમજ ઘરોનું એકાળનું લાકડકામ —ખાસ કરીને બ્રૅકેટો (પોખરા)ને ઝરૂખાઓ તો બેનમૂન છે.

પણ સતરમી સદીમાં જેમજેમ રાજપુતાના મુઘલ અસર હેઠળ વધુ ને વધુ આવતું ગયું તેમતેમ ગુજરાતની કલાની અસર ત્યાંથી નાબૂદ થઈ. પાછલા કાળનું રાજપુત શિલ્પ તો રાજપુત ચિત્રોમાંથી જ સ્વતંત્ર રીતે ઊગી નીકળ્યું. પરંતુ ગુજરાતનું લાકડકામ હવે એક બીજું ક્ષેત્ર કબજે કરવાનું હતું: મહારાષ્ટ્ર. છેક પેશ્વાઓના સમય સુધી મરાઠા સંસ્કૃતિ કેવળ ગ્રામ-સંસ્કૃતિ હતી. દક્ષિણી, મુસલમાની અને મુઘલ કલાનાં જે અંગો શિવાજી તથા પહેલા પેશ્વાઓએ સ્વીકાર્યાં હતાં તે માત્ર ઉપરછલ્લા રોગાન જેવાં જ હતાં. પણ બાલાજી બાજીરાવ અને બે માધવરાવોના સમયમાં એક સાચી મરાઠા શૈલી, શીલાહાર, કાકટીય, દક્ષિણી મુસલમાની અને ખાસ તો પાછલા કાળની રાજપુત શૈલીના મિશ્રણથી ઉત્પન્ન થઈ. તેમ છતાં પથ્થરના ચોતરા પર ઇંટ કે કાંકરેટની ભીંતોવાળું લાકડાંનાં મકાનોનું તળપદું સ્થાપત્ય તો ચાલુ જ રહ્યું હતું, એટલે મરાઠા મહાલયો અને રાજપ્રાસાદોમાં લાકડાંના સુશોભન માટે ગુજરાતી શૈલી અપનાવી લેવી બહુ સુગમ થઇ પડી. અને સોલંકી કલાકારોએ કાઢેલા તથા શરૂશરૂમાં થોડો વખત રાજપુતાનામાં પણ ચાલુ થએલા બ્રૅકેટો (પોખરાઓ) પૂના તેમજ તેની ઉત્તરના મુલકની મરાઠા કળામાં દાખલ થયા. ઘરના સ્થાપત્યમાંથી પછી તેણે નાસિક, મહેશ્વર અને નાગપુર વગેરેનાં મંદિરનાં સ્થાપત્યોમાં પણ પ્રવેશ કર્યો, કેમકે મધ્યકાલીન દખ્ખણમાં પણ એવા પોખરાઓનો ઉપયોગ અજાણ્યો તો નહોતો જ. અને પછી તો મરાઠાઓની હકૂમત દરમ્યાન ગુજરાતનું એ કાષ્ઠશિલ્પ હિંદનાં પ્રખ્યાત (જુઓ પૃ. ૨૭૯મે)

૩૫૪: રાધાકૃષ્ણ (બસોહલી કલમ) મુઘલ દરબારોમાંથી જે રાજસ્થાની ચિત્રકારો મુઘલ શૈલી અપનાવી ન શક્યા, યા તો મુઘલ ચિત્રકારોને રાખવા માટે જેમને રજા આપવામાં આવી, તે બધાને પંજાબી હિમાલયનાં રાજ્યોમાં આશ્રય મળ્યો. એ પૈકી બસોહલી રાજ્યમાં ખીલેલી બસોહલી કલમે તો આખી ૧૭મી સદી દરમ્યાન જૂની રાજપુત કલાની એક શાખા ચાલુ રાખી. એમાં પાછલી મધ્યકાલીન ગુજરાતી કલાના ત્રારેખાં વધારે અંશો હતા, તે ઉપરના ચિત્ર ઉપરથી જણાશે. નીચે: ગુજરાતના લાકડકામનો નમૂનો (ફોટો: ડૉ. હરમાન ગ્રાઅટ્સ)



આપણા શરીરયંત્રને ચાલુ રાખનાર
એન્જિનનું કામ કરતી


હોજરી

અને ગ્રહણી

હોજરીમાં ખોરાકનું પાચન થાય છે એ તો સૌ જાણે છે; પણ ખાતાં ડચૂરો શાથી બાઝે છે, કે છાતી શાથી બળે છે; ઓડકાર કેમ આવે છે કે ગચરકા શા કારણે આવે છે તે જાણો છો? આપણી પાચનક્રિયાને ખરેખરી સમજવા–અને પરિણામે સાચું આરોગ્ય પ્રાપ્ત કરવા–આ બધું જાણવાની જરૂર છે.

કાયાની કરામત : હપતો ૧૧

લેખક
ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી




આડી પડેલી મસકના આકારની આપણી હોજરીનાં બે દ્વાર અને ત્રણ ભાગ આ ચિત્રમાં બતાવ્યાં છે. ઉપલો ભાગ 'કુહર' ખાલી રહે છે, જેમાં માત્ર વધારાની હવા ભરાઈને ઓડકાર વાટે બહાર નીકળી જાય છે. વચલા ભાગ 'અંગ'માં, ઉપરના આમાશય દ્વારમાંથી ખોરાક આવીને પચવા માંડે છે, ને હોજરીના સતત હલનચલનથી પચતો જાય તેમ ખસતો જઈને નીચે 'જઠરાધોમુખ'માં આવે છે. અહીં હોજરીનું હલનચલન એટલું તીવ્ર હોય છે કે તે પચેલો ખોરાક(આમરસ)હોજરીમાંથી મુદ્રિકાદ્વાર મારફત બહાર નીકળી આગળ 'ગ્રહણી'માં જાય છે. આપણી હોજરી સંકોચાઈને પડેલી દૃઢ માંસપેશીઓની બનેલી છે. તે સ્થિતિસ્થાપક હોવાથી જેમજેમ ખોરાક અંદર વધતો જાય છે તેમતેમ ફૂલીને મોટી થતી જાય છે. હોજરીના પડ ઉપર લાખો ગ્રંથીઓની બનેલી શ્લેષ્મકળા (મ્યૂકસ મેમ્બ્રેઈન્સ) આવેલી છે, જેમાંથી જઠર-રસ છૂટીને ખોરાકને પચાવે છે. જઠરરસ ભરેલી ગ્રંથીઓવાળી એ શ્લેષ્મ કળાની રચના કેવી હોય છે તે દર્શાવવા માટે, સંકોચાઈને પડેલી હોજરીની એક 'કરચલી'ને ઉપરના ડાબા ખૂણાના વર્તુલમાં ખૂબ મોટી કરીને બતાવી છે. તેના પર પડ તરીકે લોહીની બારીક નસો 'કેશવાહિનીઓ' હોય છે તે જમણી બાજુથી લીટા કરીને દર્શાવી છે. ડાબી બાજુએથી લીટીઓ કરીને દર્શાવેલી ગ્રંથીઓમાંથી પાચક રસનું એકએક ટીપું દર વખતે સ્રવે છે.

છાતી અને પેટનાં પોલાણો(cavities)ને જુદાં પાડતો 'ઉદરપટલ' નામનો માંસપેશીનો એક પાતળો પડદો આડો આવેલો છે. રકાબી ઊંધી પાડી હોય એવા આકારનો એ હોય છે. એને ભેદીને અન્નનળી પેટના પોલાણમાં ઊતરે છે અને ત્યાં તે પહોળી બનીને મશકનો આકાર ધારણ કરે છે. તે હોજરી (stomach જઠર : આમાશય) કહેવાય છે. તેનો પહોળો ભાગ ડાબા પડખે, ઉદરપટલને અડકીને જ, પાંસળાંની અંદર, હૃદયની નીચે આવેલો છે; અને સાંકડો ભાગ જમણા પડખા ભણી જરા નીચે ઢળતો ગોઠવાએલો છે. હૃદય અને હોજરી બંને ઉપરનીચે એટલાં જોડાજોડ આવેલાં છે કે હોજરીમાં પેદા થતાં વાયુને લીધે, ત્યાં પીડા અનુભવવાને બદલે, ઘણીવાર દરદી હૃદયમાં જ પીડા અનુભવે છે.

હોજરીની કોથળી માંસપેશીઓની બનેલી છે. વનસ્પત્યાહારી પ્રાણીઓની તેમજ પક્ષીઓની હોજરી ઘટ્ટ માંસપેશીઓની બનેલી છે કારણ કે ત્યાં તેને ખોરાકને 'દળવાનું' પણ કામ કરવાનું હોય છે. હોજરીનાં કાર્ય બે : ખોરાક પચાવવાનું અને તેને સંઘરવાનું. જાણે કે અન્નની ટાંકી. હોજરીમાં સામાન્યરીતે ત્રણથી પાંચ પાઈન્ટ જેટલો ખોરાક સમાય છે; એટલે આપણે આખા દિવસની જરૂરિયાત માટેનો ખોરાક બે કે ત્રણ ટંક ખાવો પડે છે. અન્નની ટાંકી રૂપ આ હોજરીમાંથી પાચન થએલો ખોરાક થોડા થોડા સમયને આંતરે થોડા થોડા પ્રમાણમાં આંતરડાંમાં જાય છે.

હોજરીમાં આવેલો કે સંઘરાએલો ખોરાક હોજરીના ઉપરના છેડે આવેલી અન્નનળીમાં પાછો ના જાય, તેમજ તેની નીચેના છેડે જોડાએલા આંતરડામાં અણઘટતી ઉતાવળથી ઊતરી ન પડે તે માટે એ બન્ને છેડાઓ ઉપર ગોળાકાર માંસપેશીઓના બનેલા 'સંકોચકો' (દ્વારો-Sphincters) આવેલા છે. ઉપરના સંકોચકનું નામ 'આમાશય દ્વાર' અને નીચેનાનું 'મુદ્રિકાદ્વાર' (Pylorus). આ સંકોચકો ખૂબ સખતરીતે બીડાએલા રહે છે. ફક્ત ખાતી-પીતી વખતે જ્યારે કોળિયો નીચે આવે ત્યારે જ અને તેટલા પૂરતું જ આમાશયદ્વાર ખુલ્લું થાય છે અને પછી તરત બંધ થઇ જાય છે. મુદ્રિકાદ્વારનું પણ આમ જ થાય છે. કોઇ કઠણ પદાર્થ ખાધો હોય કે દાહક અને તમતમતું પીણું પીધું હોય ત્યારે આમાશયદ્વાર તરત ખુલતું નથી, પણ રક્ષકની જેમ હાનિકારક ચીજોને હોજરીમાં જતી રોકે છે. આથી જ્યાં સુધી આમાશયદ્વાર ન ખુલે ત્યાં સુધી અન્નનળીમાં અને



ગ્રહણીમાં ખૂલતું પિત્તનલિકા અને અગ્ન્યાશય-નલિકાનું છિદ્ર

હોજરીમાંથી 'ગ્રહણી'મા (નાના આંતરડાના મથાળાના ભાગ-ડ્યુઓડીનમ-મા) ખોરાકનો પચેલો આમરસ આવે છે. એ ગ્રહણી દસ ઇંચ લાંબી હોય છે અને આપણા શરીરની મુખ્ય પાચનગ્રંથી 'પૅન્ક્રીઆસ' (=અગ્ન્યાશય)ને ઘોડાની ખરીના આકારે વીંટાઈને પડેલી હોય છે. તેનું ચિત્ર ઉપર આપ્યું છે. ગ્રહણી (નાના આંતરડા)મા બે અવયવોનો રસ ઝરે છે: એક પૅન્ક્રીઆસ (અગ્ન્યાશય અથવા સ્વાદુપિંડ)માંથી, અને બીજો યકૃત (લીવર)માથી. યકૃતમાથી આવતા રસની સાથે પિત્તાશયમાંથી પિત્ત પણ ભળે છે. (પિત્તનો રંગ લીલો હોય છે એ તો આપણે સૌ જાણીએ છીએ.) એ રસો બંને સ્થળેથી જે નળીઓ વાટે આવે છે તે નલિકાઓ ઉપરના ચિત્રમા દર્શાવી છે: પિત્તનલિકા ઉપરથી આવે છે, અને અગ્ન્યાશય નલિકા પૅન્ક્રીઆસમાંથી આવે છે. વળી, એ બને નળીઓનું મો એક થઇને ગ્રહણી (નાના આંતરડામા) કેવી રીતે પડે છે તે દર્શાવવા, ગ્રહણીના એટલા ભાગને કાપીને અંદરનું દૃશ્ય પણ નીચે ડાબી બાજુએ બતાવ્યું છે.

ગળામાં ભાર કે ડચૂરો બાઝ્યાની તથા દાહની વેદના ઊભી થાય છે.

વર્ણન ખાતર હોજરીના ત્રણ ભાગ પાડવાનાં આવ્યા છે: (૧) ઉદરપટલની નીચેના પહોળા ગોળાકાર ભાગને કુહર (fundus), (૨) વચલા ભાગને અંગ(body) અને (૩) સાંકડા બનતા ભાગને જઠરાધોમુખ (pylorus) કહેવામાં આવે છે. કુહર સદા ખાલી રહે છે. ખોરાક ચાવતી વખતે પેટમાં સાથે ગએલી હવા અગર તો ખોરાકમાંથી કે સોડા-લેમન જેવાં પીણાંથી પેદા થએલો વાયુગૅસ તેમાં સંઘરાય છે. આ વાયુ ઓડકાર રૂપે બહાર નીકળે છે.

હોજરીની આ કોથળી સામાન્યરીતે બીડાએલી રહે છે. જેમ-જેમ ખોરાક અંદર જાય તેમતેમ તે ચારે બાજુએથી એકસરખી (અને મૂળ આકાર કાયમ રાખીને) ફૂલે છે. રબ્બરનો ફુગ્ગો જ જોઇ લો! બીજી માંસપેશીઓની જેમ હોજરીની માંસપેશીઓ પણ સુદૃઢતાવાળી છે. અને સ્થિતિસ્થાપક પણ છે. જો આમ ના હોત તો ખોરાકના વજનથી તે લચી પડત. સામાન્ય રીતે તો હોજરી દોઢ જ પાઈન્ટ ખોરાક સમાવી શકે તેમ છે, પણ એનાથી બે કે ત્રણ ગણો વધારે જથ્થો સમાવવા એ વિસ્તરી શકે એમ છે. પણ આ રીતે કાયમ વધારેપડતું ખાઇખાઇને જે વ્યક્તિની હોજરીની સુદૃઢતા નાબુદ થઇ ગઈ હોય છે તેની હોજરી ખાધા પછી છેક પેડુ સુધી લચી પડે છે.

હોજરીમાં ખોરાક જેમતેમ નથી આવી પડતો, પણ તે થરબંધ ગોઠવાયછે. પ્રથમ તો ખોરાક આવીને હોજરીની નીચલી દીવાલ ઉપર બધે પથરાઇ જાય છે. પછી જેમ વધુ ખોરાક આવતો જાય તેમ તેનાં પડ ઉપર પડ પથરાતાં જાય છે. આ પ્રમાણે ખોરાકના પથરાતા થરોમાં છેલ્લો ખોરાક સૌથી ઉપર હોય છે.

હોજરીમાં ખોરાક આવે એટલે તરત જ જઠર-રસ (Gastric juice) સ્રવવા માંડે છે. તેનાથી ઉત્તેજના પામી હોજરીની દીવાલોમાં આકુંચન-લહરી શરૂ થાય છે અને દરિયાનાં મોજાંની ગતિની જેમ તે હાલવા માંડે છે. જાણે કે વલોણાનો રવૈયો ફરવા માંડયો! ફેરમાત્ર એટલો કે હોજરીનો રવૈયો પદાર્થને છાતી ઉપર લઇ ફરે છે.

આકુંચન-લહરી કુહરથી શરૂ થઈ, અંગ ઉપર આવી, જઠરાધોમુખ આગળ શમે છે. શરૂઆત તો ધીમી હોય છે, પણ પાછીથી તે ગતિ પકડે છે. જઠરાધોમુખ આગળ તે એટલી તો પ્રબળ હોય છે કે તેને 'ઘંટી' કહેવામાં આવે છે. અન્નભોજી પક્ષીઓમાં જઠરની ઘટ્ટ માંસપેશીઓનું થતું આવું આકુંચન તેના ખોરાકમાં આવેલાં કઠણ બીઆંને દળવાનું અને ભુક્કો કરવાનું કામ કરે છે. આની સરખામણીમાં તો માનવી અને સ્તનપાયી (ધાવતાં) પ્રાણીઓની હોજરીની ગતિ ને બળ બહુ શિથિલ લેખાય.

ગયા હપતામાં આપણે જોયું તેમ ચાવવાથી અર્ધું પ્રવાહીબનીને અન્નનળીવાટે હોજરીમાં આવતો ખોરાક આ આકુંચન-લહરીથી ખૂબ વલોવાય છે. મોંમાંથી લોચા રૂપે આવેલો ખોરાક છૂટો પડે છે અને તેમાં જઠર-રસ ભળે છે. એ જઠર-રસ જો પૂરેપૂરીરીતે ભળે તો જ તેની રાસાયનિક ક્રિયા પૂર્ણપણે સધાય.

એ જઠર-રસને વહેવડાવે છે હોજરીની શ્લેષ્મકળા (mucuos membrane)માં આવેલી ગ્રંથીઓ. તેની સંખ્યા લાખોની છે. સૂક્ષ્મદર્શકયંત્ર નીચે તેનો દેખાવ ફાઉન્ટનપેન જેવો દેખાય છે. આમાંથી દરરોજ દસથી વીસ પાઈન્ટ જેટલો જઠર-રસ સ્રવે છે! એ જઠર-રસ આમ્લિક (Acidic) છે. તેના ઘટકોમાં ૯૪ ટકા પાણી, ક્ષારો ૦.૨ ટકા હાઈડ્રોક્લોરીક ઍસિડ (તેજાબ) અને પેપ્સીન તથા રેનીન નામનાં આથવણો છે.

આ આથવણોને કામ કરવા માટે ૧૦૦ અંશ ફેરનહાઇટ જેટલી ગરમી તો જોઇએ જ. આથી વધુ કે ઓછી ગરમીમાં એ આથવણો કાં તો નાશ પામે છે યા તેમનું કાર્ય મંદ પડે છે. એટલા માટે ખાતી વખતે આપણા આખા અન્ન-માર્ગનું ઉષ્ણતામાન ૧૦૦ અંશ ફેરનહાઇટ જેટલું થઈ જાય છે. વળી આ આથવણોનું કાર્ય આમ્લિક (તેજાબના) ગુણવાળા માધ્યમમાં જ થાય છે. ગયે વખતે આપણે જોઇ ગયા કે થૂંકમાંનું ટાયલીન પણ એક પ્રકારનું આથવણ જ છે અને તે અલ્કલ ગુણયુક્ત (alkaline) થૂંકમાં જ કાર્ય કરી શકે છે. આવી જ રીતે જઠર-રસનાં આથવણો (તેજાબના) પુષ્કળ આમ્લિક(acidic) માધ્ય-

ગમાંજ કામ કરી શકે છે. તે કેવી રીતે એ જોઈએ.

કોષોમાંથી ઝરેલું પેપ્સીન નામનું આથવણ પોતે તો નિષ્ક્રિય રૂપમાં જ હોય છે. પણ હાઈડ્રોક્લોરિક ઍસિડ જેવા ઉત્તેજકના સંસર્ગમાં આવતાંવેંત જ તે સક્રિય બને છે.

આ ઉપરાંત એ ઍસિડ બીજાં પણ બે કામ કરે છે: એક તો હોજરીની દીવાલને તથા નજીકના બીજા અવયવોને (ગ્રહણી, યકૃત, અગ્ન્યાશય વગેરેને) તે ઉત્તેજે છે, કે જેથી તેમાંથી પણ રસો છૂટે છે. આથી યે મોટું બીજું તેનું કામ તો જંતુઓનો નાશ કરવાનું છે. ખોરાક સાથે લાખો જીવાણુઓને આપણે પેટમાં નાખીએ છીએ, પણ ત્યાં આ તેજાબના સાગરમાં તેમનો નાશ થાય છે.

પેપ્સીન આથવણ ઍસિડના સંસર્ગમાં આવીને તરત પાચન શરૂ કરે છે. પ્રથમ તો પ્રોટીનના અણુઓ તૂટીને આલ્બ્યુમોસીસ બને છે. પછી તેમાંથી પેપ્ટોનમાં તેનું રૂપાંતર થાય છે. આ રૂપમાં તે શરીરમાં શોષાવા લાયક બને છે. આમ પ્રોટીન રૂપે હોજરીમાં પ્રવેશેલો ખોરાક પેપ્ટોન રૂપ પામીને હોજરીની બહાર નીકળી આંતરડાંમાં જાય છે.

રેનીન નામનું આથવણ ફક્ત દૂધના પાચન માટે જ કુદરતે યોજેલું છે અને તે સ્તનપાયી (ધાવતાં) વંશનાં પ્રાણીઓમાં જ હોય છે. ધાવતાં બાળકોની વૃદ્ધિ માટે આહારમાં વધુ પ્રમાણમાં જતું ગાનું ધાવણ બરાબર રીતે પચાવવા માટે બીજાં ખાસ આથવણો પણ હોય છે. બધાં દૂધમાં કેસીનોજેન નામનું એક પ્રોટીન હોય છે. તેને રેનીન તોડી નાખીને બે નાના પ્રોટીન અણુઓ પેદા કરે છે: પૅરા કેસીન ને વ્હે-પ્રોટીન. એમાંનું પૅરા કેસીન તે દૂધના કૅલ્શ્યમ સાથે ભળી જઈને પનીર બને છે. કોઇવાર ધાવેલું બાળક ઑકે છે ત્યારે ફોદા જેવાં 'દૂધનાં કોકડાં' નીકળે છે તે એ જ. બીજી એક જાતનું આથવણ વળી દૂધમાંની ચરબીને પચાવે છે. ખોરાકમાં બીજી જાતની ચરબી પણ હોય છે, પણ એમાંથી માત્ર દૂધની જ ચરબી હોજરીમાં પચે છે.

ખોરાકમાં ચરબી જો વધુ પ્રમાણમાં હોય તો તે હોજરીમાંની પાચનક્રિયાને અંતરાય રૂપ થઈ પડે છે, કેમકે ચરબીનું પડ ખોરાક ઉપર ફરી વળે છે, અને તેથી જઠર-રસ ખોરાક સાથે સહેલાઇથી ભળી શકતો નથી. પરિણામે વધારે ચરબીવાળો–ઘી તેલવાળો તથા તળેલો ખોરાક જલદી પચતો નથી અને લાંબા વખત સુધી હોજરીમાં પડી રહે છે. એને આપણે 'ભારે ખોરાક' કહીએ છીએ તે આ કારણથી જ.

ઉપર જણાવેલાં બે આથવણો ઉપરાંત જીવાણુઓ પણ પાચનક્રિયામાં થોડી મદદ કરે છે. તેમના કાર્યથી કાર્બોહાઈડ્રેટ પદાર્થો તૂટે છે અને તે વાયુ તથા લેક્ટીક ઍસિડ જેવા ઍસિડોમાં પરિણમે છે. પણ જીવાણુઓનું આ કામ ત્યાં થોડા સમય પૂરતું જ ચાલે છે, કારણ કે જઠર-રસ સ્રવતાં જ તેમનો નાશ થાય છે.


ખોરાકોનો હોજરીમાં રહેવાનો સમય, પણ તેમની જાતના પ્રમાણમાં ઓછોવત્તો હોય છે. પ્રોટીન પદાર્થો કાર્બોહાઇડ્રેટ પદાર્થો કરતાં બમણા સમય સુધી હોજરીમાં રહે છે, અને ચરબી તો એ કરતાં પણ વધારે. કાર્બોહાઇડ્રેટો એકથી દોઢ કલાકમાં હોજરી છોડી આંતરડાં ભણી જાય છે, પણ પ્રોટીનો દોઢથી ત્રણ-ચાર કલાક સુધી ત્યાં રહે છે. સામાન્યરીતે હલકો ખોરાક અઢી કલાક પછી અને ભારે ખોરાક ચારથી છ કલાક બાદ હોજરી છોડી આંતરડાંમાં જાય છે.

ખોરાકના આ પ્રકાર સિવાય બીજી પણ કેટલીક બાબતો હોજરીની પાચનક્રિયા ઉપર અસર કરે છે. તેમાંની બે મુખ્ય તે (૧) સાચી ભૂખ અને (૨) સારીરીતે રાંધેલો ભૂખને ઉત્તેજે એવો ખોરાક. 'ભૂખ એ પ્રાણીજીવન સાથે સંકળાએલી, પીડા ઉપજાવે એવી આનુવંશિક વૃત્તિ છે. જ્યારે પેટ ભરેલું હોય તો પણ ફરસાણ કે મઘમઘતી અને સ્વાદિષ્ટ વાની ખાવાની લાલસા થાય એ ખાઉધરવેડા છે. ખાઉધરવેડાની ટેવ અનુભવ અને પ્રજ્ઞાથી બદલી શકાય છે.'

ખોરાક ચાવવાની જેટલી અગત્ય અને મહત્તા છે એટલી જ અગત્ય ખાતી વખતે મનને પ્રસન્ન રાખવાની પણ છે.

લાળગ્રંથીઓની પેઠે હોજરીની ગ્રંથીઓ પણ આપણને ખાવાની ઈચ્છા થતાં તથા ખોરાકનું દર્શન કે સુગંધ જોઈ–સ્વીકારી તરત જ સ્રવવા માંડે છે. આટલી જ પ્રબળ અસર આનંદ અને પ્રસન્નતા જેવી મનની વૃત્તિઓની પણ છે. સાચી ભૂખ સાથે ખરા આનંદથી

કુદરતીરીતે તો આપણી હોજરીને ડાબે આપણું કાળજું (લીવર-યકૃત) પડેલું હોય છે, તે દર્શાવવા, તેને હોજરી ઉપરથી ઊંચકી લઈને નીચેથી હોજરી બતાવી હોય એવી આકૃતિ આ નીચે આપી છે. તેમા હોજરી ઉપરાંત, તેના અનુસંધાનમાં ગ્રહણી (ડ્યૂઓડીનમ=નાના આંતરડાનો મથાળાનો ભાગ), તથા એ ગ્રહણીમાં પાચકરસ ઝરાવતા પૅન્ક્રીઆસ તેમજ પિત્તાશય પણ બતાવ્યાં છે; સાથોસાથ મોટા આંતરડાનો ભાગ પણ બતાવ્યો છે.



જ્યારે ખાતા હોઇએ ત્યારે પુષ્કળ પ્રમાણમાં જઠર-રસ છૂટે છે. આથી ઊલટું ક્રોધ, ભય, શોક, વ્યાકુળતા, ડર વગેરે મનની ક્ષુબ્ધ વૃત્તિઓથી, અથવા થાક અને અતિશ્રમ વખતે હોજરીની ગ્રંથીઓ સંકોચને પામે છે અને જઠર-રસ બરાબર છૂટતો નથી. પરિણામે પાચનક્રિયામાં અવરોધ પ્રગટે છે. માટે તદ્દન વિચાર-મુક્ત બનીને અને નિર્મળ આનંદ સાથે જ ખાવા બેસવું જોઈએ. ખાતી વખતે કાંઇ પણ વાચન ન કરવું જોઇએ તથા ગંભીર વાતો તેમજ કંટાળા-ભરેલાં કામકાજનો વિચારમાત્ર ફગાવી દેવાં જોઈએ. નિશ્ચિંત મનથી પ્રસન્નતાપૂર્વક જો આહાર લેવામાં આવે તો સ્વાસ્થ્ય અને શક્તિ અચૂક પ્રાપ્ત થાય છે. પ્રસન્નતા એ સુખનો પર્યાય છે અને સુખ સંતોષથી જ પ્રાપ્ત થાય છે. 'સંતોષ સદ્વાંચન ને સત્સંગથી મળે છે.' રોટલા અને છાસ જેવો ક્ષુદ્ર ખોરાક પામનારો ગરીબ વર્ગ, જે આહાર મળે તેને અમૃત તુલ્ય માની, બરાબર ચાવીને, સ્વસ્થ અને પ્રસન્ન ચિત્તે ખાઈ જીવનભરનો ઘસડઓરો ખેંચવાની અખૂટ જીવન શક્તિ મેળવે છે, એ હકીકત ઉપરના કથનને સમર્થન આપે છે. આથી વિરુદ્ધનું દૃશ્ય ધંધાની ઉપાધિ, ધમાલ અને વિચારભારથી ઉતાવળે જમનારાઓમાં જોવા મળે છે. આવા લોકો મિષ્ટ અને પૌષ્ટિક ખોરાક ખાતા હોવા છતાં યે અજીર્ણ, ઝાડા અને માંદગીથી પીડાતા હોય છે. જઠર આહારને ગ્રહણ કરીને રાસાયનિક ક્રિયાઓ વડે તેનો આમ-રસ બનાવે છે, કે જેનાથી અન્નમય કોશ પોષાય છે અને જીવનની વૃદ્ધિ થાય છે. માટે જ પ્રાચીન લોકોએ જમવાને એક વિધિ રૂપ લેખી, જમવામાં જાળવવાના અનેક નિયમો સૂચવ્યા છે.

આપણે આગળ જોઈ ગયા કે ખાદ્યનાં દર્શન, સુગંધ અને સ્વાદ-માત્રથી હોજરીમાં જઠર-રસ છૂટે છે. આને ક્ષુધા-પ્રદીપ્તક-રસ (appetising juice) કહેવામાં આવે છે. હોજરીમાં ખોરાક આવ્યાને અરધો કલાક પસાર થયા બાદ જઠર-રસ છૂટે છે, અને શરૂઆતમાં ક્ષુધા પ્રદીપ્તક રસે શરૂ કરેલું કાર્ય ઝડપી બને છે. વળી આ સમય દરમિયાન, ખોરાકમાં ભળેલી લાળની રાસાયનિક ક્રિયા ચાલુ રહે છે અને મોઢામાં શરૂ થએલી સ્ટાર્ચની પાચનક્રિયા હોજરીમાં પણ ચાલુ રહી પૂરી થાય છે. જઠર-રસથી ખોરાક આ મ્લક બને કે તરત જ થૂંકમાંના ટાયલીન આથવણની ક્રિયા બંધ પડે છે, કારણ કે ટાયલીન તો ફક્ત અલ્કલી માધ્યમમાં જ કામ કરી શકે છે.

હગણાં જાણ્યું તેમ હોજરીમાં જઠર-રસની અસરથી પ્રોટીનનું 'પેપ્ટોન' રૂપમાં અને દૂધનું 'કેસીન' રૂપમાં પાચન થાય છે. આમાંથી થોડુંક 'પેપ્ટોન' અને ખાંડ જઠરની કેશવાહિનીઓમાં શોષાઈ યકૃત તરફ જાય છે. હોજરીના વલોણાથી ખોરાકના અણુઓ ભાગીને અતિ સૂક્ષ્મ બને છે. પાણી કે થૂંકમાંના હોય તેવાં દ્રવ્યો મીઠા જેવા ક્ષારો અને ખાંડ તથા ગોળ પણ દ્રવે છે અને તેનું થોડા અંશે ગ્લુકોઝમાં રૂપાંતર થાય છે. ચરબી ઓગળી જાય છે અને ખોરાકના બધા પદાર્થો મિશ્રિત થઇ, એકતાર બની, પ્રવાહી રૂપ પામે છે, જેને આમરસ (chyme) કહેવામાં આવે છે.

જઠર-રસ વિષેનું સાચું જ્ઞાન, બ્યુમન્ટ નામના વિજ્ઞાનીએ એક શિકારીના પેટ ઉપર ગોળીના ઘાથી પડેલા છિદ્ર વાટે નિરીક્ષણ કરીને ઇ. સ. ૧૮૨૨માં મેળવ્યું. આ સંબંધી વિશેષ જ્ઞાન રશિયાના મહાન વિજ્ઞાની પાવલોવે કૂતરા ઉપર પ્રયોગો દ્વારા મેળવી જગત સમક્ષ ધર્યું છે. દૃશ્ય, સુગંધ અને સ્વાદ દ્વારા કૂતરાની ભૂખ ઉત્તેજતાં તેને પુષ્કળ પ્રમાણમાં જઠર-રસ છૂટે છે, એટલું જ નહિ પણ ખાવાનો નિયત સમય થયાનો ખ્યાલ આવતાં પણ જઠર-રસ છૂટે છે ને હોજરીનું આકુંચન શરૂ થાય છે. આ સમયે આપણને કકડીને ભૂખ લાગે છે અને 'પેટમાં ગલુડિયાં બોલવા'ની સંવેદના થાય છે.

હોજરીનું આ બધું કાર્ય અને હલનચલન મધ્યવર્તી જ્ઞાનતંત્રના અંકુશ હેઠળ છે. આનંદ અને ક્ષોભ હોજરીની પાચનક્રિયામાં સહાય કે અવરોધ પેદા કરે છે તે આપણે જોઇ ગયા. એ જ રીતે કોઈ કમકમાટી ઉપજાવે એવું દૃશ્ય કે તીવ્ર દુર્ગંધ પણ હોજરીનું હલનચલન વધારી દે છે, જેના પરિણામે ઉબકા-ઉલટી થઈ આવે છે. જઠરના આ જ્ઞાનતંતુઓ, પેટના તેમજ પેઢાના અવયવો સુધી પથરાએલા અનિચ્છાવર્તી જ્ઞાનતંત્ર સાથે જોડાએલા છે; એટલું જ નહિ પણ હૃદય, ફેફસાં અને આંતરડાંને નિયમનમાં રાખનાર વેગસ જ્ઞાનતંતુઓ સાથે પણ જોડાએલા છે. આમ હોવાથી આપણને આંતરડાં કે પેડુના અવયવોની પીડા છેક જઠરમાં થતી હોય એવું અનુભવાય છે.

આ બધામાં એક પ્રશ્ન સ્વાભાવિક ઊઠે એવો છે કે જઠરનો તેજાબ શું હોજરીને 'ખાઇ' જતો નહિ હોય? આ બાબતનો સંતોષકારક ઉકેલ હજુ શોધાયો નથી. અનુમાનવામાં આવે છે કે હોજરીની દીવાલોમાં સતત ફરતું લોહી આલ્કલી હોઇને એ તેજાબનું શમન કરે છે. પણ મોઢાનો, ગળાનો કે શરીરના બીજા ભાગનો ચેપ હોજરીમાં શોષાઈ હોજરીની શ્લેષ્મ કલાને જ્યારે બગાડે છે ત્યારે તે ભાગમાં અગર ગ્રહણીમાં તેજાબની દાહક અસર થવાથી ત્યાં ચાંદું (gastric ulcer) પડે છે. આ વ્યાધિ મહા પીડા ઉપજાવનારો છે અને ખોરાક હોજરીમાં જાય કે તરત જ તીવ્ર વેદના અને ઉલટીઓ ઊપડે છે.

હોજરીમાં જ્યારે ખટાશ ખૂબ વધી જાય ત્યારે નીચેનું મુદ્રિકા-દ્વાર ખુલતું નથી. આથી હોજરી ફૂલે છે કે તેમાં તાણ વધે છે. પરિણામે ગળામાં દાહ બળે છે કે ખાટા ગચરકા આવે છે. હોજરી જલદીથી કે ખૂબ સખતરીતે વલોવાવા માંડવાથી પેટમાં વેદના પણ ઊપડે છે.

વળી હોજરી બગડી હોય ત્યારે સવારમાં મોઢામાં ખરાબ સ્વાદ લાગે છે, તરસ લાગે છે, હોઠ સુકાયા કરે છે, આફરો ચડે છે, ઉદાસી કે બેચેની આવી જાય છે; પગ ઢીલા પડી જાય છે, છાતીમાં ધબકારા થાય છે, માથું દુખ્યા કરે છે,—આવાં આવાં ચિહ્નો દેખા દે છે.

ગ્રહણી

હોજરીમાં ખોરાક પચીને જેમ જેમ આમ-રસ બનતો જાય છે તેમ તેમ હોજરીના હલનચલનથી તે જઠરાધોમુખ ભણી ખસતો જાય છે. એ જઠરાધોમુખ આગળ આકુંચન-લહરી એવી તો તીવ્ર ને વેગીલી હોય છે કે જેથી આમરસ હોજરીમાંથી નીકળીને ગ્રહણીમાં ધકેલાય છે. તેમાં, મુદ્રિકા-દ્વારમાંથી માત્ર પચેલો ખોરાક જ પસાર થાય છે; નહિ પચેલો કે અરધો પચેલો ખોરાક હોજરીમાં પાછો ઠેલાય છે. અને તે હોજરીના વલોણામાં ફરીથી વલોવાઈ સંપૂર્ણ આમરસ બન્યા પછી જ ગ્રહણીમાં જાય છે. આમ થતું રહીને છેવટના ભાગે તો નહિ પચેલો ખોરાક પણ હોજરી છોડી આગળ જાય છે.

હોજરીના અનુસંધાનમાં નાનાં આંતરડાં શરૂ થાય છે. તેના શરૂના ભાગને ગ્રહણી (Duodenum) કહે છે. તેની લંબાઈ દસ ઇંચની છે અને તે પાચનગ્રંથીઓમાં અગ્ર એવી અગ્ન્યાશયગ્રંથી (pancreas=સ્વાદુપિંડ)ના માથાના ભાગને ઘોડાની ખરીના આકારે વીંટળાઇને ગોઠવાએલી છે.

ગ્રહણીમાં બે અવયવોના રસો ઝરે છે: યકૃતના અને અગ્ન્યાશયના. આ બે અવયવોના રસો વહેતી નલિકાઓ (ducts)નાં મોં ગ્રહણીમાં ખુલે એવી રીતે આવેલાં હોય છે. આપણા આખા અન્નનળમાં ફક્ત આ જ ભાગમાં પાચનક્રિયા અતિ સક્રિય છે. અહીં ખોરાકનું પાચન થઇને તેનું એવું તો રૂપ બને છે કે જે આંતરડાંમાં શોષાવા માટે-એટલે કે શરીરને ઉપયોગી નીવડવા માટે લાયક બને છે.

ચન્દ્રવદન ચી. મહેતાની આપકથા



[૨૦]

જયશંકર, બાલ ગાંધર્વ, ઓગરા, સાવકાર, ભાદુરી, હાઇફેટ્રઝ, લૉડર, રૂથ સેન્ટ ડેનીસ ને ટેડ શૉન તથા પાવલોવા જેવી કલાનિષ્ણાત વ્યક્તિઓને જોઈ સાંભળી કોનું મગજ નહિ ફટકી જાય? એમની પાસેથી ઘણુંઘણું શીખવાનું મળ્યું એ તો દેખીતું જ છે; પણ કંઈક કરી નાખવાના સ્વાભાવિક કોડ પણ સાથેસાથે થતા.

બીજી બાજુ નરસિંહરાવ, નાનાલાલ, કેશવલાલ ધ્રુવ તથા બલવંતરાય ઠાકોરના ગાઢ સંપર્કમાં આવવાના પ્રસંગો ઊભરાતા હતા. એટલે મનજી મુસાફર રંગભૂમિ અને કવિતાની વચ્ચે અટવાયા કરે. આ બાજુ કંઈ કવિતા જેવું લખી ઠાકોરને બતાવીએ, તો ચપ લઇને, ઘણીવાર વાંચ્યા વિના જ, અથવા કોઈ વાર એકાદ બે મિનિટ નજર નાખીને ફાડી જ નાખે! અને એમની લાક્ષણિક ઢબે શિખામણ આપે: 'વાંચો, વાંચો, વાંચો! મનન કરો, કંઈક વિચારબુદ્ધિ કેળવો. પછી કવિતડાં પાછળ ઘસો. આમ છાશવારે કાગળ-પેન્સિલ લઈ ચીતરડાં કાઢવા બેસી ગયા એટલે 'કવિ' નથી થઈ જવાતું.' આમ ખૂબ ટોકતા, –અને બરાબર ટોકતા. એવા હોંસેહોંસે કવિ થઈ બેસવાના કાળમાં અક્ષયહાસી (અખા ભગત જેવા) હથોડા જરૂરના હતા. બીજી બાજુ નરસિંહરાવનાં હૂંફાળાં પ્રોત્સાહન મળતાં. પીઠ થાબડવાનો નાનાલાલનો કીમિયો વળી જુદો જ હતો. અને ધ્રુવ સાહેબ તો ગુજરાતે એક જ સૌજન્યની મૂર્તિ જેવા ભાળ્યા—જાણ્યા હતા, એટલે એમની પાસેથી તો મીઠાશ જ મળતી. અને એ બધાની પર પ્રિયંવદા જે સૂઝે તે અને જે ગમે તે લાગણીથી લખવા પ્રેરતી.

જયન્તકુમાર ભટ્ટે બી.એ.માં લીધી હતી તો ફિલસૂફી, પણ હોસ્ટેલમાં સાથે રહેલા એટલે ઓળખાણ સારી. એમણે મને એક દિવસ દુઃખદ ખબર આપ્યા અને તરત પોતે મુંબાઈ છોડી ઉત્તર હિંદ જવા નીકળ્યા. ત્યારે અમે નરસિંહરાવ પાસે ગુજરાતી શીખતા. ગુજરાતી ત્યારે ફક્ત બી.એ.માં જ શીખવાતું! યુનિવર્સિટીના કોર્સની ગોઠવણ અને એમાંના વારંવારના ફેરફારોનો ઇતિહાસ જો તપાસીએ તો માણસને ગુસ્સો ન ચડે, ગાંડો જ થઈ જાય. પણ કોઇ તપાસતું નથી અને કોઇ ગાંડો થતો જાણ્યો નથી, એટલે ચિંતાનું કારણ નથી!

કૉલેજના એક અંધારિયા ઘોંચલા જેવા ખૂણામાં ગુજરાતીનો એ વર્ગ (વર્ગ એટલે પાંચ છ જણાનો) બેસતો. ત્યાં નરસિંહરાવ હમેશ પ્રમાણે હાથમાં મોટી બૅગ લઇ, રેઈન કોટ પહેરી આવ્યા. રેઈન કોટ ને હૅટ બાજુએ મૂકી ખુરશી પર બેઠા, અને ડાયરી ખોલી કંઇક ટપકાવવું શરૂ કર્યું. ઘણી વાર વર્ગ લેતાં પહેલાં એ એવું કરતા. અથવા તો લાયબ્રેરી કે કશેથી ભણવાનાં પુસ્તકો સંબંધી કંઇ નોંધ ટપકાવી લાવ્યા હોય તો તે પહેલાં વાંચી સંભળાવતા, યા ઊતરાવતા.

મેં જરા ઠાવકાઈથી કહ્યું: 'સાહેબ, 'કાન્ત' ગુજરી ગયા!'

'હેં? શું, મણિશંકર?! કોણે કહ્યું?—શું થયું?'

ટૂંકમાં મેં જણાવ્યું કે એમના પુત્ર જયન્તકુમાર પર તાર હતો કે 'કાન્ત' કાશ્મીરથી પાછા ફરતાં ટ્રેનમાં જ અચાનક અવસાન પામ્યા.

'પણ...જયન્તકુમાર તો હમણાં જ મને પૂર્વાલાપ આપવા... પણ હવે 'પૂર્વાલાપ' શેનો એ તો...' આગળ બોલી જ ન શક્યા. એમનું ગળું રૂંધાઈ ગયું. નોંધપોથીમાં કંઇ લખવા પ્રયત્ન કર્યો, પણ ડઘાઇને કંઈક વાર સુધી એમ ને એમ મૂગા બેસી રહ્યા. અને છેવટે કહ્યું કે 'તમે બધા જાઓ, આજે વર્ગ નહિ લઉં, મને એકલો જ બેસવા દો.'

એમને એમ એકલા બેસવા દેવાની અમારી હિંમત ચાલતી નહોતી, પણ નછૂટકે ધીમેધીમે શાંતિથી વિખરાયા. બહાર મને જશુ ભૂખણવાળાએ ઝાડયો: 'કલ્લુ જ છે! તને ખબર પડી તે જાણે વહેલી વહેલી કહેવાની તારી અહંવૃત્તિને પણ હદ હોવી જોઇએ. જરા ધીમેથી. ક્લાસ ચાલુ થયા પછી કહેતે તો? યુ શૉકડ ધી ઓલ્ડ મૅન! શેઈમ!'

હું માનું છું કે મેં ભૂલ કરી હતી.

બીજે કે ત્રીજે દિવસે જ્યારે પાછા અમે મળ્યા ત્યારે 'ભણકાર'નો ટર્ન હતો. એને બાજુએ રાખી તે દિવસે 'વસંત વિજય' અને કાન્તનાં બીજાં સુન્દર કાવ્યો પર જ નરસિંહરાવ બોલ્યા. મણિશંકર રત્નજી ભટ્ટને ભાષણ કરતાં સાંભળવા એ, કહે છે કે, એક લ્હાવો હતો. કમનસીબે અમને એ પ્રસંગ પ્રાપ્ત થએલો નહિ; પણ 'કાન્ત'નો પૂરો પરિચય તે દિવસે થયો. પછી તો દસમી ઑગસ્ટ ૧૯૨૩ને રોજ મારવાડી વિદ્યાલય (મુંબાઇ)માં 'કાન્ત'ની શોકસભા મળી. એને આગલે જ દિવસે રાત્રે કવિ નાનાલાલ ઠાકોરદ્વાર પર અમારે ત્યાં જમવા આવેલા, ત્યારે એમના મનમાં પણ કાન્ત જ ઘોળાયાં કરે. બીજા દિવસની સભામાં પ્રમુખસ્થાને પણ નાનાલાલ કવિ; ને હાજરમાં ઠાકોર, નરસિંહરાવ, મુનશી, લલિત, માવજી ગોવિન્દજી, મારતફકીર– બધા જ બોલ્યા. ૧૯૨૩ની એ સભા પછી એક પણ સભામાં નાનાલાલ, નરસિંહરાવ, ઠાકોર ને મુનશી સાથે મળ્યા ને બોલ્યા હોય એમ મને તો યાદ નથી.

અંગ્રેજી ચોથા ધોરણમાં 'કુસુમમાળા' ભણેલા, અને આઠ-નવ વર્ષો પછી એના જ લેખક ઠાકોરનું 'ભણકાર' ભણાવે: એ તો ઠીક, પણ ઠાકોરદ્વારના ઘરમાં બળવંતરાય ઠાકોર ઘણી વાર આવીને રહે, –ત્યારે નરસિંહરાવ શીખવે કૉલેજમાં, અને ઠાકોર શીખવે ઘેર, એને કેટલો ધન્ય સંજોગ માનવો!

નરસિંહરાવની શીખવવાની પદ્ધતિ જૂની ઢબની, ચિવટાઈ ભરેલી; ઘણું થોડું કામ થાય; કોર્સ તો કદી પૂરો ન જ થાય; પણ જેટલું થાય એટલું ચારે બાજુથી ચોક્કસ થાય. 'અખે ગીતા'માં બહુ મજા આવતી. અખાના પૂરા અભ્યાસી નર્મદાશંકર મહેતા અને નરસિંહરાવ ઘણી વાર મળતા ને ચર્ચા કરતા, એનો લાભ પણ મળતો. અખાના જીવનનો અભ્યાસ કરવાનો પ્રસંગ પણ આમ જ ઊભો થયો.

'ભણકાર'માં ક્યાંક ગૂંચ આવતી તો નરસિંહરાવ અટકી જતા અને કહેતા, 'કાલે બલ્લુભાઇને પૂછીને આવજો.' બલ્લુભાઈ વળી કંઇ નવો જ તુક્કો કઢાવતા, અને એમાં અમને ભારે ગમ્મત પડતી.

મેં નાનાલાલને ઠાકોર અને નરસિંહરાવ વિષે, ઠાકોરને નાનાલાલ અને નરસિંહરાવ વિષે, અને નરસિંહરાવને નાનાલાલ અને ઠાકોર વિષે અનેક વાર ચર્ચા કરતા સાંભળ્યા હતા; પણ નરસિંહરાવે કદી નાનાલાલ માટે કે ઠાકોર વિષે વ્યક્તિગત ટીકા કરી હોય એવું યાદ

નથી. વર્ગમાં તો નહિ જ. એમની નબળાઈ એક જ: કવિતાની કોઈ એવી સરખી લીટી આવે તો મોટે ભાગે 'કુસુમમાળા' કે 'હૃદયવીણા'-માં એ કે એવો જ વિચાર છે એમ વારંવાર કહેવા મથતા. ગુસ્સો ખરો. રિસાય તો બાર વગાડી દે. પણ વર્ગમાં મઝા ખૂબ આવતી.

એક વાર કહે, 'નર્મદના ''યા હોમ કરીને પડો ફતેહ છે આગે.' એમાં એ ''યા હોમ'' ક્યાંથી લઈ આવ્યા? અને એનો અર્થ શો?' પછી તો એ જ ભાંજગડમાં પડ્યા!

આ બધા વાતાવરણને પરિણામે લખવાનો ચાળો શરૂ થયો. પેલી 'પ્રાણ' વાર્તા તો 'એલ્ફિન્સ્ટોનિયન'માં છપાઈ જ હતી. બીજી પણ લખી. એમાંની એકબે તો માસિકોમાંથી પાછી'પણ આવેલી. એવી એક ફરી તે જ માસિકમાં નરસિંહરાવે મોકલી આપી કે તરત છપાઈ ગઈ!

વાર્તા પછી કવિતામાં સર્યો. પૃથ્વી છંદ તો મોઢે ચડી ગયો હતો; અને થોડીઘણી કવિતા લખી એમાંનું એક કાવ્ય 'શ્રદ્ધા' સૉનેટ નરસિંહરાવે 'વસંત'માં ત્રણચાર પાનાની લાંબી વિવેચના લખીને મોકલ્યું. 'વસંત'માં છપાયું અને નરસિંહરાવના આશિષ; એટલે સાહિત્યની દુનિયામાં પ્રવેશવાનું અચૂક પ્રમાણપત્ર! આપોઆપ મગજની ખુમારી પણ વધવા માંડી હતી. નરસિંહરાવે જ કહ્યું હતું કે 'અંતે, ''વસંત''માં વખાણ કર્યા છે, એથી ફુલાઈ ન જતા. લેખકને એમ ફુલાવી મારવાનો મારા પર આરોપ છે.'

પણ કેમ ફુલાઈ જવાય? એમને ક્યાં ખબર હતી કે એક તો ખાટલે પડી પ્રિયંવદા ફુલાણજી થવા દે એમ નહોતી. બીજી વ્યક્તિ બચુભાઇ રાવત;—માઠું લાગે તો ભલે લાગે, પણ કાવ્યને કપરી કસોટીએ ચઢાવનારા બેઠા હતા. યાદ નથી, બચુભાઇને પહેલો ક્યારે મળ્યો; પણ વૈકુંઠભાઇને ત્યાં 'કુમાર' આવતું. એ વાંચી ત્યાં કાવ્યો મોકલવા માંડ્યાં, અને છપાવા માંડ્યાં. રવિભાઈ મને બચુભાઈ પાસે લઈ ગયા કે કનુભાઇ લઈ ગયા, તે કંઇ બરાબર યાદ નથી; પણ તબેલા જેવા, ભાંગાતૂટા એક મગારખાનામાં. ચિવટાઈથી, સ્વચ્છતાથી, ચોકસાઇથી છાપકળાની કારીગરીને બહલાવનાર, મીઠા, ઠાવકા, ઓછાબોલા, ગંભીર પ્રકૃતિના, ઠરેલ, શરમાળ, વ્યવહારુ, કુનેહબાજ, મૃત કવિ પણ સંજીવની જેવા, સરસ અક્ષરોના લખનાર એ બચુભાઇનો સંબંધ પણ ફુલાણજીને ફાલવા દે એમ નહોતું. પ્રિયંવદાની માશી સુમતિ દેશાઇને ઓળખે; ને એ પરમાર રાવતના મિત્ર; એ દેશાઇજી પણ કદાચ મને બચુભાઈ પાસે લઈ ગયા હોય. એ શક્ય છે. 'કુમાર'ના એ કાતરિયામાં બુધવારીઉં જામતું. ત્યાં એ બુધવારીઆમાં નવા કવિઓ કવિતા વાંચતા, અને બચુભાઇને હાથે કાવ્યો અજવાળાતાં. અન-ઑથોરાઈઝ્ડ, અનરજિસ્ટર્ડ એ કવિમંડળ હજી પણ ચાલે છે,—જ્યાં સુધી કાયદાનુસાર ચોપડે નથી ચડ્યું ત્યાં સુધી ચાલ્યા જ કરશે.

ઇલાકાવ્યો 'કુમારે' નવાજ્યાં અને પ્રિયંવદાએ પ્રેરેલી પાંખોને એમ નવી ઓર તાઝગી મળી ગઈ.

આમ, કવિતામાં પૃથ્વી છંદ અને ઈન્દ્રવજ્રા હાથે ચડવા માંડ્યા, તેમ પેલી બાજુ નાટકનો કીડો પણ ચટકવા લાગ્યો. પ્રો. સી. આર. શાહે ટ્રેવેલિયનનું 'ધ પલ ટ્રી' નામનું એક નાટક આપ્યું, અને તરત એનું 'પ્રેમનું મોતી' બનાવી, કૌમુદીમાં છપાવી, અમારી કૉલેજના સંમેલનમાં ભજવી પણ દીધું. હરીન્દ્રનાથના 'ચોખામેલા'નો તરજુમો કીધો, પણ એમાં કંઈ નાચવા-કૂદવાનો મરકો સનેપાતો નહોતો. ગુજરાતી મંડળનાં સંમેલનોમાં 'સરસ્વતીચન્દ્રની મનોદશા' ભજવી: હાથમાં કાગળનો એક થોકડો લઇને; અને બીજી વાર ટાગોરની પૅરેડી કરી. પણ એવા બધા નાનાનાના પ્રયોગો તો વલખાં હતાં.

એક સિનેમામાં ઓટિસ સ્કીનરને 'કિસ્મત'માં જોયા. એક જ દિવસમાં, સવારે મસ્જિદ પર સૂતેલો ફકીર બે કલાકમાં રાજમહેલમાં; કલાક રહીને જનાનખાનામાં; પેલી બાજુ એની છોકરીનો પ્રેમકિસ્સો તો ચાલે જ; સાંજ પહેલાં તો રાજગાદીની લગોલગ; સાંજે તો બાદશાહ, અને રાત પૂરી થતાં પાછો એ અમીર હાલતમાંથી ફાકા મારતો ફકીર અને મસ્જિદને ઓટલે! એનું નામ તે નાટક! ઍક્શન, ઍક્શન, ઍક્શન! વેગ, બનાવોની પરંપરા. ખબર કાઢીને એના કર્તાનું નામ મેળવી ઈંગ્લંડથી નાટકની નકલ મંગાવી.

પણ એડવર્ડ નૉબ્લૉકનું એ 'કિસ્મત' એટલા મોટા પાયા પર ભજવવું કેમ? ત્યાં તો કૉલેજ તરફથી એક જલસો યોજાયો, ને તે એક્સેલસિયર થીએટરમાં! બન્દાને પોબાર! કલાક—કલાક કંઇક ભજવવાનું સૂચવાયું, અને આપણે 'કિસ્મત' લઈ અજમાવવા બેઠા.

કમલાકાન્ત લોહાણાને બોલાવ્યો. બીજો ઊભો કર્યો નેલ કરંજીઆ. એ કુમળા છોકરાને છોકરી બનાવી. આપણે બન્યા હાજી ધ બેગર, ઓટિસ સ્કિનરની જ ભૂમિકા. અને સાડા ત્રણ કલાકનું નાટક ત્રણ ભાગમાં કાપી પિસ્તાળીસ મિનિટનું પેન્ટોમાઈમ બનાવ્યું. પેન્ટોમાઇમનું તૂત પણ ત્યારે શીખી ગએલા, અને એક્સેલસિયર થીએટર તો આપણે કદી ખૂંદી જ રહ્યા હતા.

સરોજિની નાયડુ પ્રમુખ. સ્વયંસેવક પાસે છેલ્લી ઘડીએ એની પર્સ મંગાવી તે એ ભલી બાઈએ આપી. પણ એ તો હાજી ભિખારી અંધારામાંથી સવારે ભિખારીની કોથળી લઇ ઊંઘમાંથી મસ્જિદને પગથિયે જાગ્યો ત્યારે જ એણે જાણ્યું કે એનો આવો સદુપયોગ કર્યો છે!

વચ્ચે કમલાકાન્ત લોહાણા જોડે તલવારની પટાબાજી આવતી. એ ત્યારે મેં કઇ રીતે કરી તે આજે પણ હું કલ્પી શકતો નથી! ઑડીઅન્સની ઉદારતાને પણ હદ હોવી જોઇએ. બે ગાઉ દૂર ઊભા રહી આમતેમ તલવાર ફેરવી હશે,—બીજું શું?

નાયડુએ પોતાના ભાષણ વખતે પર્સ માંગી લીધી અને હાજી ધ બેગરની તારીફ કરતાં બોલ્યાં કે 'એણે આ કોથળી લઈ ભીખ માંગી તેમ હું પણ આ ફાળા માટે આ જ કોથળીમાં નાણાં માગું છું.'

પાવલોવા જ્યાં નાચી તે જ જગ્યાએ નાટક કરવાની ઉમેદ બર આવતાં મારા હરખનો તો પાર જ નહોતો.

પછીનો એક અતિ મહત્ત્વનો પ્રસંગ તો હું નહિ જ ભૂલી શકું. કૉલેજના સોશ્યલ ગૅધરિંગમાં કાવસજી જહાંગીર હૉલમાં એક વખત એક આમટેમમાં ત્રણ પાઠ ભજવવાનું યોજ્યું હતું. એ હતી, યુનાઇટેડ સ્ટેટ્સ ઑવ ઇન્ડિયાની પહેલી કૅબિનેટ મીટિંગ. એ મળી તા. ૨-૨-૧૯૨૪માં.

એમાં જુદાંજુદાં ખાતાંના મિનિસ્ટરો તરીકે યુસુફ મહેરઅલી, કાલ ખડાલાવાળા, જહાંગીર સુખડિયા, ઉપેન્દ્ર દેસાઈ અને સોલી બાટલીવાળા હતા. મીનુ મસાણીને બહુ સમજાવ્યો, પણ એ શરમાળ માણસ તખ્તા ઉપર ઊતર્યો જ નહિ. ખડાલાવાળાને ચકરી પાઘડી પહેરાવી આર્ટનો મિનિસ્ટર, મહેરઅલીને જિન્નાનો લેબાશ પહેરાવી સારી રીતભાતનો પ્રધાન, સોલીને હરિજન પ્રધાન, ઉપેન્દ્રને શિક્ષણનો, એવુંએવું કરી થોડા ઠરાવો નક્કી કરી પરદો ઉપાડ્યો.

શરૂઆતમાં અમે રાષ્ટ્રીય ગીત ગાયું: નવું જ ગીત. બધી ભાષાની એકેકી લીટી, અને ગવડાવનાર સરોજિની નાયડુ. નાયડુનો પાઠ એની જેમ સાડી-ચોળી પહેરી મેં લીધો હતો! નથી માનતા, એમ? તે વખતના 'એલ્ફિન્સ્ટોનિયન'માં એ છબિ છપાઇ છે. મારી પાસે પણ એ છબિ છે હજી. પણ જુઓ તો ખરા, એ ગીત ગવાઈ રહ્યા પછી બધા અંદર ગયા, કે તરત શૌકતઅલી દાઢીમૂછમાં ખોખરે અવાજે ઉર્દૂમાં અભિનંદન આપવા નીકળ્યો. તે પણ આ મૂર્તિ પોતે

જ ! શૌકતનાં કપડાં પર જ સરોજિનીનો સ્વાંગ ધરેલો, તે અંદર જઇ કાઢી, ખિલાફત કૅપ અને દાઢી લગાવી નીકળ્યો. પછી એ અંદર ગયો, ને મિનિસ્ટરો આવી સૌસૌની જગ્યાએ ગોઠવાયા, કે તરત આવ્યા મહાત્મા ગાંધી. એ પણ આ બન્દે નવાજ જ! પોતડીભર, અને ખુલ્લે ડીલે. બેત્રણ મિનિટ ભાષણ કરી રેંટિયો ફેરવવા બેસી ગયા!

બેત્રણ ઠરાવો પસાર કરી કૅબિનેટ બરખાસ્ત થઇ, અને પરદો! પંદરથી વીસ મિનિટમાં આ રમત પૂરી થઈ. લોકોને એ કેટલું ગમ્યું એ તો બાજુએ રાખો, પણ સંમેલનના પ્રમુખ ભુલાભાઈ દેસાઈએ ભાષણમાં કહ્યું કે સ્વાધીન ભારતના પહેલા પ્રમુખ બનાવટી મહાત્મા જ્યાં હોય ત્યાંથી એમને મળે. હું એમને મળ્યો. પીઠ થાબડી; પોતાની સાથે ઘેર લઈ ગયા; બીજાં બાવીસ વર્ષ સુધી એ ઓળખાણ દૃઢ થતી રહી; અનેક વાર એમની દોરવણી લીધા; પણ કમનસીબે સ્વતંત્ર ભારતની પહેલી કૅબિનેટ જોવા એ જીવ્યા નહિ!

હવે જરા 'મગને પગ આવવા' માંડ્યા. યુનિવર્સિટીની સામે ત્યારે થૅકર કંપનીની દુકાન: હાલ નાનુભાઇ ઝવેરી છે ત્યાં. અવારનવાર ત્યાં આંટો માર્યા કરું ને નાટકનું કંઇ થોથુ હાથ ચડે તો લઈ લઉં. એક વાર એક નાની ચોપડી હાથ લાગી: આશલી ડ્યૂકની 'ડંબ વાઈફ' મૂળ આંતોલ ફ્રાન્સે લખેલો એ જ નામનો ફારસ. અસલ વાર્તા તો અરેબિયાની, પણ રૅબેલ્યોએ ઉઠાવેલી, અને આંતોલે એના પર કારીગરી કરેલી. ફાર્સ શું તે ત્યારે સમજાયું. એવું એવું તો કોણ શીખવે?

એ 'ડંબ વાઈફ'ને બનાવી 'મૂંગી સ્ત્રી', ને મૂળના ફારસ રસના બીબાને બદલાવવા ફ્રાન્સના ન્યાયાધીશને બનાવ્યો ખાન બહાદુર ખરશેદજી ખરખરિયા, અને વહુને બનાવી ધન. એમ ચોકઠું બેસાડી દીધું. ગજબનો એ ફારસ છે. તરત પ્રસંગ આવ્યો ને કૉલેજમાં ભજવ્યો. ધન પણ સરસ મળી ગઈ. ખાન બહાદુર તે સેવક પોતે, અને ધનના પાઠમાં સોલી બાટલીવાળા, પછી પૂછવું જ શું? કૉલેજમાં, કાવસજી જહાંગીર હૉલમાં, ઝેવીયર્સમાં, બ્લાવાટ્સ્કી લૉજમાં, સાંતાક્રુઝમાં, સુરતમાં, વડોદરામાં,



ધન (સોલી) અને ખરશેદજી (હું)

અમદાવાદમાં, ખૂબ હોંસથી વારંવાર ભજવ્યું, શૉખથી ભજવ્યું, જુદીજુદી ધન સાથે ભજવ્યું : મહેરાં, ગુલ, સરલા, ચન્દ્રા. પણ શરૂઆતમાં તો સોલી બાટલીવાળા જ ધન! હા, હા, સ્ત્રીનો પાઠ પુરુષે એ રીતે જ વળી!

નાની સરખી વાત; પછી કેવી વિસ્તારી છે અને કેવી વાળી દીધી છે! ઉપરાંત એમાં ખૂબી તો એ છે કે જેટલો ટૉપીકલ સંભાર ભરવો હોય એટલો ભરી શકો. ફારસ બધે વખણાયું; નહિ વખણાયું ફક્ત માદરે વતન સુરતમાં. હજી કદિઓ ક્યાંક સડે છે. છાપાંવાળાઓએ લખ્યું કે 'ખાન બહાદુર ચાર ફીટ લાંબી કલમ લઇને લખવા બેઠા એ બને જ કેમ? કલમ લાંબી હોય જ કેમ?!' ફારસ અને એમાં અતિશયોક્તિ હોય તો તેને સુરતી લાલા નીંદવા નીકળે! કોઈ બારમે રાહુ અને ઉપર મંગળ શનિની નીચ દૃષ્ટિનો જ યોગ હોવો જોઇએ!

બહુ મોડી મને ખબર પડી કે એ કિસ્સાની તો દુનિયાનાં મશહૂર ફારસોમાં ગણના થાય છે. આજે તો હું માનું છું કે જેણે એ કિસ્સો યોજ્યો હોય તેણે સૈકાઓ માટે એક વિશુદ્ધ રમૂજનો અદ્‌ભુત કિસ્સો રચ્યો છે. આપણી કુંઠિત અને બુઠ્ઠી થતી હાસ્ય વૃત્તિને ઉત્તેજવા અને સજીવન રાખવા, આ અથવા આવાં ફારસ વરસેવરસે ડેરડેર ભજવવાં જ જોઈએ.

પણ અહીં આપણે ફારસનો રસ માણવામાં પડ્યા. ત્યાં બીજી બાજુ વળી એક નવી તોપ ફૂટી! એ જ અરસામાં હાસ્યરસના એક જાણીતા નટે મારા પર બદનક્ષીની ફરિયાદ માંડી! નોટીસ આવતાં જ આપણાં તો હાંજાં ગગડી ગયાં. ડેફેમેશનનો દાવો! એ 'ક્રિમિનલ' કહેવાય કે 'સિવિલ'—ફોજદારી કે સાધારણ? બલા જાણે!

સુરતમાં નટવર વીમાવાળાએ 'તોપ' નામનું છાપું કાઢ્યું. આમ તો એ અમારા પિતરાઈ થાય, પણ નાનપણથી જ સારી દોસ્તી. ભણતર વખતથી જ સાહસિક, ચારિત્ર્યશીલ, અને સિદ્ધાંત માટે આગ્રહ રાખવાના ગુણોવાળા જણાઈ આવ્યા હતા. ભણવામાં તો મારા કરતાં હોશિયાર હતા જ. ખરું પૂછો તો અમારી સુરતની ટોળીમાં પહેલી કલમ ઝાલનાર નટવર વીમાવાળા. 'મયૂરક' નામે કવિતા પણ થોડી લખેલી, અને ઘણી વાર મારી વ્યાકરણભૂલો પણ એણે બતાવેલી. 'ગાંડીવ' તો પછી ટક્યું, પણ તે પહેલાં જે ઘણા અખતરા કર્યા હતા, એમાં શરૂઆતમાં 'તોપ' નામે એક અઠવાડિક કાઢ્યું હતું ને મારો રંગભૂમિનો ચસ્કો એ બરાબર જાણે, એટલે 'તોપ'માં વારંવાર લખવા એણે મને આગ્રહ કર્યો હતો.

એમ મુંબાઈથી હું લખી મોકલું. એમાં ગુજરાતની રંગભૂમિ વિષે એક લેખ એડીટોરિયલ (તંત્રીલેખ) તરીકે છપાયો. એમાં 'હજાર ઉપરના પગારદાર ગુજરાતી નટો પણ દારૂની લતમાં સપડાએલા હોય છે, એવી મતલબનું લખાણ પ્રગટ થયું.

મરી ગયા! મૂળચંદ મામા કહે કે હજાર ઉપર પગાર લેનાર હું એકલો જ છું, અને મને દારૂડિયો કહ્યો! વકીલની નોટીસ, અને મામલો કોર્ટે! નટવર કંઈ ગભરાય બભરાય નહિ; પણ આપણા સાધુ ઢીલા થઇ ગયા હતા. નટવરે મુંબાઈ આવી હિંમત આપવા માંડી: 'એમ ગભરાય છે શું? હું પણ જવાબદાર છું કની! દેખા જાયગા! છાપાનો ધંધો કરીએ અને એમ ગભરાઇએ, તે કેમ પાલવે?'

અમે પણ વકીલ કીધો ને મોરચા માંડ્યા. નટવરે તથા વકીલે ઘરમેળે પતાવટ કરવાના પ્રયત્નો કરી જોયા, પણ કંઇ પત્તો ખાધો નહિ. મૂળચંદ મામા વિફર્યા હતા. મને થતું કે હું ક્યાં વળી આ પારકી પંચાતમાં પડ્યો? આપણે એની ઑક્યુપેશન સાથે કામ કે એની ખાણીપીણી સાથે? પણ ત્યારે જુવાનીમાં આદર્શવાદની બાંહ્યધરી હેઠળ પારકાની નીતિ સાચવવાનો ઈજારો ના લઈ બેસીએ તો જુવાન શેના?

કેસને દિવસો નટવર તો ખુશખુશાલ, પણ બન્દા બેહાલ! છેક ભુલાભાઈ દેસાઈ સુધી જઈ સલાહ લઇ આવ્યા હતા. પણ અમારા વકીલ મોહનલાલ દેસાઈ. મોરા એ મામા થાય. અને ત્યારે એમની કારકિર્દી મુંબાઇના કોર્ટમાં સારી જામવા માંડી હતી. આમ મારા મામા, અને સામે મૂળચંદ મામા! આવી જાઓ! એકાદ બે દિવસ કેસ ચાલ્યો, પણ પછી તો અમારા વકીલે મોહનલાલે ઉગામ્યું: 'અચ્છા!

'એટલે? એટલે? અમે કહીએ છીએ ને?'

'એ કંઇ નહિ; ચોપડા બતાવો, રસીદો રજૂ કરો, અને ઇનકમ ટૅક્સનાં ફારમ બતાવો''

ઇનકમ ટૅક્સનું નામ આવતાં જ સામી છાવણીમાં તરખાટ શરૂ! તરત જ વાત પતાવટ પર આવી ગઇ! મૂળચંદ મામા મોહનલાલ વકીલ સાહેબની કુનેહ પર ખુશખુશ થઈ ગયા, અને સમજૂતીનો ચા-પાણીનો મેળાવડો પણ યોજાયો. ત્યાં હસી મળી સૌ છૂટા પડચા.

હા. ગુજરાતી રંગભૂમિ ઉપર ફારસોનો ઉઠાવ કરનારાઓમાંના એક મૂળચંદ મામા પણ હતા. હરિહર 'દીવાના'ને તથા એ મામાને, 'બોલતા કાગળ'માં 'સૂર્યકુમારી'માં 'સરસ્વતીચન્દ્ર'માં જોયા હતા. શિવલાલને માટે મને બહુ માન હતું. એકંદરે જોતાં છગન રોમીઓ, વલ્લભ નાયક, જયશંકર, મૂળચંદ મામા, શિવલાલ, એવા થોડા જ સારા કુશળ નટો કૉમિકમાં આપણે ત્યાં ગણાવી શકાય.

પણ 'કાવ્યેષુ નાટકમ્ રમ્યમ્' તો ખરું, પણ નાટકની મૂળ જનેતા તો કવિતા જ ને? એ માવતરથી અળગા થવા મન નહોતું માનતું. પૅન્ટોમાઇમ કીધાં અને 'પ્રેમનું મોતી' પણ રજૂ કર્યું; અંગ્રેજી-ગુજરાતી ફારસો પણ ભજવ્યાં અને હસ્યા-હસાવ્યા; પણ કવિતા પીછો છોડે નહિ શાની છોડે? મમાજીનાં મોઠાં જળ તો પ્રિયંવદા પાસેથી મળતાં હતાં. એ વખતે મજવામાં એક નાની, સુંદર બાંધણીની ડાયરી રાખતો, અને 'સ્મરણ સંહિતા' તથા કીટ્સનું 'એડોનાસ' ભણેલા એટલે હવે 'એલેજી' લખવા મન ફરફેરાતું. 'ઇન મેમોરિયમ', 'થિરસિસ', 'લિસિડાસ', 'કલાપીનો વિરહ' 'ફાર્બસ વિરહ' વગેરે વિરહ કાવ્યો વાંચી નાખ્યાં; વિલ્સન તેમજ એલ્ફિન્સ્ટન કૉલેજમાં વિરહકાવ્યો ઉપર ભાષણો પણ આપ્યાં, અને ઇતર ભાષાઓમાંનાં વિરહકાવ્યો વાંચવા પણ પ્રયાસો કર્યા.

ત્યારે પેલી નોંધપોથીમાં એકાદ દિવસ કંઇ લખવા બેઠો. અને થોડી લીટીઓ લખી. લગભગ બસો-અઢીસો લીટી લખી અને એ ચોપડી ખોવાઈ ગઈ! ચાલો! બચ્ચું રડે એમ મેં પ્રિયંવદા આગળ એ વિષે રડીને વાત કરી. એ હેતાળ ને હસમુખી છોકરીએ ઠપકો આપી ફરી લખવા કહ્યું, અને મેં પાછું લખવા માંડ્યું 'યમલ' અને 'ઈલાકાવ્યો' ઉપરાંત આ કૃતિ તે 'ભ્રમ'. એ વિષે વધુ આગળ ઉપર

બીજી બાજુ ઘરમાં બલવંતરાય ઠાકોર 'કાન્તમાળા' પ્રગટ કરવામાં પડચા હતા. એમાં મારે માથે સારું કામ નાખ્યું, અને એ કિંમતી અનુભવ ત્યારે બહુ જરૂરનો પણ હતો. શીખવાનું તો ક્યાંક ને ક્યાંકથી મળી જ રહે એમ છે: આપણે ઇંતેજાર હોવા જોઇએ. ઉપરાંત, ઠાકોર 'ઊગતી જુવાની'નું એક લાંબું નાટક લખતા. એનું ચોક્કું કંઇ મને ગમતું નહોતું. અને અમે વારંવાર ચર્ચાએ ચડભડતા. પ્રિયવદા પણ સરસ ટાપશી પૂરતી. ઠાકોર હાથનકલ કરવામાં ભારે ખંતીલા ને હોશિયાર! રાતોરાત બેસી મોતીના દાણા જેવા અક્ષરમાં આખા લખાણની નકલ કરી નાખે! કહેતા: 'આવી ત્રણચાર નકલો કરતાંકરતાં જ કૃતિ સુધરતી જાય. આ જો! ટચલી આંગળીએ વાલ જેટલું આંટણ પડચું છે તે. એવા કંઈક ઝલેલા ફૂટશે ત્યારે લખતાં આવડશે.'

આ બધા સંપર્ક સંજોગને પરિણામે કલમ અજમાવનારે સાહિત્ય પરિષદની યાત્રા તો કરવી જ જોઇએને? ૧૯૨૫ના એપ્રિલમાં ભાવનગરમાં એ જલસો જમવાનો હતો, ને ઠાકોર સાહેબની પૂરેપૂરી કૃપા, એટલે એમણે કહ્યું કે 'ચાલ આવવું હોય તો.' અને આપણે તો કૂદ્યા.

એ જમાનામાં સાહિત્ય પરિષદ એટલે તો શુંનું શું! સામાન્ય માણસ તો માને કે સાક્ષરોની સાઠમારી; પણ એ સમારંભમાં હાજર પ્રમુખ રા. બ. કમળાશંકર ત્રિવેદી. સુરતમાં મારા મામાજીના જે ઘરમાં ઊછર્યો હતો તેની સામે જ એમનું ઘર. ત્યાં ઘણી વાર એ સંસ્કૃત પંડિતને જોએલા. એમના જમાઈ મોહનલાલ પાર્વતીશંકર દવેને ઓળખું. મોહનભાઈની દીકરી જયમનબહેન મારા દોસ્ત મંગેશના ભાઈ વ્યોમેશચન્દ્ર પાઠકજીને પરણેલાં એમને પણ ઓળખું.

ત્યારની પરિષદોની રોનક જ જુદી. અને તે ય દેશી રજવાડાંમાં મળે ત્યારે તો ખરચ રજવાડું ઉપાડે. બધા જ રાજ-મહેમાન.

અમારો મુકામ પાનવાડીમાં: બળવંતરાય ઠાકોર, હું, પેસી, અને કવિ ખબરદાર,—ચારના ચાર સાથે ઓરડાઓ. પેસી તે અરદેશર ખબરદારનો દીકરો. આપણે ઠીક દોસ્તી બાંધી દીધી. અમે પહોંચ્યા તે જ ગાડીમાં પ્રમુખ સાહેબ પહોંચ્યા, એટલે એમનું તો ચાર ઘોડાની ચારઠમાં સરઘસ નીકળ્યું. છડીદારો, બૅન્ડ, ઘોડેસવારો, પાયદળ વગેરેનો ખાસ્સો ઠાઠમાઠ! સામૈયું ત્રણચાર કલાક ગામમાં ફરે, અને લોકો ફૂલતોરણે વધાવે. સાહિત્યકારને માન આપવાની આ પ્રથા ગમે તેવી પણ વખાણવા જેવી તો છે જ. ભલે ચોપડાં ન વેચાય, પુસ્તકોની ખપત ન હોય, પણ પ્રજા આવું સન્માન કરે એ પણ કંઈ ઓછું ન કહેવાય.

પરિષદમાં મારે તે શું ઢોચકાં ઢોલવાનાં હતાં? નિબંધોમાં તો રસ નહોતો જ; વિષયવિચારિણીની મારામારી યા એની રાજરમતમાં સમજ નહોતી; કોઈ બહુ ઓળખીતા પણ હતા નહિ; એટલે આમતેમ ઘૂમ્યા કરતો. બે દિવસથી ઠાકોર જીવ ખાધા કરે કે મારે બોટાદકરને મળવું છે. પણ હું શું કરું? કવિ કાન્તના મોટા પુત્ર મુનિકુમારે જોગ ગોઠવ્યો. એને શોધતા મુનિ મને મંડપને છેક છેડે, ફેંટો પિછોડી ને ડગલામાં બેઠેલા ફિક્કા શરીરવાળા પણ તેજસ્વી આંખવાળા કવિ બોટાદકર પાસે લઇ ગયા અને ઠાકોરનો સંદેશો આપ્યો.

ગુજરાતના આ કવિને મંચ પર બેસવાનું નિમંત્રણ પણ નહિ! છતાં હોંસના માર્યા, મૂઠી રૂપરડીના પગારદાર કવિ ઓછામાં ઓછા દરની ટિકિટ લઇ જે ભક્તિભાવે ત્યાં પધાર્યા હતા, અજાણ રહ્યા હતા, એ જોઇને મારી આંખમાં તો આંસુ ભરાઇ આવ્યાં.

રાતે કવિ આવ્યા, ને ખબરદાર-ઠાકોર-બોટાદકરની ત્રિપુટી વાતે ચડી. ભારે રસ જામ્યો. ભાવનગરની એ પરિષદને હું કદી નહિ ભૂલું, કારણ બોટાદકરને પહેલા—અને છેલ્લા ત્યાં જ મળવાનો લાભ મળ્યો.


અવાજની મૃદુતા ને મિઠાશને લઈને વક્તા કેટલી ધારી અસર નિપજાવી શકે છે એનો દાખલો સર પ્રભાશંકર પટ્ટણી. ખાસ્સી તળપદી ભાષા, ઘરગથ્થુ કહેવતો અને દેશ્ય શબ્દોના પ્રયોગો, એ બધું ભેગું થઈ નીતરતી કુદરતી જબાન, એવી મીઠી અને મધુરી લાગે કે આપણે સાંભળ્યા જ કરીએ. દસેક વર્ષે ફરી પાછા એમને લાઠીમાં સાંભળ્યા: એ જ મિઠાશ, એ જ માર્દવ. પણ એ વિષે તો ત્યારે.

ભાવનગરથી સંઘ નીકળ્યો ત્યારે ગાડીને છેડે જોડાએલા બે કૅમ્પાર્ટમેન્ટના એક નાના ડબ્બામાં એકમાં ધ્રુવ કુટુંબ. બીજામાં અમે-બળવંતરાય ઠાકોર, દી. બ. કૃષ્ણલાલ ઝવેરી, સર રમણભાઇ નીલકંઠ, નટુભાઇ ધ્રુવ, ડૉ. સુમન્ત મહેતા, અને હું ઠાકોરની આંગળીએ. ડૉક્ટર સાહેબને હું સારી રીતે ઓળખું, એટલે અમે બે તો ઉપરના પાટિયા પર ચડીને બેઠા, અને બહુ વાતો કરી. રમણભાઈ નીલકંઠનો પરિચય ત્યાં થયો. મને તો નાનો જાણી એમના ટીખળ અને મજાકનો ભોગ ન બનાવ્યો, પણ ઠાકોર તેમજ ઝવેરીને તો એમણે જરા પણ છોડચા નહિ. ટોળટપ્પા ને ઠઠ્ઠામશ્કરીની એવી તો મીઠીરીતે જાળ નાખે કે ભલભલા સપડાઇ જ જાય. (ચાલુ)

[નિ બં ધિ કા]

ખોવાએલી છત્રીઓ

લેખક : બકુલ ત્રિપાઠી



←છત્રીઓ કે છાપરાં તળે છુપાવા મથતા માનવીઓની દયા ખાતાં ખાતાં રસ્તા પરનાં પાણી ક્હોળનાં મોજથી ચાલ્યા જવું. . .

'આષાઢસ્ય પ્રથમ દિવસે' મહાકવિ કાલિદાસના પેલા મેઘદૂતવાળા યક્ષનું ભૂત જેમને વળગ્યું હોય છે, તેમને પ્રિયાનો વિરહ સતાવે છે, પણ મને તો મારી ખોવાયેલી છત્રીઓની જ યાદ આવે છે. 'આ છત્રી તો કદીય નહિ ખોઈ નાખું' એવા સંકલ્પ સાથે દર વર્ષે હું નવી છત્રી લાવું છું. પણ ચોમાસાના ચાર મહિના પૂરા થતાં પહેલાં જ શાપિત અપ્સરાઓની જેમ મારી છત્રીઓ પણ અજ્ઞેયતાના સ્વર્ગમાં ઊડી જાય છે : બસમાંથી, કોઈ દુકાનેથી કે કોઇને ઘેરથી ખોવાઇ જાય છે.

પણ એકલી છત્રીઓનો વાંક શું કામ કાઢું? જ્યારે આકાશ જ મારી છત્રી હતું એ બાળપણમાં યે કેટકેટલી ચીજો મેં ખોઈ નાખી છે! જ્યૉર્જ પાંચમાના ચિત્રવાળી ત્રણ બાળપોથી ખોયા પછી જ હું વાંચતા શીખેલો. નહિનહિ તો ય દોઢસો પેનોના ભોગે જ મને સો સુધી લખતાં આવડેલું. પેન્સિલો તો મારી જ નહિ બીજાની ઉધાર માંગીને પણ મેં ખોઈ નાખી છે. હા ફાઉન્ટનપેનો મેં ખાસ ખોઈ નથી; પણ એનાંય ઉપલાં ટોપકાં તો ઠીકઠીક ખોઇ નાખ્યાં છે અને પછી જ બાકીનો ભાગ–જેને અમે વિધવા પેન કહેતા–એને ભાંગીને ચૂરો થઇ જતાં સુધી સાચવી છે. પાકીટો અને ચંપલો પણ અનેકવાર એવી જ રીતે છૂ થઈ ગયાં છે. અને દમયંતીના હાથમાંથી માછલાં સરી ગએલાં એમ પુસ્તકો ય અનેક વાર મારી પાસેથી સરી ગયાં છે. એટલે મારે હાથે છત્રીઓ ખોવાઈ જાય એમાં કંઇ ખાસ નવાઈ નથી.

પણ મારી આ વાત જાણીને તમારે ય કંઈ બહુ ફુલાઈ જવા જેવું તો નથી જ. તમે ભલે આટલી બધી નહિ તો થોડી વસ્તુઓ પણ ખોઈ તો હશે ને? કંઈ નહિ તો છેવટ એકાદ રૂમાલ પણ ન ખોયો હોય એવો માનવી મળવો મુશ્કેલ છે. હા, એક ભાઇ મને મળેલા ખરા. એ છાતી ઠોકીને કહેતા કે પોતે જિંદગીમાં એક પણ રૂમાલ ખોયો નથી. પણ એની તો મને પછીથી ખબર પડી તેમ એમના આ અદ્ભુત પરાક્રમનું કારણ તો એ હતું કે એ કદી રૂમાલ વાપરતા જ નહિ! અરે, ગાંધીજી જેવાએ પણ એકવાર રૂમાલ ખોઈ નાખેલો (ગપ્પું નથી મારતો, હોં, પુરાવા તૈયાર છે.) ત્યાં કદી કશું ન ખોયું હોવાનો દાવો કરનાર તમે કોણ?

ચશ્માં પહેરનારાઓનો તો હમેશનો અનુભવ છે કે એને પણ રૂમાલ જેવી જ ખોવાઈ જવાની ટેવ છે. અને એ લોકોની તો એક વધારાની મુશ્કેલી એ હોય છે કે ખોવાએલા ચશ્માં પણ એમને તો ચશ્માંની મદદ વગર જ શોધવાનાં હોય છે! એક પ્રોફેસરની વાત મેં ક્યાંક વાંચી'તી. એ ચશ્માંની ત્રણ જોડ રાખતા, એટલે એમને કો'ક જિજ્ઞાસુએ પૂછ્યું: 'આ તમે ચશ્માની એક નહિ, બે નહિ ને ત્રણ ત્રણ જોડ રાખો છો. એનું કંઈ કારણબારણ ખરું?'

'ખરુંસ્તો,' પ્રોફેસરે જવાબ આપ્યો, 'જુઓ, એક જોડ તો નજીકની વસ્તુઓ જોવા માટે અને બીજી દૂરની ચીજો જોવા માટે.'

'પણ ત્રીજીની શી જરૂર?'

'પેલી બે જોડ ખોવાઈ જાય ત્યારે એને શોધી કાઢવા માટે!'

વાત તમને વધારેપડતી લાગે તોય વાંધો નહીં. પ્રોફેસરો માટે કહેલું કશું કોઈ દિવસ વધારેપડતું કહેવાય જ નહિ છતાંય આમાં થોડુંક તથ્ય છે એની ના ન કહેવાય. જ્યાં સુધી નાક પર હમેશાં ચોંટી રહે એવાં ચશ્માં નહિ શોધાય ત્યાં સુધી ચશ્માં ખોઇ નાખનારી જમાતને સભ્યોની ખોટ નથી પડવાની.

માનવમાત્રને કંઇ ને કંઈ ખોયા વિના ચાલતું જ નથી. આપણે સામાન્ય માણસો રૂમાલ, ચશ્માં, પેન્ટનાં બક્કલ, નાનકડી પુસ્તિકા કે નવી લીધેલી છત્રી ખોઇ નાખીએ છીએ, કવિવર ટાગોર જેવા મહાપુરુષ પાકીટ ખોઇ નાખે છે (એનો પણ પુરાવો સાબૂત છે) ત્યારે કો'ક કવિઓ વળી પોતાના શ્વાસ ને પ્રાણ જેવું ગીત જ ખોઇ બેસે છે (અને પછી 'મારું ગીત ગયું ખોવાઈ રે'નું ગીત બનાવી દે છે). નવલકથાના નાયકો વળી હૃદય ખોઈ બેસે છે. એથી ય વધુ મોટા મહાનુભાવો વળી જ્યારે ને ત્યારે મગજ જ ખોઇ બેસે છે. જોકે આ છેલ્લી વસ્તુ ખોવાવાની તો એક અજબ ખૂબી છે. બીજી વસ્તુઓ તો જેની પાસે એ ખોવાનારી વસ્તુ હોય તે જ ખોઈ શકે છે, પણ મગજ તો જેની પાસે એ નથી હોતું તે પણ ખોઈ શકે છે. મને તો લાગે છે કે જેની પાસે મગજ નથી હોતું એ જ વધુમાં વધુ વાર તે ખોઈ શકે છે.

આટલું ઓછું હોય એમ આપણે તો સનાતન સત્યો પણ ખોઈ નાખીએ છીએ. કંઈક યુગો પહેલાં ભગવાને અવતાર લઈને આપણને થોડાં ચિરંતન સત્યો સોંપ્યાં. ભગવાન તો એ સત્યોને સૃષ્ટિમાં રમતાં મૂકી પાછા પોઢી ગયા. થોડા સૈકા પછી જાગીને જોયું તો પેલાં સત્યો સંસારમાંથી ગુમ!

'અલ્યાઓ, પેલું ક્યાં ખોઈ નાખ્યું?' એમણે પૂછ્યું.

'શું?' ભોળી જનતાએ પૂછ્યું.

'સત્ય.'

'એ વળી શું?' જનતાએ એવા જ મુગ્ધ હૃદયે પૂછ્યું.

પાછા ભગવાને બીજા એક પેગંબરને મોકલ્યા. એણે દુનિયા

આખી ઊંચીનીચી કરીને પેલાં ખોવાએલાં સત્યો શોધી આપ્યાં: 'જુઓ, હવે ખોઈ નાખતા નહિ' કહીને એ સ્વર્ગમાં ગયા.

થોડો વખત રહીને પાછું ભગવાને ઘાંટો પાડીને પૂછ્યું: 'અલ્યા-ઓ, પેલી ચીજો તો ઠેકાણે છે ને?'

'કઇ પ્રભુ?'

'પેલાં સત્યો—મેં શોધી આપેલાં એ?'

'સત્ય એટલે શું વળી?'

પાછો ખીજે પેગંબર, સત્યની બીજી શોધ,—અને ઘટમાળ ચાલી.

વસ્તુઓ ખોઈ નાખવાની ટેવ જ્યાં આટલી સ્વાભાવિક ને સાર્વત્રિક છે ત્યાં વળી એનાથી છટકવાનો પ્રયત્ન કર્યાનો અર્થ શો? ઘણા માને છે કે બધી વસ્તુઓને બહુ જ વ્યવસ્થિત રાખવાથી, ચીવટ અને સંભાળ રાખવાથી, આ ટેવનું નિવારણ થાય છે. પણ આપણને એ વાતમાં કઈ બહુ તથ્ય દેખાતું નથી. ગમે તે કરોને, વસ્તુઓ ખોવાવાની તે ખોવાવાની જ. એની સામેના બધા ય માનવ પ્રયત્નો મિથ્યા છે.

ગઇ કાલે જ હું બસમાં જતો હતો ત્યારે મને આનો એક વધુ પુરાવો મળ્યો. બસનો કંડક્ટર અમને બધાને ટિકિટો આપતો હતો. કોઇએ ટિકિટ લઇને અનેક ટિકિટોના ઢગલા ભેગી ખિસ્સામાં ખોસી. તો કોઈકે વળી મજબૂત મુઠ્ઠી વાળીને હાથમાં જ પકડી રાખી. એક જણે રમતમાં ને રમતમાં એને ઊડી જવા દીધી, તો બીજા એકે બેધ્યાનપણે એની ગોળી વાળીને મોંમાં મૂકી...

મારી સામે એક બેન બેઠેલાં. કૉલેજમાં જતાં હશે. એમની પાસે કંડક્ટર આવ્યો એટલે એમણે પોતાની પર્સ ઉઘાડી, અંદરથી પાકિટ બહાર કાઢ્યું; પર્સ બંધ કરી, પાકિટ ઉઘાડ્યું; અંદરથી રૂપિયો કાઢ્યો, પાકિટ બંધ કર્યું; પર્સ ઉઘાડી, પાકિટ અંદર મૂકીને પર્સ બંધ કરી; અને રૂપિયો એમણે કંડક્ટરને આપ્યો. કંડક્ટરે ટિકિટ ફાડી આપી એટલે એમણે પર્સ ઉઘાડી, પાકિટ કાઢ્યું; પર્સ બંધ કરી, પાકિટ ઉઘાડ્યું; હળવે રહીને ટીકિટ એમાં મૂકી, પાકિટ બંધ કર્યું; પર્સ ઉઘાડી, પાકિટ એમાં મૂક્યું ને પર્સ બંધ કરી. ત્યાં કંડક્ટરે રૂપિયો ખોટો છે કહીને પાછો આપ્યો. એટલે એમણે પર્સ ઉઘાડી......

પણ આટઆટલી ચોકસાઈ રાખનારે જ્યારે ઊતરીને બસ ઊપડી ગયા પછી અચાનક ચીસ પાડીને ફરિયાદ કરી કે એમનો રૂમાલ બસમાં જ ક્યાંક ખોવાઈ ગયો લાગે છે, ત્યારે ચોકસાઈ વિષેનું મારું બધું માન અમાસના ઓટની જેમ ઊતરી ગયું. બધું જ સંભાળવું, બધું જ વ્યવસ્થિત રાખવું, કશું જ ખોવાવા ન દેવું એ ભલે અશક્ય નહિ હોય, ખૂબ મુશ્કેલ તો છે જ.

અને એમ માનીએ કે એ બેનમાં સાચી ચોકસાઈ હતી જ નહિ, તો યે શું? વ્યવસ્થાના ખરા ભક્તો પણ વસ્તુ ખોવાવાની બાબતમાં સુખી નથી હોતા. આપણું તો સુખ છે કે ચીજ ખોવાવાની હમેશની ટેવને લીધે એ ખોવાતાં આપણે અકળાતા નથી; પણ આ વ્યવસ્થાની જીવંત મૂર્તિઓની ચીજ જ્યારે ખોવાય છે—વર્ષે, અરે દસ વર્ષે એકાદવાર પણ ખોવાય છે—ત્યારે એમનું હૃદય એવું તો ભાંગીને ભુક્કો થઈ જાય છે કે વાત નહિ.

મારા એક મિત્ર છે. જબરા વ્યવસ્થિત છે. વાળની લટથી માંડીને પાંચ વરસ પહેલાંની પસ્તીને પણ એ ઠેકાણે રાખવામાં માને છે. પણ સતી સીતાને માથે કલંક આવેલું તેમ એમની વસ્તુઓ પણ કો'ક કો'ક વાર ખોવાય છે. અને પછી એમની દશા તમે જોઈ હોય તો કરુણાથી તમારું હૃદય દ્રવી જાય. સવારમાં જો દૂથબ્રશ ખોવાયું હોય તો પછી બાવળના દાતણથી એ કામચલાઉ દાતણ કરે ખરા. પણ એમનું હૃદય તો દૂથબ્રશમાં જ હોય. એ નહાય, જમે, ઑફિસે જાય, તો ય એમનું મન તો ચગડોળે જ ચડ્યું હોય: 'ક્યાં હશે દૂથબ્રશ? એ ખોવાય જ કેવી રીતે? મારી વસ્તુ ગુમ થાય જ કેમ કરીને? એમ ને એમ તો ખોવાય જ નહિ. કોઈ ચોરી તો નહિ ગયું હોય? કોણ ચોરી ગયું હશે? કેવી રીતે ચોરી ગયું હશે? હવે શું થશે?...' એમ ને એમ એ ચિંતા કર્યા જ કરે. અંતે ઘરનાં બધાં જ ભેગાં થઈને શોધાશોધ કરીને એ બ્રશ શોધી કાઢે ત્યારે જ એમના હૃદયને શાંતિ થાય. દૂથબ્રશ જ નહિ, વપરાએલી બ્લેડ, ભાંગેલો કાંસકો કે શાહીના ડાઘા લ્હોવાનો ટુકડો સુદ્ધાં ખોવાય છે તો એમનું હૃદય વિરહવેદનાથી આકુળવ્યાકુળ થઈ જાય છે. વસ્તુની કિંમત કરતાં, એ ખોવાયાથી પોતાની ચોકસાઈને લાગેલા કલંકની ચિંતા એમને વધુ હોય છે. એટલે મને તો વ્યવસ્થિત રહીને વસ્તુ ખોવાવા ન દેવાનો મોહ રાખવાને બદલે ફિલસૂફીનો રસ્તો લેવો જ વધુ ગમે છે.

બે માણસો વાત કરતા'તા. એકે કહ્યું: 'પેલું મને આપીશ?'

'નહિ.'

'નહિ આપે?'

'ના.'

'જોવા જેવી થશે, હો!'

'ગમે તે થાય, નહિ આપું.'

'દોસ્ત, આપ ને!'

'ઉહું.'

'કહું છું મહેરબાની કરીને આપ,'

'ના.'

'નથી જ આપવું, કેમ?'

'ના, ના, ને ના; બસ?'


'જા, ત્યારે અહીં જોઈએ છે ય કોને? હું તો તારી પરીક્ષા કરવા જ માગતો'તો. બાકી તું આપેને, તોય હું ના લઉં...'

આ છેલ્લો જવાબ એ જ આદર્શ ફિલસૂફી દર્શાવે છે. આપણી વસ્તુઓ ખોવાતી હોય—ખોવાતી જોઈએ એથી ય વધુ ખોવાતી હોય તો એક કામ કરવું જોઈએ—એનો મોહ છોડી દેવો.

છત્રીનો, એના વિના કપડાં ભીંજાવાની બીકનો, અને શરદીથી બચવાની હોંસનો મોહ છોડી દેવાથી ગયે ચોમાસે મને ક્યાં ઓછો આનંદ મળેલો? સાંજે ધોધમાર વરસતા વરસાદ વચ્ચે, સડક પરનાં પાણી ડહોળતાં મોજથી ચાલ્યા જવું—છત્રીમાં કે છાપરા નીચે છુપાવા મથતા માનવીઓની બીકના પર દયા ખાતાં ખાતાં, આપણે અને વર્ષા જાણે એક જ સૃષ્ટિનાં હોઈએ અને એ બીકણ લોકો જાણે કોઇ અન્ય જ સૃષ્ટિનાં અજ્ઞાન વાસીઓ હોય એમ ગણીને પાણીથી તરબોળ થઇને વર્ષામાં મહાલતા જવું, એ પણ એક લહાવો છે એ મને તે દિવસે સમજાયું. છત્રીથી ભલે આપણે રોજ બેચાર આનાનો સાબુ બચાવતા હોઇશું, પણ જિંદગીનાં થોડાં જ વર્ષ મળની, છેક શૈશવની સાથે જ વિદાય કરી દીધેલી, એક માનવી સિવાય સારી સૃષ્ટિથી અનુભવાતી, એવી એક અનોખી મોજ આપણે ખોઇએ છીએ એ પણ છત્રીને જ લીધેને? છત્રી ઓઢીને જાણે આપણે જોરથી આંખો મીંચી માથું ધુણાવીને કહી રહ્યા છીએ: ના, ના, ના; અમારે નથી ઝીલવો આ જલધારાઓમાંથી ગળાઈને આવતો પ્રકાશ, નથી જોઈતી જોજનોના પ્રવાસ ખેડીને આવેલી મહાસાગરની ભેટ, નથી જોઈતી મુક્ત ઉલ્લાસની છોળો;—અમને તો અગારા, સેલ્સટૅક્સ સાથે ત્રણ રૂપિયે સાડાચાર આને વાર આવેલા કાપડની વધુ ચિંતા છે...'

આપણે તો ભાઇ, માનતા થઇ ગયા છીએ કે કંઇક ખોવાય છે ત્યારે કંઇક તો જડે જ છે.

પચ્ચીસ વર્ષ પહેલાં



અંક ૩૨ મો : શ્રાવણ ૧૯૮૨

શ્રાવણ માસમાં આવતી બળેવને નિમિત્તે એ માસનો અંક 'વીરપસલી અંક' તરીકે કાઢવાની કુમારોચિત કલ્પના પહેલી 'કુમારે' સાકાર કર્યા પછીના આ ત્રીજા એવા અંકમાં સરોજિની નાયડુનું ચરિત્ર, 'મંગલ કળા' તરીકે બહેનને બિરદાવતો ભાવનાલેખ, ઇંગ્લિશ ચૅનલની દોહ્યલી ખાડી ૧૮ વરસની ઉંમરે તરી જનાર અદ્‌ભુત તારુ મિસ ગર્ટ્રુડ એડેરલનો, તથા પોતાના અંગબળના પ્રયોગોથી 'ઇંડિયન લેડી સૅમ્સન' તરીકે દેશપરદેશમાં નામના મેળવનાર હિંદી બલવતી નારી 'વીરાંગના તારાબાઇ'નો શ્રી હરિનારાયણ આચાર્યે લખેલો પ્રેરક પરિચયલેખ, 'એક માનાં પેટ' વાળી ભાઈબહેનની નિયતિની લૂલી કરુણ લોકકથા તથા 'આત્મરક્ષી અબળાઓ'ના મથાળા નીચે આર્ય નારીઓની વીરતા નિર્દેશતા દેશના સમકાલીન પ્રસંગો, એવી વિવિધ સામગ્રી એમાં હતી.

ઘણા માસિકો જેનું અનુકરણ કરવા મથવા છતાં પણ સફળ નથી થયા, જે સદા યે તાજું, રસભર્યું ને સમૃદ્ધ રહ્યું છે, ને આજે વાંચકો જેને સૌથી પહેલું વાંચે છે તે 'છેલ્લું પાનું' આ અંકથી શરૂ થયું.

અનેક કડવા-મીઠા અનુભવોથી જેમનું જીવન ઘડાયું હતું, અને છેક ૬૯ વર્ષની વયે અવસાન પામવા સુધી જેમનાં જોમ અને ઉત્સાહ એક જુવાનને પણ શરમાવે એવાં હતાં તે, સ્વાશ્રયે જીવનઘડતર અને સંસ્કારસંચય કરી 'સાચ્ચા ગુજરાતી' તરીકેની છાપ ધરાવનાર સ્વ. ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઇએ આ અંકથી 'મારી પોતાની વાત'ના મથાળા હેઠળ રસાળી, રમૂજી શૈલીમાં આપકથા શરૂ કરી હતી. તેમાંનો એક પ્રસંગ ઉતારીએ:

"મારા બાપા પોતાની ૧૨ વર્ષની ઉંમરે દોરીલોટો લઇને નોકરી શોધવા નીકળેલા. થોડું વાંચતાંલખતાં શીખ્યા હતા અને વડોદરામાં એમના એક કાકા સારી નોકરીમાં હતા એમની ઓથે અલીણેથી પગરસ્તે ગએલા. ત્યાં એમને કાકાએ થોડુંક વધારે ભણાવ્યા અને બળિયા ટાંકનારની મહિને છ રૂપિયાની નોકરી અપાવી.

અલીણા એ નડિયાદ તાલુકાનું, ડાકોરથી પાંચ માઇલ પર આવેલું ગામ છે. ત્યાં અમારા બાપદાદા અકબરના વખતમાં પંજાબથી આવીને રહેલા એમ કહેવાય છે. અમે જ્ઞાતે બ્રહ્મક્ષત્રિય કહેવાઇએ છીએ. પંજાબથી ગુજરાત, કાઠિયાવાડ ને દક્ષિણમાં અમારી કોમવાળાઓને મોકલનાર ટોડરમલ હતો. એણે અમારા લોકોને જાગીરો આપીને મોકલેલા. તે અમારી જ જ્ઞાતિનો હતો.

ડાકોર અલીણાથી પાંચ માઇલ થાય, એટલે રણછોડરાયજીનાં દર્શનનો તો ખૂબ લાભ અમે મેળવ્યો છે. એ ભવ્ય મંદિર, સમય-સમયનાં દર્શનનું સુખ, દીપમાળો, ડંકનાથ મહાદેવ, ગોમતી તળાવ, ગૌશાળાઓ, એ બધાંની, અમારી કલ્પનાશક્તિ અને ભક્તિભાવ પર કંઇ જેવીતેવી અસર નથી થઈ. ધર્મશાળાઓ, ઓવારાઓ, સદાવ્રતો, ભાગોળો, વાવો, તુલસીક્યારાઓ, તળાવો, મંદિરો આ દરમિયાન મેં બહુ જોયાં હતાં અને એ દરેકની અનેક વાતો મારાં જીજીએ અને મારી બાએ વારંવાર કહી હતી. તે વખતની એક વાત યાદ આવે છે.

પેશ્વાઓએ તાંબેકરને ડાકોર સોંપ્યું હતું. તાંબેકરે ત્યાં આ મંદિર બંધાવ્યું. મંદિર તૈયાર થયું અને છેવટે એમાં રંગ થવા માંડયા. એ અરસામાં દર પૂનમે એક ગરીબ વૈષ્ણવ રણછોડરાયનાં દર્શન કરવા આવે. એને મંદિરના રંગો બહુ ગમ્યા અને પોતાની પાસે ફક્ત એક ઢબુ પૈસો હતો તે કડિયાઓને આપી આવ્યો ને કહી આવ્યો કે મારા ગરીબ તરફથી પણ આ બે પૈસાનો રંગ લાવીને એમાં નાખજો.

પછી રંગ થયા ત્યારે, કડિયાઓ કહેતા હતા કે, આખા મંદિરમાં સૌથી સરસ રંગ જો કોઇનો શોભતો હોય તો તે પેલા ગરીબ વૈષ્ણવના ઢબુનો. એ બે પૈસાનો જે રંગ આણીને અમે નાખ્યો તે સૌથી જુદો પડે છે ને ઝળકી રહ્યો છે! તાંબેકરે એ વાત સાંભળી ત્યારે એનાં પડળ પણ ખુલી ગયાં. ત્યાર પછી એ પેલા વૈષ્ણવને પગે લાગતો ને એના જેવી ભક્તિ પોતાના હૃદયમાં ઉદય પામે તે માટે પ્રાર્થના કરતો."

જગતકિરીટ સમ ઊંચાં ઉજ્જ્વલ હિમશિખરોનું દર્શનધામ અને હિમાલયનો ઉત્કૃષ્ટ ગિરિનિવાસ, હિમગિરિનું મુખદ્વાર અને બ્રિટિશ સત્તાનું લશ્કરી તથા વેપારી નાકું, અવનવા રિવાજોવાળી ચિત્રવિચિત્ર જાતિઓનું નિવાસસ્થાન ને ભરચક કુદરતની અનેકરંગી લીલાઓનું વિહારસ્થાન—એવા વિવિધતાભર્યા ને મનોહર, અદ્‌ભુત ને સુંદર દાર્જિલિંગનો રસમય પરિચય આ અંકમાં આવેલો. એનો સારભાગ:

દાર્જિલિંગને હિમાલયનું એક મુખ્ય દ્વાર કહી શકાય, કેમકે ત્યાંથી જ શિખરશિરોમણિ એવરેસ્ટનો માર્ગ જાય છે, ત્યાંથી જ નેપાળ, ભુતાન અને સિક્કિમની સરહદો શરૂ થાય છે, ત્યાંથી જ તિબેટના રાજનગર લ્હાસા જવાનો ધોરી માર્ગ છે, અને બધા મુલકોનો હિંદ સાથેના વ્યવહાર ને વ્યાપારનો જબરો પ્રવાહ પણ ત્યાંથી જ વહે છે.

કલકત્તાની ઉત્તરે ૭૦૦૦ ફૂટની ઊંચાઇએ હિમાલયના ઉંબર પર જ દાર્જિલિંગ આવેલું છે. ત્યાં જવાને કલકત્તાના સિયાલ્દા સ્ટેશનેથી સાંજે દાર્જિલિંગ મેઈલ ઊપડે છે. આ મેઈલની ઝડપ કલાકે સાઠ માઈલની—હિંદુસ્તાનની કોઇ પણ ટ્રેઈન કરતાં વધારે હોય છે.

કલકત્તાથી ૩૩૫ માઇલ દૂર સીલીગુરી સ્ટેશન આગળ આ ટ્રેઈનની મુસાફરી પૂરી થાય છે ને સવારના છ વાગ્યે ત્યાં પહોંચતાં, પ્લૅટફૉર્મની બીજી બાજુએ દાર્જિલિંગ-હિમાલયન રેલવેનાં ટચુકડાં એન્જિન અને રમકડાં જેવા ડબ્બા તૈયાર દેખાય છે. સીલીગુરીથી દાર્જિલિંગ સુધીની ૫૧ માઈલની મુસાફરી, બે ફૂટ પહોળાઇના પાટા પર ચાલતી આ ટચુકડી ગાડીમાં જ કરવાની હોય છે.

સીલીગુરીથી થોડે સુધી સપાટ અને રસાળ ભૂમિ પર વાંસના ઝુંડોમાં નજીકનજીક વસેલાં ગામડાં અને રાજબાની લોકોનાં સુંદર ઝૂંપડાં મનોહર દશ્ય ઉપજાવે છે. પહાડની રેલવેનો હિમાલય પરનો ચડાવ સુકના સ્ટેશનેથી શરૂ થાય છે, અને ત્યાંથી દસ માઈલની ઝડપ થઈ જાય છે. દરેક એન્જિનની પાછળ ત્રણચાર જ ડબા રાખી બેત્રણ નાનીનાની ટ્રેઈન કરી નાખવામાં આવે છે, અને એક પાછળ એક એમ એ ગાડીઓ ધીમેધીમે પહાડની કેડ પર પાડેલા કંદોરા ઉપર વાંક લેતી ચડે છે. તે વખતે પાછળ દેખાતા નીચેના રસ્તાઓ, બાગો અને બદલાતાં દશ્યો જોઇ હૈયું કૂદતું લાગે. પાકા સાગનાં ઊંચાં

ઝાડોનાં ગીચ જંગલ વચ્ચે ગાડી નાગણની પેઠે ફૂંફાડા મારતી જેમ-જેમ ઉપર ને ઉપર ધસતી જાય છે તેમતેમ હવા બદલાતી લાગે છે. સીલીગુરી આગળ ઉનાળાનો સખત તડકો અનુભવી, તરત બેત્રણ કલાક પછી ધુમ્મસ અને વાદળાંના પ્રદેશમાં પહોંચીએ છીએ ત્યારે બધું સ્વપ્ન જેવું લાગે છે. સીલીગુરીથી જ બધા મુસાફરો ગરમ કપડાં પહેરી લે છે. અરધે રસ્તે કરસ્યૉંગ સ્ટેશન આવે છે ત્યાંથી એન્જિનનું મોં બદલાઈ જાય છે અને ત્યાંથી ગાડી ચોગડાના આકારમાં ફરીને ઉપરનો માર્ગ લે છે. અહીંથી મુસાફરોને ભુતિયા અને નેપાળી ચહેરા તથા પોશાકો નજરે પડવા માંડે છે. ઘુમનું સ્ટેશન આવતાં તો એવા વાયરા છૂટે છે કે નવા જનારને થોડી વાર શરદી થવાનો ભય લાગે! ઘુમનો પહાડ ઓળંગી, ગાડી તેની પાછળ નીચે ૧૦૦૦ ફૂટને ઢોળાવે ચાર માઇલ પર આવેલા દાર્જિલિંગ સ્ટેશન આગળ અટકે છે.

દાર્જિલિંગ નામ કેમ પડ્યું તેને લગતી બે વાતો છે. 'દાર્જ-લિંગ'નો અર્થ ઈન્દ્રનું વજ્ર એવો થાય છે. બીજી વાત એ છે કે દાર્જે નામનો બૌદ્ધ લામા ત્યાં રહેતો અને સિક્કિમ રાજ્યને તેની મહેસુલ ભરતો. તે પરથી એ દાર્જે લામાની હકુમતનો પ્રદેશ તે દાર્જેલિંગ કહેવાતો. તે વેળા તેની વસતિ ૧૦૦ માણસોની જ હતી. મૂળ નેપાળે એ પ્રદેશ સિક્કિમ પાસેથી છીની લીધેલો. પણ ૧૮૧૩માં જનરલ ઑક્ટરલોની-એ ગુરખાઓને હરાવ્યા ને અંગ્રેજોને નેપાળ સાથે સેગાઉલીની સંધિ થઈ તેમાં નેપાળે ૪૦૦૦ ચોરસ માઈલ જેટલો મુલક છોડી દીધો. એ મુલક ચોક્કસ શરતો સાથે બ્રિટિશે સિક્કિમને આપ્યો.

ઈ. સ. ૧૮૨૮માં જનરલ લૉઇડ અને જનરલ ગ્રાન્ટ નેપાળ અને સિક્કિમની તકરાર પતાવવા ગએલા. તેમણે વળતાં દાર્જિલિંગની પશ્ચિમે આવેલા મંગટાંગ ગામે મુકામ કર્યો, ત્યારે એ જગ્યાની હવા તેમને બહુ માફક જણાઈ. આ ઉપરથી તેમણે બંગાળના ગવર્નરને સરસ રીપોર્ટ મોકલ્યો, જે પરથી સરકારે ઠરાવ્યું કે ઇસ્ટ ઈન્ડિયા કંપની વતી જનરલ લૉઇડ સિક્કિમ જોડે મસલત ચલાવી દાર્જિલિંગ-નો પહાડી પ્રદેશ માગી લે. અત્યાર સુધી દાર્જિલિંગની વાર્ષિક ઉપજ સિક્કિમને માત્ર વીસ રૂપિયા જેટલી થતી; પણ ઈ. સ. ૧૮૩૫ના ફેબ્રુ-આરીની પહેલી તારીખે સિક્કિમના રાજાએ ઇસ્ટ ઇન્ડિયા કંપનીને મિત્રદાવે દાર્જિલિંગ અને કરસ્યૉંગવાળો ૨૪ માઈલ લાંબો અને છ માઈલ પહોળો પ્રદેશ હવા ખાવાનું મથક બનાવવા આપ્યો, અને કંપની સરકારે આ બદલ સિક્કિમ રાજ્યને દર વરસે રૂ. ૩૦૦૦ આપ-વાનું ઠરાવ્યું, જે રકમ પાછળથી વધારીને ૬૦૦૦ની કરવામાં આવી.

થોડા વરસ બાદ ડૉ. જૉસેફ હુકર અને ડૉ. કૅમ્પબેલ નામના બે અંગ્રેજો હિમાલય વિષે શોધખોળ કરતાકરતા સિક્કિમની હદમાં ગયા. તેમને ત્યાંના દીવાને કોઈ કારણસર પકડી કેદ કર્યા. સરકારે આ બહાનાનો લાભ લઈ તરત જ (૧૮૫૦માં) સિક્કિમની સરહદ પર પોતાનું ખાસ લશ્કર ગોઠવી દીધું, સિક્કિમ રાજ્યને અપાતી વાર્ષિક રકમ બંધ કરી અને દાર્જિલિંગને લગતો ૬૪૦ ચોરસ માઈલ-ના વિસ્તારનો પ્રદેશ ખાલસા કરી બ્રિટિશ હદમાં જોડી દીધો!

દાર્જિલિંગ હિમાલયનું મુખદ્વાર અને સુંદર હવાપાણીની અનુ-કૂળતાવાળું ઊંચામાં ઊંચું સ્થાન છે, જ્યાંથી આસપાસના પ્રદેશો પર નજર તથા કાબૂ રાખી શકાય એવું એક મજબૂત લશ્કરી નાકું છે, એ પરિસ્થિતિ ચતુર અંગ્રેજે પહેલેથી જ માપી લીધી, એટલે લાગ મળતાં મુત્સદ્દીગીરીથી એ નાકું હાથ કર્યું. દાર્જિલિંગની અદ્ભુત પ્રાણ-દાયક હવા ઉપરાંત ત્યાંથી સતત દેખાતાં હિમશિખરોની પરંપરાનો દેખાવ જગતમાં અજોડ છે. હિમાલયનું સર્વસુંદર શિખર કાંચનગંગા (એનું ખરું નામ કિન-ચુન-જંગ છે) ત્યાંથી માત્ર ૪૦ માઈલ છે. દાર્જિલિંગ-થી ચારેક માઈલ આવેલી 'ટાઇગર હિલ' પરથી એ કાંચનગંગા પરનો સૂર્યોદય જોવો એ આ જગતનું ને જીવનનું વિરલ દૃશ્ય છે. હિંદમાં આવેલો દરેક પરદેશી મુસાફર એ સૂર્યોદય જોવા ઝંખે છે. એ જોવા રાતના ત્રણ વાગ્યે ત્યાં હાજર થઈ જવું જોઈએ, કારણ કે સૂર્યોદય સાડા-ચાર વાગે દેખાય છે! સૂર્યોદય વખતે સામે વાદળાંનો મહાન સાગર દેખાય છે અને તેની ક્ષિતિજ ઉપરથી સૂર્યનાં પહેલાં કિરણો ફૂટે છે ત્યારે વાદળાં પર અવનવા રંગો ફેલાય છે. વરસમાં કોઈક જ વાર અહીંનો દેખાવ પૂરેપૂરો જામે છે; પણ જ્યારે એવો યોગ થાય છે ત્યારે દુનિયામાં કોઈ સ્થળે ન જોવા મળે એવું અદ્ભુત દૃશ્ય દેખાય છે.

દાર્જિલિંગની વસતિમાં મોટે ભાગે નેપાળીઓ છે. એ લોકો પણ ઘણી કોમો છે: લીંબુઆ, લેપ્ચા, ભુતિયા, ગુરગા; દરેકની ભાષા જુદી, વ્યવહાર પણ જુદા. આ ઉપરાંત બંગાળીઓ, પંજાબી-ઓ, કાશ્મીરીઓ વગેરે વેપાર ને ઑફિસોને લીધે ત્યાં વસ્યા છે.

દાર્જિલિંગથી આગળનું ઘુમ સ્ટેશન છે ત્યાંથી ટાઇગર હિલ પર જવાય છે. ત્યાંનો ઘુમનો મઠ પણ જોવા જેવો છે. દિશાઓ ખુલ્લી હોય છે ત્યારે ત્યાંથી નેપાળ અને સિક્કિમ દેખાય છે. ઘુમ સ્ટેશનથી થોડે જ દૂર પંદર મિનિટને રસ્તે આવેલો બૌદ્ધ મઠ સુંદર છે. ચિનાઈ અસરવાળું એ મકાન એક પહાડને છેડે આવેલું છે. મઠ-ની ઓસરીની તથા અંદરની ચારે બાજુની દીવાલો સાંપ્રદાયિક ચિત્રોથી ભરપૂર છે. ને સામે ઠેઠ છત સુધી પહોંચતી બુદ્ધ ભગવાનના મૈત્રેય રૂપની અતીવ મધુર અને સુંદર મોટી મૂર્તિ છે. ભીંત પરનાં ચિત્રોની શૈલી, રેખાઓ, અંગમરોડની ઢબ અને રંગપૂરણી અજં-તાની સીધેસીધી પ્રસાદી હોય એવું લાગે છે.

દાર્જિલિંગથી દસ માઈલ દૂર નીચે રંગીત નદી વહે છે. તેની સામે પાર સિક્કિમની હદ ને આ બાજુ હિંદની હદ છે. રંગીતને કાંઠેકાંઠે બાર માઈલ ચાલ્યા પછી ટિસ્ટા નદીને તે મળે છે. તે ઠેકાણે અત્યંત સુંદર દેખાવ બને છે. પ્રયાગના ગંગા-યમુનાના સંગમ પેઠે આ બંનેનાં પાણી પણ ભિન્નભિન્ન રંગનાં હોવાથી સંગમનું દૃશ્ય મનોહર લાગે છે. બંને પહાડી નદીઓ એટલા જોસથી ધસમસતી વહેતી આવે છે કે સંગમ થતો હોવા છતાં પણ થોડેક દૂર સુધી તો એમનાં ભિન્નભિન્ન રંગી પાણી એકબીજાની પડખોપડખ અલગઅલગ વહી જાય છે।


દાર્જિલિંગની ચા મશહૂર છે. એ આખો પ્રદેશ ચાનું જબરું મથક છે. આસપાસના પર્વતની ટેકરીઓ ચાનાં ખેતરોથી ઊભરાય છે. ધંધામાં મુખ્ય અંગ્રેજો ઉપરાંત થોડા દેશી વેપારીઓ પણ છે. ચાનું પહેલું વાવેતર કરનાર ડૉ. કૅમ્પબેલે ૧૮૫૬માં તેની શરૂઆત કરેલી.

આ અંકના પક્ષીનિરીક્ષણના હપતામાં એક ઉપયોગી સૂચના હતી: "આપણા ઘરઆંગણે પાણી અને દાણાનાં કૂંડાં ટાંગવાનો રિવાજ પક્ષીનિરીક્ષણમાં ખાસ ઉપયોગી છે. જાતજાતનાં પક્ષીઓ દાણા-પાણી માટે તે પર આવે છે ત્યારે નોંધ લેવાની ઘણી સારી તક મળે.

આપણે ત્યાં ઝાડ તો પુષ્કળ હોય છે. આપણા ઘરની બારી-માંથી પાસેના ઝાડની ડાળ સાથે એક તાર બાંધવો. પછી તે તાર-માં એક ગરેડી પરોવી તેના ઉપર વાળા વતી એક ટોપલી બાંધી તે તાર પર લટકાવવી. તારનો બારી તરફનો છેડો ઊંચો કરવાથી તે ટોપલી ગરેડી પર ઝાડ તરફ સરકી જશે, અને નીચો કરવાથી તે પાછી સરીને બારીમાં આવશે. આવી બે ટોપલી રાખવી. એકમાં દાણા અને બીજીમાં પાણીનું વાસણ મૂકવું. પછી તારનો છેડો ઊંચો કરવો એટલે ટોપલીઓ ઝાડની ડાળ પાસે જઈ અટકશે. અહીં પુષ્કળ પક્ષીઓ દાણા-પાણી માટે આવશે, તેમનો મધુર કલરવ મચી રહેશે અને સવાર-સાંજ તેમને વિષે ઘણું નિરીક્ષણ કરવાનું મળશે."

આપણો રાષ્ટ્રધ્વજ

એનો ઇતિહાસ અર્થ અને ઉપયોગ



નીલ ગગનની નીલપ પીની ઉન્નત તુજ આંખડલી,
અરુણ તણે કેસરિયે અંજન બીજી મીટ મઢીલી,
ઝંડા' શશિદેવે સીંચી
ત્રિલોચન 'ધવલ આંખ ત્રીજી.

એ ત્રણ આંખ ભરી તેં દીઠાં તુજ ગૌરવ-રખવાળાં,
શ્રીફળના ગોટા સમ ફૂટ્યાં ફડ ફડ શીશ સુંવાળાં:
ઝંડા સાહિદ રહેજે હો
અમારા મૂંગા ભોગ તણો.

(મેઘાણી)

સ્વતંત્ર ભારતના અનેક રીતે નિરાળા એવા આપણા આજના રાષ્ટ્રધ્વજનો પણ નાનકડો ઇતિહાસ છે. એના ત્રણ રંગ અને ચક્રની પાછળ આ દેશની સનાતન પ્રણાલી ને ચેતના રહેલાં છે. સમ્રાટ અશોકની ૨,૦૦૦ વર્ષથી ચાલી આવતી પ્રણાલિકા અને રાષ્ટ્રપિતા ગાંધીજીએ દેશભરમાં પ્રસરાવેલી સ્વાતંત્ર્યની ચેતનાનું એ પ્રતીક છે. અશોકના એ ધર્મચક્ર પાછળ કેવળ સાંસ્કૃતિક ગાથા જ નહિ, પરંતુ ભારતનો જગત પ્રત્યેનો શાંતિ ને સદ્‌ભાવનાનો સંદેશ પણ છે. તેના ત્રણ રંગોમાં ગાંધીવાદનો વિજય અંકિત કરતાં, ત્યાગ ને નમ્રતા, સત્ય ને સાદાઇ તથા દાક્ષિણ્ય ને શ્રદ્ધાનો સંદેશ રહેલો છે.

એવો ઉલ્લેખ મળે છે કે આ યુગમાં રાષ્ટ્રધ્વજનો ખ્યાલ સૌ પ્રથમ રાજા રામમોહનરાયને આવ્યો. અંગ્રેજ રાજ્યની સ્થાપના પછી રાષ્ટ્રીય પુનર્વિધાનના આદિ વિચારકોમાં અગ્રણી એ મહાનુભાવને પશ્ચિમની સ્વતંત્ર વિચારસરણીએ અનેક દિશામાં નવઉત્થાન કરવા પ્રેરેલા. એ સમયે સમસ્ત યુરોપ પર અસર કરનારી ફ્રાંસની ક્રાંતિના, અને સમાનતા. ભ્રાતૃભાવ તથા સ્વાતંત્ર્યની ત્રિવિધ ભાવનાના પ્રતીક રૂપ તેના ત્રિરંગી ધ્વજની તેમના પર ઊંડી છાપ પડી. એમને જ પ્રથમ થયું કે આપણા નવવિધાન માટે પણ આપણાં અરમાન અને આકાંક્ષાઓના પ્રતીક રૂપ કોઈ ધ્વજ હોવો જોઇએ; અને શરૂઆતમાં એમણે તો, સમસ્ત માનવજાતની સમાનતા, સ્વતંત્રતા તથા ભ્રાતૃભાવ પ્રબોધતા ફ્રાન્સના ધ્વજને જ અપનાવી લઇ 'કલકત્તા મૉન્યુમેન્ટ'ના પગથિયા આગળ. વર્ષોવર્ષ 'બૅસ્ટાઈલ ડે'ના દિવસે ધ્વજવંદન શરૂ કર્યું, જે તેમના અવસાન બાદ પણ ચાલુ રહેલું.

ત્યાર પછી બંગભંગ સમયે જ્યારે આપણી રાષ્ટ્રીય ચેતનાએ પારતંત્ર્ય અને જુલમનો પ્રતિકાર કરી રાષ્ટ્રીય લડતનું રૂપ લીધું ત્યારે આપણા પોતાના ધ્વજનો અભાવ સ્પષ્ટ જણાવા લાગ્યો. અને સ્વાભાવિકરીતે જ, ફ્રાંસના ધ્વજના અનુકરણમાં થોડા ફેરફાર સાથે આપણે પણ ત્રિરંગી ધ્વજ બનાવ્યો. એનું પ્રથમ ધ્વજવંદન ઈ. ૧૯૦૬ના ઑગસ્ટની ૭મી તારીખે કલકત્તામાં અપર સર્ક્યુલર રોડ પરના ફેડરેશન હૉલમાં સર સુરેન્દ્રનાથ બૅનરજીને હાથે થયું. એમાં હિંદુઓ માટે કેસરી, મુસ્લિમો માટે લીલો અને શીખો માટે કાળો, એમ ત્રણ રંગ હતા. એ કાળે અંગ્રેજોની ફૂટ નીતિથી વિભાજિત થતા જતા દેશને એક સૂત્રે બાંધવા માટે બધી કોમોને એકત્ર કરવા સારુ ફ્રેન્ચ ધ્વજમાંની ભાવનાઓને બદલે કોમોનાં પ્રતીકો યોજવામાં આવેલાં.

એક બીજી માહિતી એવી છે કે પ્રથમ ધ્વજવંદન કલકત્તામાં ગ્રીન પાર્કમાં પારસી બગાન સ્ક્વેરમાં થએલું અને એ ધ્વજમાં અનુક્રમે લાલ, પીળો અને લીલો એમ ત્રણ પટ્ટા હતા. જે પૈકી મથાળાના લાલ પટ્ટામાં હિંદુઓના પ્રતીક રૂપ આઠ કમળ, નીચલા લીલા પટ્ટામાં મુસ્લિમોના પ્રતીક રૂપ ચંદ્ર-તારક તથા પારસીઓના પ્રતીક રૂપ સૂર્ય, અને વચલા પીળા પટ્ટામાં ઘેરા આસમાની અક્ષરે 'વંદેમાતરમ્' અક્ષરો લખેલા હતા (જુઓ ચિત્ર ૧).


ગમે તેમ; પણ જ્યારે મિદનાપુરનો ક્રાંતિકારી હેમચન્દ્ર કાનૂનગો બૉંબની બનાવટ શીખવા ફ્રાંસ ગયો ત્યારે તેણે હિંદનો આ પ્રથમ રાષ્ટ્રધ્વજ ત્યાં દેશપારી ભોગવતાં ક્રાંતિકારી પારસી બાઈ માદામ કામાને બતાવ્યો. એમણે તેમાં થોડો ફેરફાર કરીને હિંદના ધ્વજ તરીકે અપનાવ્યો, એટલું જ નહિ પણ બર્લિનમાં ઈ. ૧૯૦૭માં ભરાએલા 'સોશ્યાલિસ્ટ ઇન્ટરનૅશનલ' (આંતરરાષ્ટ્રીય સમાજવાદીઓ)ના વાર્ષિક અધિવેશન પ્રસંગે, એમણે તથા એમના સાથી હદપાર હિંદી ક્રાંતિકારીઓના દળે હિંદના પ્રતિનિધિ રૂપે એ ધ્વજ પેશ કર્યો. તેમાં ફેર એ હતો કે ઉપલા લાલ પટ્ટામાં આઠ કમળને બદલે શરૂમાં એક કમળ ને પછી 'સપ્તર્ષિ'ના સૂચક સાત તારકો હતા (ચિત્ર ૨). પરંતુ એ કાળે હિંદના નેતાઓ માત્ર સ્વદેશી અને સ્વાયત્ત વહીવટ માટે જ લડતા હોવાથી એના તરફ કોઈનું લક્ષ ન ખેંચાયું


ત્યાર પછી ૧૯૧૬માં હોમરૂલના ચળવળ શરૂ થઇ તે વખતે ધ્વજનો વિચાર ફરી શરૂ થયો. પણ તેની રચના એ વખતના નેતાઓની સ્વરાજની કલ્પનાને અનુરૂપ થઈ. એમાં ત્રણ પહોળા પટ્ટાને બદલે પાંચ લાલ અને ચાર લીલા મળી નવ સાંકડા પટ્ટા એકબીજાને આંતરે ગોઠવેલા હતા. તેના ઉપર વચ્ચોવચ સપ્તર્ષિના સાત તારાઓ, આકાશમાં દેખાતી આકૃતિના રૂપમાં આલેખેલા હતા અને મથાળે જમણી બાજુએ મુસ્લિમોના ચન્દ્ર-તારકનું પ્રતીક હતું. ઉપરાંત ડાબી બાજુ મથાળે ચોથા ભાગમાં બ્રિટિશ ધ્વજ 'યૂનિયન જેક'નો સમાવેશ કર્યો હતો. જેનો અર્થ એ હતો કે બીજાં 'ડૉમીનિયનો'ની માફક હિંદુસ્તાન પણ બ્રિટિશ રાષ્ટ્રસંઘ (કૉમનવેલ્થ)માં રહીને સ્વાયત્ત શાસન (હોમરૂલ) ભોગવવાની અભિલાષા રાખે છે. ડૉ. ઍની બેસન્ટ અને લોકમાન્ય ટિળકે ઇ. ૧૯૧૭માં તે ફરકાવ્યો. પરંતુ તેમાંના 'યુનિયન જેક'ને લીધે તે સ્વીકાર્ય ન થયો.


૧૯૨૦માં ગાંધીજીના નેતૃત્વ નીચે આપણી રાજકીય ભાવનાઓ અને આકાંક્ષાઓમાં જે જબ્બર ક્રાંતિકારી પલટો આવ્યો તેની સાથોસાથ રાષ્ટ્રધ્વજ માટેની વિચારણાએ પણ વેગ પકડ્યો. પરંતુ પોતાની પાસે રજૂ થએલી અનેક રચનાઓમાંથી ગાંધીજીને એકેય પસંદ આવી નહિ. દરમ્યાન મછલીપટ્ટમના નૅશનલ મ્યૂઝિયમના ડાયરેક્ટર શ્રી પી. વ્યંકટય્યાએ પ્રકટ કરેલા પુસ્તકમાં રાષ્ટ્રધ્વજ માટેનું એક આલેખન આવેલું. પણ ગાંધીજીને તો જે પ્રજાસમસ્તના હૃદય-















આપણા રાષ્ટ્રધ્વજનો ઇતિહાસ

ડાબી બાજુથી મથાળેથી: (૧) ઈ. ૧૯૦૬ની ૭મી આગસ્ટે કલકત્તામાં રચાએલો પહેલો રાષ્ટ્રધ્વજ: જેમાં મથાળે હિંદુના લાલ પટ્ટામાં આઠ કમળ; વચ્ચે પીળા પટ્ટામાં 'વન્દેમાતરમ્' શબ્દો; ને નીચે મુસ્લિમના લીલા પટ્ટામાં સૂર્ય ને ચાંદતારા. મુદ્રણની મર્યાદાને લીધે અહીં રંગફેર કરવો પડચો છે. (૨) તેના ઉપરથી યુરોપમાં ક્રાંતિકારી માદામ કામાએ થોડો ફેર કરી 'સોશ્યાલિસ્ટ ઈન્ટરનૅશનલ'માં રજૂ કરેલો ધ્વજ, જેમાં મથાળાના લાલ પટ્ટામાં આઠ કમળને બદલે શરૂમાં એક કમળ અને તે પછી સપ્તર્ષિના સૂચક સાત તારકો. (૩) ૧૯૧૭ની હોમરૂલ ચળવળ વખતે ડૉ. ઍની બેસંટ યોજેલો ધ્વજ, જેમાં નવ લાલ-લીલા પટ્ટા વચ્ચે સપ્તર્ષિના તારક, ચાંદા-તારા, તથા બ્રિટિશ કૉમનવેલ્થમાં રહેવાના સંકેત રૂપ મથાળે યૂનિયન જૅક. (૪) ગાંધીજીએ ૧૯૨૧માં ગોઠવેલો રાષ્ટ્રધ્વજ, જેમાં લઘુમતિઓનો સફેદ, મુસ્લિમોનો લીલો અને હિંદુનો લાલ એમ ત્રણ પટ્ટા: ઉપર મોટો બ્લુ રેંટિયો. (૫) શીખોએ, પોતાનો પણ કાળો રંગ ઉમેરવાનો આગ્રહ કર્યાથી, મહાસમિતિએ નીમેલી ખાસ કમિટીએ સૂચવેલો, એકલા કેસરી ધ્વજમાં ઉપલે ડાબે ખૂણે આસમાની રેંટિયો. (૬) કોમસૂચક રંગો કાઢી નાખી, શૌર્ય માટે કેસરી, શુદ્ધિ માટે સફેદ ને શ્રદ્ધા માટે લીલા રંગો રાખી, ધોળા પટ્ટામાં વચ્ચે બ્લુ રેંટિયાવાળો માન્ય થએલો રાષ્ટ્રધ્વજ, જેની નીચે લડીને કૉંગ્રેસે સ્વાતંત્ર્ય લીધું.

નીચેથી ડાબી બાજુથી: (૭) સ્વાતંત્ર્ય પછી બંધારણ-સભાએ રેંટિયાને બદલે અશોકચક્ર મૂકીને દેશસમસ્તના રાષ્ટ્રધ્વજ તરીકે નિશ્ચિત કરેલો આજનો આપણો પ્રમાણભૂત ધ્વજ. (૮) ભારતરાષ્ટ્રના સર્વાધિષ્ઠાતા રાષ્ટ્ર-પ્રમુખનો ખાસ ધ્વજ, જેમાં ધ્વજના ચાર સરખા ભાગ પાડી, ઉપલે ડાબે અને નીચલે જમણે ખૂણે બ્લ્યુ લંબચોરસોમાં અનુક્રમે રાષ્ટ્રની સિંહમુદ્રા અને સમૃદ્ધિના પ્રતીક રૂપ પૂર્ણકળશ; તથા ઉપલે જમણે અને નીચલે ડાબે ખૂણે લાલ લંબચોરસોમાં અનુક્રમે ધૈર્ય, બળ અને ગૌરવનું પ્રતીક હાથી, તથા ન્યાય અને કરકસરનાં સૂચક ત્રાજવાં. (૯) જમણી તરફ મથાળેથી: ગવર્નરો માટેના ખાસ ધ્વજનો નમૂનો જેમાં કેસરી ધ્વજમાં સિંહમુદ્રા નીચે રાજ્યનું નામ; (૧૦) નૌકાખાતાનો ખાસ ધ્વજ: જેમાં, બ્રિટિશ કૉમનવેલ્થ સાથેના આપણા જોડાણના સૂચક સેંટ જ્યૉર્જનો લાલ ક્રૉસ સફેદ ભોંય પર કાયમ રાખી, તેમાં ઉપલે ડાબે ખૂણે ચોથા ભાગના લંબચોરસમાં યૂનિયન જૅકને બદલે રાષ્ટ્રધ્વજ મૂક્યો છે. (૧૧) આપણા ખુશ્કી લશ્કરનો ખાસ ધ્વજ: જેમાં ડાબે મથાળે ચોથા ભાગમાં રાષ્ટ્રધ્વજ અને બાકીના પોણા ભાગમાં લાલ ભોંય પર કાટખૂણે બે તલવારોને મથાળે વચ્ચે સિંહ-મુદ્રા. (૧૨) હવાઈ દળનો ખાસ ધ્વજ: જેમાં ડાબે મથાળે ચોથા ભાગમાં રાષ્ટ્રધ્વજ, ને બાકીના પોણા ભાગમાં આકાશી રંગની આછી વાદળી ભોંય ઉપર જમણી તરફના અરધા ભાગની વચ્ચોવચ્ચ રાષ્ટ્રધ્વજના જ રંગાનુક્રમે ત્રણ વર્તુલી પટ્ટાઓ.














તલને સ્પર્શી શકે એવી કંઈક વસ્તુ જોઈતી હતી. આખરે જાલંધર (પંજાબ)ના પીઢ ને વયોવૃદ્ધ નેતા રાયજાદા લાલા હંસરાજે ધ્વજ ઉપર ચરખાનું આલેખન સૂચવ્યું. ગાંધીજીને તે ગમી ગયું અને એ મુજબ બેઝવાડા (વિજયવાડા)ના મહાસમિતિની બેઠકમાં એમણે શ્રી વ્યંકટયાને હિંદુ-મુસ્લિમના લાલ-લીલા રંગની ભૂમિ પર રેંટિયા-ની આકૃતિવાળા રાષ્ટ્રધ્વજનું આલેખન તૈયાર કરવાનું કહ્યું. એમણે ત્રણ કલાકમાં તે તૈયાર કરી આપ્યું. પણ સમિતિ સમક્ષ તે મૂકી શકાયું નહિ. પાછળથી ગાંધીજીએ કહ્યું કે એ રચનામાં હિંદુ-મુસ્લિમ ઉપરાંત દેશની બીજી લઘુમતિ કોમો માટે પણ કંઈક સંજ્ઞા આવવી જોઈએ. આથી તેમણે સર્વ લઘુમતિઓને માટે સફેદ રંગ ઉમેરવાની સૂચના કરી. તે અનુસાર ઇ. ૧૯૨૧માં, સફેદ, લીલા અને લાલ રંગ-ના પટ્ટાવાળા ધ્વજની રચના થઈ. તેમાં સૌથી ઓછી લઘુમતિવાળાને પ્રથમ સ્થાન આપવાની ભાવનાથી મથાળે સફેદ પટ્ટો, તેની પછી મુસ્લિમોનો લીલો અને સૌથી નીચે મોટી બહુમતિવાળા હિંદુઓનો લાલ પટ્ટો રાખવાનું સૂચવીને ગાંધીજીએ સ્ફોટ કર્યો કે સૌથી શક્તિ-શાળીએ સૌથી નબળાના રક્ષણની ઢાલ બનીને રહેવું જોઈએ. વળી લઘુમતિવાળાઓ પણ આપણી સમાન જ છે એમ દર્શાવવા ત્રણ પટ્ટા સરખા રાખવા સૂચવ્યું, અને એ ત્રણેને આવરી લેતી રેંટિયાની મોટી આકૃતિ તે પર આલેખાઈ, જેનો અર્થ સમજાવતાં ગાંધીજીએ લખ્યું કે 'આ દેશના મોટા ભાગના લોકોના ઉદ્યોગનું એ ચિહ્ન મૂકીને આપણે કૉંગ્રેસમાં લોક-સંગઠનની ભાવના મૂકીએ છીએ.'

એ જ વર્ષ-૧૯૨૧ની અમદાવાદ કૉંગ્રેસમાં એ ધ્વજનું આરોપણ થયું, જે દેશમાં ભારતવ્યાપી ધ્વજનું સૌ પ્રથમ ધ્વજવંદન હતું. પણ શીખોને એ રચના ન ગમી. તેમણે પોતાના કાળા રંગનો પણ પટ્ટો ઉમેરવાની માગણી કરી. પણ ગાંધીજીએ બીજી કોઈ પણ કોમનો રંગ દાખલ કરીને કોમવાદને ઉત્તેજવાનો ઇન્કાર કરીને હિંદુ-મુસ્લિમના પ્રતીક રંગો દાખલ કરવા માટે ખુલાસો કર્યો કે એ બે કોમની મોટી સંખ્યાને ખાતર નહિ પણ તેઓ એટલા બધા લાંબા કાળથી અલગ પડી ગયા છે કે રાષ્ટ્રીય આકાંક્ષાઓની સિદ્ધિમાં તેમનો એ પરસ્પરનો ગેરવિશ્વાસ અંતરાયરૂપ થઈ પડ્યો છે. એ ટાળીને તેમનામાં એકતા લાવવા માટે તેમના રંગો લેવામાં આવ્યા છે.

પણ શીખોએ પોતાની માગણી જારી જ રાખી; અને એટલે જ કદાચ ગાંધીજીએ એ ધ્વજના રીતસરના સ્વીકાર માટે ને કૉંગ્રેસમાં રજૂ ન કર્યો. છતાં તે એટલો તો લોકપ્રિય થઈ પડ્યો કે ૧૯૨૧ની કૉંગ્રેસ પછીના પણ દરેક અધિવેશન વખતે ખૂબ માન ને દબદબા-પૂર્વક તેની સ્થાપના અને વંદન થતાં. એ જ ધ્વજની પ્રેરણા હેઠળ કૉંગ્રેસ '૨૨ની અને '૩૧ની યાદગાર દેશવ્યાપી લડતો લડી. પરંતુ ૧૯૨૩માં એક એવો બનાવ બન્યો કે જેણે રાષ્ટ્રધ્વજની શાન અને શાખ કેટલાં મહત્ત્વનાં છે તે દેશસમસ્તના હૃદયમાં ઉતારી દીધું.

૧૯૨૩ના મે માસની શરૂઆતમાં નાગપુરમાં એ ત્રિરંગી ધ્વજ લઈ શહેરના એક ખાસ લત્તામાંથી નીકળેલા એક સરઘસને પોલીસે અટકાવી ધ્વજ મૂકી દેવા કહ્યું. સ્વયંસેવકોએ પોતે જ્યાંજ્યાં ફરે ત્યાંત્યાં ધ્વજ સાથે જ રાખવાનો આગ્રહ રાખ્યો. પરિણામે ગિરફ-તારીઓ અને સજાઓ શરૂ થઈ. કૉંગ્રેસની મહાસમિતિએ આ સત્યા-ગ્રહને ટેકો આપ્યો. પ્રાંતેપ્રાંતમાંથી સ્વયંસેવકોની ભરતી થઈ અને આગામી ગાંધી-દિન—જુલાઈની ૧૮માને દિવસે, દરેક પ્રાંતિક સમિતિઓને રાષ્ટ્રધ્વજ સાથે સરઘસ કાઢી અને ઘેરઘેર એ ઝંડો લહેરાવી ધ્વજદિન ઊજવવાનું ફરમાન થયું. ટૂંક સમયમાં જ એ સત્યાગ્રહે હિંદ-વ્યાપી સ્વરૂપ પકડ્યું. સરદાર વલ્લભભાઈ પટેલે તેની સરદારી લીધી અને તેમની તથા તેમના ભાઈ વિઠ્ઠલભાઈના દોરવણી નીચે આખરે એ લડતનો માનભર્યો અંત આવ્યો.


૧૯૨૪માં ગાંધીજીના પ્રમુખસ્થાને બેળગાંવમાં મળેલી અને ૧૯૨૮માં પંડિત મોતીલાલજીના પ્રમુખસ્થાને કલકત્તામાં મળેલી કૉંગ્રેસોનાં વર્ષો પણ રાષ્ટ્રધ્વજના ઇતિહાસમાં અગત્યનાં વર્ષો છે. કલકત્તાની બેઠક વખતે તો સાઠ ફૂટ ઊંચા દંડ પર લહેરાતા એ જંગી ધ્વજને વંદના કરવા આસપાસની મિલોના લગભગ ૫૦,૦૦૦ મજૂરો 'તાલ સે કદમ' કરતા સરઘસાકારે જે આવતા એ અનન્ય દૃશ્ય તો દેશવાસીની છાતી ગર્વથી ફુલાવી દેતું. ૧૯૨૯માં એ ધ્વજને એક વધુ ખ્યાતિ મળી. '૨૯ની આખરમાં એટલેકે ડિસે-મ્બરની ૩૧ મીએ એ જ ધ્વજની પ્રેરણાત્મક છાયા હેઠળ લાહોરમાં રાવીને તીરે જુવાન જવાહરલાલજીના પ્રમુખપદે મળેલી કૉંગ્રેસે પહેલી જ વખત સંપૂર્ણ સ્વરાજ્યની માગણી કરી ભારતના ઇતિ-હાસમાં એક નવું જ પ્રકરણ ઉમેર્યું.

૧૯૩૧માં કરાંચી કૉંગ્રેસ વેળા શીખોએ ફરી પોતાની માગણી આગળ કરી અને મહાસમિતિએ કૉંગ્રેસને પ્રમાણભૂતરીતે માન્ય થાય એવો ધ્વજ નિર્માણ કરવાનું ઠરાવ્યું. આ અગાઉ ૧૯૨૩માં કૉંગ્રેસની કાર્યવાહક સમિતિએ ધ્વજની રચના વિષેના મતભેદોનો અભ્યાસ કરી સૂચનો કરવા માટે સાત સભ્યોની એક સમિતિ નીમેલી, જેમાં શીખોના પ્રતિનિધિ માસ્ટર તારાસિંગ પણ હતા. એ કમિટીએ કેવળ એક સળંગ કેસરી જ રંગના ઉપરના ડાબા ખૂણે ચરખાના આલેખનવાળા નવા ધ્વજનું સૂચન કર્યું. કૉંગ્રેસ કારો-બારીએ એનો તો જોકે સ્વીકાર ન કર્યો. પણ એ બધાં સૂચનો પરથી બે ફેરફારો કરાયા. લાલને બદલે કેસરી રંગ મુકાયો, અને રંગના ક્રમમાં ફેરફાર કરી મથાળેથી કેસરી સફેદ ને લીલા પટ્ટા ક્રમવાર ગોઠવી, વચલા સફેદ પટ્ટામાં નાનો આસમાની ચરખો મૂક્યો. અને તેનું કદ, પહોળાઈ કરતાં લંબાઈ દોઢી એ રીતનું ઠરાવ્યું. ૧૯૩૩ની મુંબાઈમાં મળેલી મહાસમિતિએ ખાસ ઠરાવ દ્વારા આ ધ્વજને માન્ય રાખી જાહેર કર્યું કે 'આ નવા રાષ્ટ્રધ્વજમાં રાખેલા કેસરી અને લીલા રંગમાં કોઈ કોમી સૂચન નથી, પણ કેસરી રંગ શૌર્ય અને સમર્પણની, સફેદ રંગ શાંતિ અને સત્યની, તથા લીલો રંગ દાક્ષિણ્ય અને શ્રદ્ધાની ભાવનાનાં પ્રતિક છે.' આ પ્રમાણભૂત નવા ધ્વજને ૧૯૩૩ની ૩૦મી ઑગસ્ટે પ્રથમવાર ફરકાવી હિંદભરમાં મોટો ધ્વજ-દિન ઊજવાયો, અને ત્યારથી તે આપણે સ્વતંત્ર થયા ત્યાં સુધી તેને જ આપણે આપણો રાષ્ટ્રધ્વજ માન્યો. હજી આજે પણ કૉંગ્રેસ પક્ષનો પોતાનો ધ્વજ તો એ જ છે.

આઝાદી આવી. મૂળ ધ્વજ હવે એક સંસ્થાનો મટી સમગ્ર રાષ્ટ્રનો ધ્વજ બન્યો. એટલે તેમાં થોડો ફેરફાર કરવાની જરૂર પડી. કૉન્સ્ટીટ્યૂઅન્ટ એસેમ્બલીના પ્રમુખ ડૉ. રાજેન્દ્રપ્રસાદે નીમેલી એક સમિતિની સૂચના અનુસાર ચરખાને સ્થાને સારનાથમાંના અશોકના સ્તંભ ઉપરનું ચક્ર સૂચવાયું. અશોકનો રાજ્યકાળ ભારતના આજસુધીના ઇતિહાસમાં દેશની સૌથી વધુ આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠાનો કાળ ગણાય છે. એ રીતે જોતાં અશોકનું એ ચક્ર, વિદેશમાં એ સ્વતંત્ર રાષ્ટ્ર તરીકેની ભારતની શાનને સર્વથા ઉચિત છે.

ઈ. ૧૯૪૭ના જુલાઈની ૨૨મી તારીખે કૉન્સ્ટીટ્યૂઅન્ટ એસેમ્બ (બંધારણ સભા) આગળ એ ધ્વજને નિશ્ચિત ઠરાવથી અંગીકાર માટે રજૂ કરતાં પંડિત જવાહરલાલે હૃદયસ્પર્શી ભાષણ કરેલું. ઠરાવમાં ધ્વજ માટે અપેલી વિગતો આ મુજબ છે: (૧) મથાળે અનુક્રમે ઘાટા કેસરી, સફેદ, અને ઘેરા લીલા (પૃષ્ઠ ૨૮૮મે ચાલુ





ગુજરાતની કળા(અનુ. પૃ. ૨૬૨થી ચાલુ)

જાત્રાનાં સ્થળોએ પણ પહોંચ્યું. કાશીનું ભિક્ષુક મંદિર અને તેના પાસેનું રામનગરનું ઓગણીસમી સદીનું મંદિર. અપ્સરાનર્તકીઓ તથા સંગીતકારિણી મૂર્તિઓવાળા એવા ગુજરાતી ગોખરાથી શણગારાએલું છે. જો કે અન્યથા તેઓ પાછલી જયપુરી ને બંગાળી શૈલીની નિપજ છે. છેક પંજાબી હિમાલયમાં પણ કાંગરાના રાજા સંસારચંદ બીજાના ગ્રીષ્મ-આવાસ નદાઉન ખાતે પણ ગુજરાતી પૂતળીઓવાળા ગોખરા મળે છે. એમાં કદાચ સ્થાનિક મધ્યકાલીન શૈલીની અસર હશે. આ કરતાં મોટા સમયનાં ઉદાહરણો કલકત્તા અને બીજાં અર્વાચીન વ્યાપારી સ્થળોએ જૈનોએ બંધાવેલાં મંદિરોમાં જોવા મળે છે. પરંતુ તેમાં જૂના ગુજરાતી અંશો ખૂબ જ અધોગતિએ પહોંચેલા છે અને તે ગુજરાતને ગૌરવ આપે એવા નથી.

આમ, ગુજરાતે છેલ્લાં એક હજાર વર્ષ લગી ભારતીય કળાના ઈતિહાસમાં અગત્યનો ભાગ ભજવ્યો છે. મુસલમાન યુગની અંધાધૂંધી શરૂ થઈ તે પહેલાંના મધ્યકાલ તેમજ તેની પછી જે 'પુનરુત્થાન' થયું એ કાળ, એવા બે કાળની વચ્ચેના અંકોડારૂપ તે બન્યું છે. પાછલી ભારતીય ત્રણ શૈલીનું તે જન્મદાતા છે:

(૧) હિંદુ પુનરુત્થાન શૈલી (રાજપુતાનામાં ૧૪ મીથી ૧૯મી સદી; હિમાલયમાં ૧૪મીથી ૧૨મી સદી; મહારાષ્ટ્રમાં થોડે ભાગે ૧૮મી સદી;)

(૨) ૧૫મી-૧૭મી સદીની પ્રારંભિક રાજપુત શૈલી અને

(૩) ગુજરાતી લોકકળા: (૧૫મીથી ૧૯મી સદી).


વળી અકબર અને જહાંગીરના વખતની મુઘલ કલાની હિમાલયની પહાડી ચિત્રકળાની બશોલી કલમની ને મરાઠાઓના ગૃહસ્થાપત્યની જન્મદાત્રીઓ પૈકી એક છે; અને સમુદ્રપારના મુસલમાન દેશોની વસ્ત્રકલા પર પણ તેણે અસર કરી છે.

ફળદ્રુપ ખેતીપ્રધાન મુલકને નસીબે લખાએલો ઐતિહાસિક ભાગ પણ ગુજરાતે ભજવ્યો છે. બહારથી આક્રમણ કરતા આવેલા શકો, રાજપુતો, મુસલમાનો અને મરાઠાઓને હાથે તે ઉપરાઉપરી અનેકવાર જીતાયું છે, પરંતુ તે સદાયનું એટલું તો સંસ્કારસમૃદ્ધ રહ્યું છે કે પોતાનો સાંસ્કારિક વારસો ન ગુમાવતાં ઉલટો પોતાના વિજેતાઓને તે આપીને બીજા નવા અને મૌલિક સંસ્કારસર્જનોનાં બીજ તેણે પૂરાં પાડ્યાં છે. (સંપૂર્ણ)

ગુજરાતમાં પાછલા સૈકાઓમાં ચિત્રકળામાં ભલે કાઇ નવી શૈલી નિર્માણ ન થઈ, પણ ગુજરાતની પ્રતિભા બીજી દિશામાં ખીલી ઊઠી: એનું પિત્તળકામ અને લાકડકામ લાલિત્યપૂર્વક વિકસ્યું, અને એની અસર બીજા પ્રાંતો પર ઠીકઠીક પડી. ઉપર ડાબી બાજુએ આપેલી ગુજરાતની જાણીતી પિત્તળની દીવીનું અનુકરણ બીજા પ્રાંતોમાં કેવું થએલું તે દર્શાવતો ફોટોગ્રાફ ૩૩૦મા અંકમાં આ લેખના પહેલા હપતામાં આપ્યો હતો. એ જ રીતે લાકડકામે મોટે ભાગે દક્ષિણમાં મહારાષ્ટ્રના ક્ષેત્રમાં પ્રભાવ પાડ્યો, અને ત્યાંના ઘરના સ્થાપત્ય ઉપરાંત પૂના, નાસિક, મહેશ્વર, નાગપુર વગેરેનાં મંદિરો સુધી એની અસર વિસ્તરી. ઉપર જમણી બાજુ ગુજરાતનું એવું મૂળ લલિત લાકડકામ દર્શાવતો એક બ્રૅકેટ (ઘોડલા)નો નમૂનો આપ્યો છે. તેમાં પહેલું ચિત્ર તેના સન્મુખ દર્શનનું ને જમણી તરફનું બીજું ચિત્ર એક પડખાનું દર્શન કરાવે છે. (ફોટો • વડોદરા પુરાતત્ત્વ ખાતાના સૌજન્યથી)

અમેરિકામાં એક ગામડાને પાદરે (મોટર હાંકનારાઓ માટે) એક પાટિયા પર આવી સૂચના લખેલી છે:
'ધીમે હાંકો, અને અમારું ગામ જુઓ; ઝડપથી હાંકો અને અમારી જેલ જુઓ.








ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ





આ વખતે આવેલાં ચિત્રોમાં વૈવિધ્ય છે, પણ સંયોજનાની ખામી બધાં ચિત્રોમાં છે. આપણે કોઈ સુંદર દૃશ્યનો અમુક ચિત્રમય ભાગ લેવો ધાર્યો હોય, તો તેમ કરવામાં, બીનજરૂરી વસ્તુઓ છોડી દઈને સુંદર ચિત્રસંયોજન બની રહે એટલો જ ભાગ કૅમેરામાં લેવાની આવડત હોવી જોઈએ. અને એ રીતે લેવા પછી પણ ચિત્રની છાપમાં આજુબાજુની થોડીઘણી વધારાની વસ્તુઓ આવી ગઈ હોય તો ઍન્લાર્જમેન્ટમાંથી તેવાં અરુચિકર તત્ત્વો ટ્રિમ કરી નાંખીને સુસંયોજિત ચિત્ર જ બનાવી લેવું જોઈએ. આ, બાદ કરવાની—ટ્રિમિંગની પણ એક કળા છે. તેનાં ઉદાહરણ માટે ઉપરનાં ચિત્રોમાં એવાં ટ્રિમિંગ સૂચવ્યાં છે. પહેલા ઈનામને પાત્ર ઠરેલા, ગથાળાની હારના છેલ્લા ચિત્ર 'જીવનસંધ્યા'માં વૃદ્ધાવસ્થાની કરચલીઓ તથા આંખોમાંનો ભાવ ચિત્રને સાર્થ કરે છે. પણ ફિક્કા પ્રકાશને લીધે ચિત્રે ઉઠાવ પકડ્યો નથી. જરા ઊંચા કોણથી લેવાએલા એ ચિત્રને સફેદ લીટીથી દર્શાવ્યા પ્રમાણે કાપવાથી જોરદાર બનશે. બીજા ઈનામને પાત્ર, ગથાળાના ડાબી બાજુના સરોવરના ચિત્રમાં પણ સફેદ લીટીથી દર્શાવ્યા પ્રમાણે કાપી લેવાથી જ સુસંયોજિત દૃશ્ય બને. છાપ પણ નબળી છે. એ જ રીતે ગથાળાના વચલા ચિત્ર 'અભ્યાસમગ્ન'ને પણ લીટીથી દર્શાવ્યા મુજબ કાપવાથી જ સુંદર ચિત્ર બને; નહિતર ઊંચા કોણથી લેવાએલા એ ચિત્રમાંની ભીંતની ત્રાંસી રેખાઓ ચિત્રને બગાડી મૂકે છે. નીચે ડાબી બાજુના ચિત્ર 'આકાશની અટારીએ'ના સુંદર ચિત્રમાં દહેરાંનો ભાગ એક બાજુ આવી જઈ એ તરફને ભારે બનાવે છે. તેમાં ડાબી બાજુ થોડી જગ્યા વધારે લેવાથી અને ગથાળેથી થોડું કાપવાથી **સમતોલન આવશે. નીચે જગણા ચિત્રમાં** ટેકનીક ઠીક છે, પણ નકામો ભાગ **ઘણો છે, તેને બદલે લીટીથી દર્શાવ્યા મુજબના જ ભાગનું ઍન્લાર્જમેન્ટ સારું ચિત્ર ઉપજાવશે.** ¶ આ વખતે આવેલાં ચિત્રોમાં વૈવિધ્ય છે, પણ ગુણવત્તા વધી જણાતી નથી. કેટલાકો. એકસામટાં દસબાર ચિત્રો મોકલે છે; તો કેટલાક, એકનાં એક ચિત્રો ફરીફરીને મોકલે છે **તે વ્યાજબી નથી.** સાધનોની આજની અછતના સમયમાં તો પોતાના **સમૂહમાંથી** ચિત્રદૃષ્ટિએ તેમજ ટેકનીકમાં સારાં ચૂંટીને જ મોકલવાં જોઈએ. તે માટે અહીં આપવામાં આવતાં વિવેચનો ધ્યાનપૂર્વક સમજવાં જોઈએ. ઘણા બહુ જ નાનાં **ચિત્રો મોકલે છે તેમાં** ચિત્રોનું ઉત્તમ તત્ત્વ ઘણીવાર અછતું રહે છે. ૪×૩ થી ૬×૮ ઈંચની વચ્ચેના અનુકૂળ કદનાં ચિત્રો મોકલવાં ઠીક રહે.

શ્રીદામ ભટ્ટ

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ: પહેલું ઈનામ: 'જીવનસંધ્યા'–ચિત્તરંજન આચાર્ય (વિસનગર); બીજું ઈનામ: 'સરોવરતીરે'–વસંત માલવદે (કુર્લા); ત્રીજું ઈનામ મોકૂફ. નોંધપાત્ર: (૧) 'વાલવાના ઢેગ'–વસંત માલવદે; (૨) અભ્યાસમગ્ન–ચિત્તરંજન આચાર્ય; (૩) આકાશની અટારીએ–લક્ષ્મીદાસ રાણકીઆ (સાવરકુંડલા). હરીફાઈનાં ચિત્રો ઉપરનું વિવેચન તથા બીજી સૂચનાઓ ઉપર: ચિત્રોની નીચે

ટિકિટસંગ્રહ

એ સંસારવ્યાપી શૉખ કેળવવા વિષે માહિતી આપતો વિભાગ



નીચે: (૧-૨) ઑસ્ટ્રિયાની બે સેમી-પોસ્ટલ (૩) ડેન્માર્કની જયંતી-ટિકિટ (૪-૫) સ્વિટ્ઝર્લાંડની રેડક્રૉસ સેમી-પોસ્ટલ

રાષ્ટ્રહિતની કોઇ દેશવ્યાપી યોજનાગાં, થોડા રૂપમાં પણ મોટી સંખ્યામાં પ્રજાની સહાય મેળવવા, ઘણીવાર ટપાલની ટિકિટનો આશ્રય લેવાય છે. દેશનું પુનર્વિધાન કરવાનું હોય, ક્ષય જેવા દરદને નાબૂદ કરવા રાષ્ટ્રભરમાં આંદોલન કરવું હોય, રેડ ક્રૉસ જેવી આંતરરાષ્ટ્રીય સેવા-સંસ્થા માટે શુશ્રૂષાના કાર્યમાં સહાય મેળવવી હોય કે ભાવિ પ્રજાની તંદુરસ્તી માટે પ્રજાવ્યાપી બાલઆરોગ્ય પ્રવૃત્તિ ઉપાડી તેમાં પ્રજાનો હિસ્સો મેળવવો હોય,–આવાંઆવાં લોકસંગ્રહ કે લોકકલ્યાણનાં કાર્યો માટે સરકાર ટપાલની ટિકિટો દ્વારા પ્રજાના ફાળાનો સહકાર શોધે છે.

એમાં બે પ્રકાર છે: પહેલો પ્રકાર એવો છે કે જેમાં ટિકિટોના ઘાટની જ જુદી ખાસ ટીકડીઓ કાઢવામાં આવે છે, જે ખરીદીને દરેક કવર કે કાર્ડ પર પ્રજા તે સ્વેચ્છાએ ચોડે છે. એ ટીકડીઓની પોતાની સ્વતંત્ર ટિકિટ તરીકે કોઇ કિંમત નથી હોતી. એટલે કે બે આનાની એવી જ એકલી ટિકિટો ચોડો તો તે કવર પોસ્ટ ઑફિસ જવા ન દે, પણ કવર ઉપર ધોરણસરની બે આનાની સરકારી ટિકિટ ચોઢવા ઉપરાંત તમારે એક, બે, કે ચાર આનાની જેટલી ટિકિટો તેના પર ચોડવી હોય તેટલી ચોડી શકો. થોડા સમય પર, આપણા દેશમાં વ્યાપ્ત જીવલેણ દર્દ ક્ષય સામેની ઝુંબેશમાં સહાય માટે એવી ટિકિટો કાઢવામાં આવેલી હતી

બીજા પ્રકારની ટિકિટો ટપાલખાતું–એટલે કે સરકાર પોતે જ–એવી કાઢે છે કે જેના ઉપર ચાલુ પોસ્ટેજ ઉપરાંત એવા ફાળા માટેના વધારાના પૈસા ઉઘરાવવામાં આવે. દાખલા તરીકે એવી કોઇ લોકહિતની પ્રવૃત્તિ માટે સરકાર કવર ઉપર ચોડવા માટે ત્રણ આનાની એવી ટિકિટ કાઢે કે જેના ઉપર "૨+૧ આના" એવું લખેલું હોય તેનો અર્થ એ કે એ ત્રણ આનામાંથી પહેલા બે આના તે રીતસરના પોસ્ટેજ ખર્ચ તરીકે લેવાયા છે અને વધારાનો એક આનો સીધો એ પ્રવૃત્તિના ફાળામાં જવાનો છે. આ રીતે સરચાર્જ—વધારાનો ચાર્જ કરેલી ટિકિટને અમેરિકામાં 'સેમી-પોસ્ટલ' પણ કહે છે.

ઑસ્ટ્રિયાએ થોડા સમયપર કાઢેલી એવી ચાર સેમી-પોસ્ટલ ટિકિટો પૈકી બેનાં આલેખન આ સાથે આપ્યાં છે. ગયા મહાયુદ્ધ વખતે ઑસ્ટ્રિયામાં લગભગ ૨,૭૨,૦૦૦ ઘર જમીનદોસ્ત થયાં હતાં. ઉપરાંત હજારો શાળાઓ, કારખાનાં, દવાખાનાં, પૂલો, ખાણો વગેરે જેવી રાષ્ટ્રહિતની ઈમારતો પણ નાશ પામી હતી. સંખ્યાબંધ રસ્તાઓ અને હજારો એકરનાં ખેતરો નેસ્તનાબૂદ અને ઉજ્જડ થયાં હતાં. યુદ્ધ પૂરું થયા પછી ઑસ્ટ્રિયનો પોતાના આવા ખંડિયેર ને વેરાન બનેલા દેશના પુનર્રચના કરવા મંડી પડયા; અને આજે તો તેમણે મોટા ભાગનાં ઘર, શાળાઓ, કારખાનાં, પૂલો વગેરે સમારી લીધાં છે, એટલું જ નહિ પણ ઘણાં નવાં પણ બાંધ્યાં છે. આ કાર્યમાં પ્રજાની સહાય મેળવવા માટે ત્યાંની કૉમ્યુનિસ્ટ સરકારે ખાસ કાઢેલી ચાર પૈકીની આ બે ટિકિટોમાં કારીગરોનાં ચિત્રો છે. એકમાં પૂલ બાંધનારો અને બીજીમાં મકાન બાંધનારો છે. એકમાં ૧+૨૫ અને બીજીમાં ૬૦+૧૫ ગ્રૉશેનના આંકડા છે; જેમાંથી, ઉપર કહ્યું તેમ, +૨૫ અને +૧૫ ગ્રૉશેનવાળી રકમો પુનર્વિધાનફાળામાં જશે. એવી જ, સ્વિટ્ઝર્લાંડે 'નૅશનલ ડે' નિમિત્તે કાઢેલી છેલ્લી રેડક્રૉસ ટિકિટોમાંની બે (શ્રી રમેશ શાહના સંગ્રહમાંથી) પણ અહીં આપી છે.

પશ્ચિમના દેશોમાં તો પ્રજા આવી યોજનાઓનો ઉત્સાહપૂર્વક જવાબ આપી પત્રવ્યવહાર પર આવી જ ટિકિટો ચોડે છે. એમાં આંતરે આંતરે નાની નાની રકમો ખરચવાની હોવાથી લોકોનાં ગજવાંને બહુ ભાર નથી પડતો, અને સમસ્ત પ્રજાના સહકારના આ ટીપે-ટીપે સત્કાર્યનું સરોવર ભરાઈ જાય છે.

તાજેતરમાં ડેન્માર્કે પોતાની નેવલ ઍકેડેમી (દરિયાઈ લશ્કરી વિદ્યાપીઠ)ની સ્થાપનાની ૨૫૦મી જયંતીના સ્મરણમાં બે નવી ટિકિટો કાઢેલી તે પૈકી એક આ ઉપર આપી છે. તેના પર ઈ.સ.ની ૧૮મી સદીની ડૅનિશ યુદ્ધ-મનવારનું ચિત્ર છે.

'યૂનો'(રાષ્ટ્રસંઘ) થોડા સમય પછી દર ટિકિટોનો એક સમૂહ બહાર પાડવાનું છે. તે દુનિયાની પહેલી આંતરરાષ્ટ્રીય ટિકિટો હશે. તેના ઉપર સંઘે માન્ય કરેલી પાંચ ભાષાઓ (અંગ્રેજી, ફ્રેન્ચ, સ્પૅનિશ, રશિયન ને ચીની)માં 'યુનાઈટેડ નેશન્સ'(રાષ્ટ્ર સંઘ) એવા શબ્દો હશે.

ડબલ સોપારી (અનુસંધાન પૃ. ૨૫૮થી ચાલુ)

પતિ વચ્ચે બોલી ઊઠયો: 'એટલે અંતે એક પંતુજી પસંદ પડયો?'

'કારણ કે હું એની માનવતા તરફ આકર્ષાઈ હતી. એનો ઉપકાર હું પલમાત્ર ભૂલી શકતી નહોતી. એ પ્રસંગે જ આપણું લગ્ન કરાવ્યું.'

શિક્ષકના મોં પર ગંભીરતા છવાઈ ગઈ. યુવતીએ પૂછ્યું: 'બોલો; હવે તમારા જીવનમાં?'

પોતાનું જીવન જાણે કોઈ નવા જ તબક્કામાં પ્રવેશ કરતું હોય એવું તીવ્ર હૃદયમંથન અનુભવતો યુવક અન્યમનસ્કપણે મનમાં જ ગણગણ્યો: 'ડબલ સોપારી!'



આધુનિકા

ને આજ જ્યાહરે કો તપસ્વીના ત્યાગથી,
ને સેંકડો નરોની શહાદતના રાગથી;
તૂટી છે ગુલામીની જુની જંજીરો જરા,
માંડી છે મલકવા ઉષા મુક્તિસુહાગથી:
ત્યારે ય આ ધરામાં રડારોળ ચાલુ છે,
ધીંગાને હાથ રીંગાની ધમરોળ ચાલુ છે;
લંગાર લાંબી રોજ મિસ્કિનોની ચાલુ છે,
તસ્કર ને તવંગર તણા ફુલદોલ ચાલુ છે! –વૈશંપાયન

(સારથિ)

ચિત્રલેખા અમૃતા શેરગિલ


નામ તો હતું અ-મૃતા; પણ ઓગણત્રીસ વરસની ભરજુવાન અને આશાસ્પદ વયે એ આ દુનિયા છોડી ગઇ. એ જીવી ત્યાં સુધી તો પોતાનાં ચિત્રોની અવગણના—અને કેટલીક વાર ઉપહાસ--જ સાંભળી ગઈ. પણ તેના અવસાન પછી થોડાં જ વરસમાં તેની કળા, લગભગ એકેએક કલારસિકની જીભેજીભે માહાત્મ્ય-ગાથા જેવી બની ગઇ છે. અજબ પ્રતિભાવંતી એ નારી, બહારથી તો અસહિષ્ણુ અને બુદ્ધિની તુમાખીવાળી જ લાગતી. પણ એના એ સાલ્લા નીચે સાચા કલારસની ધર્મશ્રદ્ધા જેવી ઊંડી ઝંખના ધધખતી હતી. પોતાનાં ઉપહાસ ને અવગણનાથી એ દુણાતી; અને પોતાની કલાની કદર માટે સદાયે બાળકના જેવી ઉત્સુક રહેતી. છતાં બીજાને તુમાખી નહિ તો લાપરવાહી લાગે એવી સ્વસ્થતાથી એ બધું એણે સહ્યું. પરંતુ એના જીવતાં એની કળા વિષે ઊઠેલા બધા વિવાદવંટોળો એના અવસાનની સાથે જ શમી ગયા, અને આ દેશની કલાક્ષિતિજ પર તેની પ્રતિભાની પ્રભા એવી તો વ્યાપી રહી કે એણે આધુનિક હિંદી ચિત્રકલામાં નવવિધાનના થએલા બધા પ્રયત્નોને એક વખત તો ઢાંકી દીધા.



એની જીવનકથા બહુ જ ટૂંકી છે. ગોરખપુર જિલ્લામાં આવેલી જાગીરના એક ગર્ભશ્રીમંત ને રાજશાહી શીખ જમીનદારને ત્યાં ઇ.૧૯૧૩માં એનો જન્મ. પિતા સંસ્કૃત ને તત્ત્વજ્ઞાનના મોટા વિદ્વાન; માતા બુદ્ધિવંત હંગેરિયન ખાનદાનની હતી અને ઊંચી રસવૃત્તિ ધરાવતી હતી. અમૃતા અને તેની બહેન ઇંદિરાનું બાળપણ હંગેરીમાં વીત્યું. પાંચસાત વર્ષની વયથી જ ચિત્રકળા માટેની તેની વૃત્તિ દેખાવા લાગી હતી, એટલે પાછળથી પારીસની જાણીતી કલાસંસ્થા ઇકોલ દ બો

માસમાસનાં પંખી-૬૭

નકટા



ચાંચના મૂળ પર જ ઢીમચાવાળી બતકની આ જાત તરત જુદી તરી આવે છે. આ વિશિષ્ટતા જોકે નર પૂરતી જ છે. એ ઢીમચાને લીધે જ કદાચ તેને 'નકટા' કહે છે.

વનસ્પતિ, ઘાસ, લીલ વગેરેથી ભરેલાં તળાવો કે ચોખાનાં ખેતરોમાં, ત્રીસેક ઇંચના કદનું આ સુંદર પંખી પોતાના આખા કબીલા સાથે પચ્ચીસત્રીસનાં ટોળાંમાં નજરે પડે છે. સફેદ મસ્તક તથા ગરદન ઉપર કાળાં ટપકાંવાળા આ પંખીની પીઠનો નીચલો ભૂરો ભાગ બાદ જતાં શરીરનો ઉપલો બધો ભાગ કાળો, ને તેમાં લીલી કે નીલવર્ણી ઝાંય. બાકીનો નીચલો ભાગ—છાતી, પેટ બધું સફેદ. નર કરતાં માદા સહેજ નાની, અને તેના માથા તથા ગરદન પર કાળી ટપકીઓ વધુ. તેમની આંખની કીકી ભૂરી, ચાંચ કાળી, પગ લીલાશપડતા સ્લેટિયા અને બીજી બતકો માફક પગનાં આંગળાં જોડાએલાં, છતાં જમીન પર ચાલવામાં, પાણીમાં ડૂબકી મારવામાં કે ઝાડ પર જઈ બેસવામાં તેને જરાયે અગવડ નથી પડતી. તેનું ઉડ્ડયન પણ વેગીલું ને જોરદાર હોય છે.

ઘાસ-મૂળિયાં, પાણીમાં થતી વનસ્પતિ તથા ચોખાના લીલા છોડવા વગેરે તેનો આહાર. છતાં પાણીનાં જીવડાં, દેડકાં ને માછલાં ખાતું પણ તે કવચિત જોવા મળે છે.

જુલાઈથી સપ્ટેમ્બર એ તેનો પ્રજનનકાળ. પાણીમાં ઊગેલા કોઈ ઝાડની બખોલમાં, ઘાસ-મૂળ પાથરી એ માળો બનાવી લે છે અને તેમાં હાથીદાંત જેવા સહેજ પીળાશપડતા સફેદ રંગનાં આઠથી બાર ઇંડાં મૂકે છે. કવચિત્ એથી પણ વધારે સંખ્યામાં તેનાં ઇંડાં જોવા મળે છે! બચ્ચાંના ઉછેરની બધી જ જવાબદારી માદા એકલી જ સંભાળે છે.

આર્ટ્સમાં તેણે લ્યૂસિયન સાઈમન નામે પ્રસિદ્ધ કલાકાર પાસે કલા-શિક્ષણ લીધું. શિક્ષણમાં મળેલી સફળતાએ તેનામાં ગર્વ પ્રકટ્યો,–અને પછી તીવ્ર અસંતોષ. એ અભ્યાસ પૂરો કર્યા બાદ શાળાની અસરમાંથી મુક્ત થવા માટે સ્વતંત્ર કામ કરવા માંડ્યું. પણ પારીસના ભૂરા-ભૂખરા સ્ટૂડિયોના અંધારિયા વાતાવરણમાં મૂંઝાતી અમૃતા પ્રકાશથી દેદિપ્યમાન અને રંગભર્યા ભારતદેશમાં આવવા ઝંખવા લાગી.

પણ અહીં આવીને એણે શું જોયું? એ લખે છે: 'વેરાન પણ કોઇ અજબ રૂપાળા લાગતા હિંદના એ શિયાળાનું દર્શન હતું: પીળી-ભૂખરી ધરતીના અફાટ પથરાટ; અહીંતહીં ચુપકીદીથી ઘૂમતાં શામળાં શરીર ને ઉદાસ ચહેરાનાં દૂબળાં-પાતળાં સ્ત્રી-પુરુષોની પડછાયા જેવી આકૃતિઓ; અને તેના પર સદાયે ઝૂમતી રહેલી વિષાદની છાયા!'

આપણને તો આ બધાં દૃશ્યો પરિચિત છે. પણ એના પ્રત્યાઘાતથી જે મનઃછાયા પ્રકટે છે તે આપણે ત્યાં બહુ જ ઓછા ઉતારી શક્યા છે. શેરગિલનાં ચિત્રો પાછળ રહેલું છાયાવાદી તત્ત્વ સમજવા માટે આ મુદ્દો ધ્યાનમાં રાખવા જેવો છે. હિંદ આવ્યા પછી પોતાના મન પર પડેલી એ છાપ પોતાની આગવી રંગાવટમાં એણે ઉતારી છે. એ મનઃછાયા ઉતારવા માટે તે ઝીણી વિગતો હડાવી દે છે ને ઘાટ-રૂપ તદ્દન સાદાં કરી નાખે છે. માત્ર પોતાના વિષયમાં રહેલા આકૃતિઓના ઓળા અને તેની રંગરચનાની લયને તે ઉતારે છે.

પારીસમાં સીઝૅં અને ગૉગાં જેવા આધુનિક મહારથી કલાકારોની અસર નીચે આવેલી અમૃતાએ હિંદ આવીને ૧૯૩૬માં અજંતાના કલામંડપોની યાત્રા કરી. એણે ત્યાંથી જે મેળવ્યું તે અજંતાની નિર્જીવ નકલો કરનારાઓને બોધપાઠ રૂપે છે. એ કહેતી કે એ મહારથીઓની કલાનું અનુકરણ નહિ પણ અવગાહન કરીને તેના સિદ્ધાન્તો સારવી લેવા જોઇએ. અજંતાની તેના પર પડેલી છાપ તેણે આલેખેલાં દક્ષિણ હિંદના જીવનનાં ચિત્રોમાં ઊતરી છે. એ પૈકીનું એક તે આ અંકનું મુખચિત્ર. (શ્રી કાર્લ ખંડાલાવાળાના અંગ્રેજી લેખને આધારે.)

લેપાક્ષી મંદિરનાં ભીંતચિત્રો

ચાર સૈકા કરતાં પણ વધારે સમય સુધી ઉપેક્ષિત અને અંધકારગ્રસ્ત અવસ્થામાં રહેલું મદ્રાસનું લેપાક્ષી નામનું ગામડું ગયાં બે વર્ષથી ભારતીય કલાપરંપરાની એક મહત્ત્વની કડી તરીકે પ્રકાશમાં આવ્યું છે. મદ્રાસ રાજ્યની સરહદ પરના હિન્દુપુરની પૂર્વે ૯ માઇલે આવેલા એ ગામમાં વીરભદ્રસ્વામીનું મંદિર છે. એમાં ભારતની મધ્યકાલીન ભીંત-ચિત્રકલાના કેટલાક ઉત્કૃષ્ટ નમૂના જળવાઈ રહ્યા છે.

મંદિરનું સ્થાપત્ય વિજયનગરની શૈલીનો નોંધપાત્ર નમૂનો છે. મુખ્ય દ્વારની દીવાલની અંદરની બાજુ કોતરેલા લેખમાં જણાવ્યા પ્રમાણે વિજયનગરના કૃષ્ણદેવરાયના અમલ દરમ્યાન કોષાધ્યક્ષનું કામ કરતા વિરૂપન્ને ઈ. ૧૫૩૮માં એ બંધાવેલું. દંતકથા એવી છે કે એ માટે તેણે રાજ્યનાં નાણાંનો વગર પરવાનગીએ ઉપયોગ કરવાથી રાજાએ તેને એ માટે શિક્ષા કરેલી. અને મંદિરનું બાંધકામ અધવચ્ચેથી અટકી પડેલું. અધૂરો રહેલો ભવ્ય કલ્યાણમંડપ પહેલેથી જ ભવ્ય શૈલીમાં શરૂ કરાએલો લાગે છે અને એના થાંભલા અનેક આકર્ષક શિલ્પકૃતિઓથી ભરચક છે. નજીકમાં જ 'નાટચમંડપ' છે. એ સંપૂર્ણ છે અને મંદિરનો સૌથી વધારે કલામય ભાગ પણ એ જ છે. ઉત્કૃષ્ટ કોતરણીવાળા ૬૬ સ્તંભો પર એ મંડપ રચાયો છે અને વિજયનગરના સમયની અલંકારપ્રચુર શૈલીનાં વિશિષ્ટ સુશોભનોથી સમૃદ્ધ એના વચલા સમૂહના થાંભલાઓ પર ગાન્ધર્વો અને અપ્સરાઓની આકૃતિઓ પત્થરમાં કંડારેલી છે.

મંદિરની પૂર્વ દિશામાં આશરે ૨૦૦ વાર દૂર એક જ શિલામાંથી કોતરી કાઢેલો ૧૫ ફૂટ ઊંચો ને ૨૭ ફૂટ લાંબો એક સુંદર નન્દી છે.

પણ આ મંદિરનું સૌથી વધારે વિલક્ષણ અંગ તો નાટચમંડપની છત છે. એમાં રામાયણ, મહાભારત અને પુરાણોમાંના પ્રસંગો રજૂ કરતાં સંખ્યાબંધ ભિત્તિચિત્રો આલેખવામાં આવ્યાં છે. પૂર્ણ માનવકદનાં એ છતચિત્રોમાં ચિત્રકલા અને રંગકલાનું અદ્ભુત કૌશલ્ય દેખાઈ આવે છે. 'કિરાતાર્જુનીય'માંના એક પ્રસંગમાં કિરાતવેષધારી



લેપાક્ષી મંદિરમાંનાં ભીંતચિત્રો પૈકી એક નમૂનો: 'શિવ પાર્વતી-લગ્ન'ના ચિત્રમાંનું મૃદંગ વગાડનારનું એક અલંકારપ્રચુર પાત્ર

શિવ ને અર્જુન વરાહના શિકાર બાબત યુદ્ધ કરતા દેખાય છે. રામ-રાજ્યાભિષેકનું અને વટપત્રશાયી કૃષ્ણનું, એ બે ચિત્રો તો ભારતીય ભિત્તિચિત્રકલાના ઉત્કૃષ્ટ નમૂનાઓમાં સ્થાન પામે એવાં છે. એક ઠેકાણે અર્જુનની તપશ્ચર્યાના કેટલાક પ્રસંગો છે; બીજા એક સ્થળે શિવપાર્વતી-વિવાહની ચિત્રાવલિમાં વિષ્ણુ, વાયુ, અગ્નિ તેમજ બીજા દેવો આલેખવામાં આવ્યા છે. 'માનભંગ' અથવા પ્રણયકૂપિતા પાર્વતીને મનાવતા શિવનું ચિત્ર તો આખા સમૂહમાં કદાચ સર્વોત્તમ રંગચિત્ર છે. દેવમંદિરે જતી સ્ત્રીઓનાં કેટલાંક ચિત્રોમાં, આ ઘણી આધુનિક 'છાપેલી સાડી'ની ડિઝાઇનને મળતી આવતી ડિઝાઇનો ખાસ લક્ષ ખેંચે છે.

વિજયનગર-કાળના જે કલાકારોએ આ ચિત્રો સર્જ્યાં છે તેમનામાં આકૃતિ, રેખા અને રચનાના સૌષ્ઠવ વિષે ઉત્તમ કલાદૃષ્ટિ હતી એમ ચોખ્ખું દેખાઈ આવે છે. તેમનું રંગવિધાન ખૂબ મનોહર છે અને પીંછીના વળાંક અને લસરકાના તેમના હસ્તલાઘવ ઉપરથી ભીંત-ચિત્રોની કલા ઉપરના તેમના પ્રભુત્વનો સચોટ ખ્યાલ આવે છે.

આ ભીંતચિત્રોમાં ક્લાસિકલ શૈલીની અને અજન્તાની કળાની અસર સ્પષ્ટ દેખાય છે, છતાં તેમને અજંતા શૈલીનાં ભીંતચિત્રોનાં ઉદાહરણો તરીકે ન ગણી શકાય, પણ તેમને ભારતની મધ્યકાલીન ભીંતચિત્રકલાના વિજયનગર–કાળનાં ઉદાહરણો લેખી શકાય.

કાટવાળાં અને ગળતાં છાપરાંમાંથી ટપકતાં પાણી, બાવાંજાળાં અને મેલ વગેરેને લીધે તેમજ માણસની સૌંદર્યદૂષક પ્રવૃત્તિથી આ સુંદર ચિત્રોને ઘણું નુકસાન પહોંચ્યું છે. ગયે વર્ષે મદ્રાસ સરકારે આમાંનાં કેટલાંક ચિત્રોની પ્રતિકૃતિઓ તૈયાર કરવા સુપ્રસિદ્ધ કલાકારોને રોક્યા હતા અને આ સુંદર પ્રાચીન ભીંતચિત્રો તરફ પ્રજાનું

લક્ષ ખેંચવાના હેતુથી કુશળતાપૂર્વક તૈયાર કરેલી એ પ્રતિકૃતિઓનો સમૂહ મદ્રાસ સરકારના મ્યૂઝિયમમાં રજૂ કરાયો હતો. ભારત-સરકારના પુરાતત્ત્વ ખાતાએ આ ચિત્રોને વિશેષ બગડતાં અટકાવવા રાસાયનિક પદ્ધતિઓ અજમાવવાનો તેમજ એમને જાળવી રાખવા માટે જરૂરી મરામત કરવાનો કાર્યક્રમ હાથમાં લીધો છે.

રૉઈટરની શતાબ્દી

છાપાંઓમાં હજારો સમાચારોને છેડે આવતા ચાર અક્ષરના એ શબ્દ (રૉઇટર)થી આજે ભાગ્યે જ કોઈ અજાણ હશે. તદ્દન સાચા, નિષ્પક્ષ, પ્રામાણિક, અને આધારભૂત સમાચારો માટે દુનિયાભરમાં જાણીતી, અને કોઇપણ સરકારો કે રાજકીય પક્ષોથી પર એવી એ સમાચારસંસ્થા આજથી ૧૦૦ વરસ પહેલાં, પાંત્રીસ વરસના જ્યુલિયસ રૉઈટર નામના એક બૅંક કારકુને બુકસેલર-પબ્લિશરનો ધંધો કરી લીધા બાદ લંડનમાં કાઢેલી. એનું ચરિત્ર ‘કુમાર’ના ૨૧૦-મા અંકમાં આવી ગયું. ફ્રાંસ બેલ્જિયમમાંથી યુરોપના સમાચારો ઇંગ્લિશ ચૅનલની પાર મોકલવા માટે સંદેશવાહક કબૂતરોથી સ્થપાએલી એ સંસ્થા પાસે આજે આખી દુનિયાને વીંટી લેતી પોતાની સ્વતંત્ર રેડિયો સર્વિસ છે, જે દ્વારા જગતભરમાં પથરાએલા તેના ૨૦૦૦ ઉપરાંત માણસો સતત, ચોવીસે કલાક તેની કચેરીમાં સમાચારોનો ધોધ વહાવ્યે જ જાય છે. આજની દુનિયામાં તો સમાચારો એક થોડી સેકંડ મોડા પડે તો મોટી ઉથલપાથલ થઇ જાય, એવી સ્થિતિમાં રૉઈટરના માણસો સેકંડે સેકંડનો હિસાબ ગણીને જે ચપળતાથી સમાચારો મોકલતા ને મોકલે છે તેની આખી યે કથા અત્યંત રોમાંચક છે અને કોઇ વાર ‘કુમાર’મા આવશે. એક બે નાના દાખલા આપીએ તો, લંડનમાં ૧૯૦૯માં મદનલાલ ધીંગરાએ સર કર્ઝન વાઈલીનું ખૂન કર્યું ત્યારે ખૂનીને નાસી જતો અટકાવવા તરત હૉલના દરવાજા ધડાધડ બંધ કરી દેવામાં આવતાં રૉઈટરના રીપોર્ટરે બારીમાંથી કૂદીને નજીકના ટેલીફોન પરથી તે સમાચાર પહોંચાડયા હતા. અને છેલ્લા મહાયુદ્ધમાં હિટલરને પોતાની હારના ખબર રૉઈટરના સમાચારથી જ મળેલા, જેમાં હિટલરનો દગો સાંભળી એણે આપઘાત કર્યો. જ્યુલિયસ રૉઈટર તથા તેના પુત્રોએ ઉછેરીને પાંગરેલી કરેલી એ સંસ્થા આજે કોઈ વ્યક્તિની ખાનગી માલિકીની ન રહેતાં બ્રિટન, ભારત, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલાંડ અને સીલોનનાં અખબારોના સહકારી સંયુક્ત સંઘ નીચે એક ટ્રસ્ટ દ્વારા ચાલે છે, જેની મુખ્ય કલમ એવી છે કે ‘સમાચારોની શુદ્ધિ અને સ્વતંત્રતા જળવાઇ રહે એ હેતુથી આ સંસ્થા કદી પણ કોઇ એક પક્ષના હાથમાં જવા દેવામાં નહિ આવે.’ હિંદ તરફથી તેના ડિરેક્ટર શ્રી દેવદાસ ગાંધી છે. ગઇ ૧૧મી જુલાઇએ લંડનમાં, દુનિયાના ૫૦ દેશોમાંથી ખાસ આવેલા ૧૦૦૦ ઉપરાંત મહેમાનોની હાજરીમાં તેની શતાબ્દી જયંતી ઘણા દબદબાપૂર્વક ઊજવાઈ.

(જુઓઃ ચિત્રો સામેના પાને)

સુભાષિત

चित्तोद्वेगनिवृत्तिश्चेद् भजिष्यामि हरिं तदा ।
न जाने परमाध्यन्ते प्राणानां सहगामिता ॥

ભાવાનુવાદ

ચિંતા ઉદ્વેગના અંતે ભજીશું હરિને સુખે;
ન જાણું અંત ચિંતા ને પ્રાણના એકસાથ છે.

[વિવરણ: ઘણાં વર્ષ પહેલાં મુંબાઈમાં એક વિદ્વાન શાસ્ત્રી શ્રીમદ્ ભગવદ્‌ગીતા ઉપર રોજ સાંજે સુંદર વ્યાખ્યાન આપતા. હું એ સાંભળવા જતો. ત્યારે મારા વેપારી મિત્રો મશ્કરીમાં કહેતા કે ‘એ માટે હજી ઘણો સમય છે. અત્યારથી ભગત બનશો તો વેપાર ભૂલી જશો.’

આના જવાબમાં એક સરસ વાત કહેવા જેવી છે. એક વખત એક ઘોડેસવાર ગામથી ઘણે દૂર નીકળી ગયો, અને તાપના દિવસો હોવાથી એનો ઘોડો ખૂબ તરસ્યો થયો. તપાસ કરતાં એક ખેડૂત કોસ ચલાવી ખેતરને પાણી પાતો હતો. ત્યાં સવારે ઘોડાને પાણીના થાળા નજીક લેવા માંડ્યો પણ કોસના ‘ચિચૂડ ચિચૂડ’ અવાજથી ભડકીને તે આગળ વધે જ નહિ. સવાર વિચાર કરતો ઊભો રહ્યા કે આ ચિચૂડ ચિચૂડ બંધ થાય ત્યારે પાણી પાઉં. સવારને બહુ વાર ઊભેલો જોઈ ખેડૂતને મનમાં થયું કે આ માણસ નકામો કેમ ઊભો રહ્યો હશે? એણે એને ઊભા રહેવાનું કારણ પૂછ્યું. સવારે કહ્યું કે ‘ઘોડો તારા કોસના અવાજથી ભડકે છે, માટે આ ચિચૂડ ચિચૂડ બંધ કર તો પાણી પાઇ લઉં.’ ખેડૂતે ઉત્તર આપ્યો કે ‘ભાઈ! એ ચિચૂડ ચિચૂડ બંધ થશે તે જ ઘડીએ પાણી પણ બંધ થશે. માટે ઘોડાને પંપાળી, ગમે તેમ કરી, કોસ ચાલે છે તે દરમ્યાન જ પાણી પાઈ લે.’

આ સાદી વાતમાં માણસના જીવન માટે ઘણો બોધ રહેલો છે. ‘હમણાં સંસારનાં કાર્યો કરી લેવા દો, ઘડપણમાં નિરાંતે ઈશ્વરને ભજીશું, એમ કહેનારા તો ઘણા મળે છે. ઉપરાંત, ભજન-ચિંતનની પેઠે જેમાં સ્વાર્થ ન હોય એવાં જે સત્કર્મો ને પરોપકારનાં કામ સંસારમાં કરવાનાં હોય છે એને માટે પણ માણસો આમ જ કહે છે. જીવન-કલહ અને ચિંતા તો ચાલુ જ હોય છે. એને કાબૂમાં રાખી આપણે સત્કર્મપરાયણ રહેવું જોઇએ. ચિંતાઓનો અંત આવશે ત્યારે અમુક કરીશું એવું કહેનારને અંત સુધી ચિંતાઓ છોડતી જ નથી. ર. ભી.]


વિકસતું વિજ્ઞાન

દુનિયાભરમાં સૌથી ઝડપી અને ઝીણામાં ઝીણી વિગતોને પણ જીવંતરીતે ફ્ચકડાની પટ્ટીમાં ઝડપી લેતો એક સિને કૅમેરા બ્રિટનમાં બનાવવામાં આવ્યો છે. તે દર મિનિટે ૨૪,૦૦૦,૦૦૦ છબિઓ ખેંચી શકે છે, અને તે એટલી બધી સ્પષ્ટ ને સ્વચ્છ હોય છે કે ૧૦૦ વાર દૂરની માખી પણ તેમાં ચોખ્ખી નજરે પડે છે! સ્ફોટક ધડાકા કે જે એક સેકન્ડ કરતાં પણ અલ્પ સમય સુધી ટકે છે તેમની વિગતોના અભ્યાસ માટે વિદ્યુત્‌વેગે છબિઓ ખેંચવામાં આ કૅમેરાનો સફળતાપૂર્વક ઉપયોગ થઈ શકે છે. આ કૅમેરા આકૃતિને સીધી ફિલ્મ પર નહિ પરંતુ એક મિનિટમાં દોઢ લાખ વખત ફરતા સ્વચ્છ પોલાદના અરીસા પર ફેંકે છે અને પછી ત્યાંથી તેને નાના કાચ દ્વારા ફિલ્મ પર પ્રતિબિંબિત કરવામાં આવે છે.

શુદ્ધ ઘીથી વનસ્પતિ-ઘીને જુદું પાડવા માટે યોગ્ય ખાદ્ય રંગની શોધ અંગે દહેરાદૂનની જંગલ-સંશોધન-સંસ્થાએ જાહેર કર્યું છે કે ‘કલોરોફીલ’નો પાળાશ પડતો લીલો રંગ વનસ્પતિ-ઘી સાથે ભેળવતાં તદ્દન પાકો થાય છે અને હવાની તેના પર અસર થતી નથી.

ઇંગ્લેંડમાં ‘લેમિક્સ’ નામનું એક યંત્ર શોધાયું છે, જે વડે બટાટા છોલી શકાય છે, શાક સમારી શકાય છે, લોટની કણક ટૂંપી શકાય છે ને ફળમાંથી રસ પણ કાઢી શકાય છે! તે માત્ર ત્રણ મિનિટમાં ચાર રતલ જેટલા લોટને ટૂંપીને તેની કણક તૈયાર કરી નાખે છે.

બીજા ઉપયોગો માટે લાકડાની માંગ વધવાથી અમેરિકામાં હમણાં વધારાના ઘાસને દબાવીને પાટિયાં બનાવવાની શોધ થઈ




(૧) જે સંદેશાવાહક કબૂતરો વડે રૉઈટરે પોતાની સમાચાર-સંસ્થા શરૂ કરી તેનો ઉપયોગ આજે પણ તે જરૂર પડ્યે કરે છે. છેલ્લા મહા-યુદ્ધમાં પણ આ કબૂતરોએ કામ કરેલું; (૨) રૉઈટરની ઑફિસનો એક ભાગ : જેમાં, દુનિયાના ખૂણેખૂણેથી તાર, ટેલીફોન, ટેલીપ્રિન્ટર અને રેડિયો દ્વારા સમાચારો અને ફોટોગ્રાફોનો ધોધ વહે છે, જેમાંથી તારવણી તથા સંપાદન કરીને તેના માણસો વર્તમાનપત્રોને મોકલે છે.

છે. તાર વડે બાંધીને તથા ખૂણિયા પર પતરાં જડીને બનાવાતાં આ પાટિયાંનાં ખોખાં લાકડાનાં ખોખાં જેટલાં જ મજબૂત બને છે અને તેમાં ફળફૂલ વગેરે દેશપરદેશ મોકલી શકાય છે.

આપણા હાથ-પગ વગેરેના સ્નાયુઓ થોડો વખત કામ કર્યા પછી થાકી જાય છે, પણ હૃદય તો જિંદગી આખી કામ કરવા છતાં થાકતું નથી, તે તેમાં 'એન્ઝાઈમ્સ' નામનો રાસાયનિક પદાર્થ સતત વહેવડાવતી તેની વિશિષ્ટ રચનાને આભારી છે. હૃદયની એક એક બારીક રેષા ૩૦૦થી ૭૦૦ અતિ સૂક્ષ્મ રેષાઓની બનેલી હોય છે, જેમાં રહેલી સૂક્ષ્મ નળીઓમાં આ એન્ઝાઇમ્સ વહે છે. આ બધું જોઈ શકાય એવું એક ઇલેક્ટ્રોન-માઇક્રોસ્કોપ (સૂક્ષ્મદર્શક યંત્ર) શોધાયું છે, જેની મદદથી હૃદયના રોગો હવે સમજી શકાશે.

સાંભળ્યાં પણ ન જાય એટલી હદના ઊંચા અવાજનો ઉપયોગ બારીક યંત્રોની સાફસૂફી માટે શોધાયો છે! અતિશય ઊંચી સપાટીએ અવાજ કાઢી શકે એવા અલ્ટ્રાસોનિક યંત્ર વડે તે અવાજનાં મોજાં એક રાસાયનિક પ્રવાહીમાંથી પસાર કરે છે. તેથી એ પ્રવાહીની અસરકારકતા એટલી તીવ્ર બની જાય છે કે તેમાં ડુબાડવામાં આવેલા યંત્રના ખૂણેખાંચરે તે પહોંચી જાય છે, ને ત્યાંથી ધાતુની કરચો, તેલની મળી, ધૂળનાં રજકણો વગેરેને ઝડપથી સાફ કરી નાખે છે.





ઇંગ્લંડની એમ સી.સી. ટીમે ચૂંટી કાઢેલા ૧૪ ક્રિકેટરો પૈકી જે આઠ અંગ્રેજ ટેસ્ટ ખેલાડીઓ આ વર્ષે હિંદની સફરે આવવાના છે તેમાંના ત્રણનાં ચિત્રો ઉપર આપ્યાં છે. ડાબી બાજુથી (૧) ૨૭ વર્ષનો ફ્રેડ રિજવે: ફાસ્ટ મીડિયમ બોલર અને ઉત્તમ ફીલ્ડર: ગયે વખતે કૉમન-વેલ્થ ટેસ્ટટીમમાં આવી ગએલો; (૨) આર. ટી. (ડિક) સ્પૂનર : ૩૧ વર્ષ : કૉમનવેલ્થ ટીમમાં આવેલો; (૩) ૨૬ વર્ષનો ડેરેક શૅકલ્ટન : ઑલ રાઉન્ડર : ઇંગ્લંડ તરફથી વેસ્ટ ઇન્ડીઝ સામે રમેલો, અને કૉમનવેલ્થ ટીમમાં હિંદ આવેલો.

માલણ

લેખક
પ્રો. જયંતીલાલ દેવશંકર ઓઝા એમ.એસસી.



સુંદર ફૂલોથી ભરેલી ટોપલી લઈને બેઠેલી માલણ જેમ રસ્તે જનાર સૌકોઇને આકર્ષે છે તેમ વર્ષા ઋતુમાં રૂપમનોહર સફેદ ફૂલોની મોહક સુવાસથી આકર્ષતા આ વૃક્ષને 'ડેકામારી,' 'ડીકામારી,' 'ડીકામાળી,' અગર 'દીકામાળી' પણ કહે છે. સંસ્કૃતમાં 'નાડિહિંગુ,' 'રામઠી,' 'વંશપત્રી,' તથા 'હિંગુનાડિકા' અને હિંદી તેમજ મરાઠીમાં 'ડેકામાલી' યા 'ડેકામારી' કહે છે. અંગ્રેજીમાં તે 'White Emetic Nut'ના નામે ઓળખાય છે. તેનું શાસ્ત્રીય નામ 'ગાર્ડેનિયા લુસીડા' ('Gardenia lucida' Roxz). અઢારમી સદીમાં થઇ ગએલા વનસ્પતિવિદ્ ઍલેક્ઝાન્ડર ગાર્ડનના માનમાં તેનું 'ગાર્ડેનિયા' નામ પડેલું છે; 'લુસીડા'નો અર્થ ચળકતું, તેજસ્વી એવો થાય છે.

બ્રહ્મદેશ, ચિત્તાગોંગ (ચટગાંવ), કોંકણ, ઉત્તર કાનડા, દખ્ખણ, કર્ણાટક અને મદ્રાસના સૂકા ભાગો માલણનાં ઉત્પત્તિસ્થાનો છે.

માલણનું સુંદર વૃક્ષ ૨૦થી ૨૫ ફીટ ઊંચું ઊગે છે. તેની છાલ લીસી અને રાખોડી હોય છે. કુમળી શાખાઓ પરની છાલ લીલાશપડતી રાખોડી હોય છે. આસપાસ પથરાતી અનેક શાખાઓ લીસી અને ચળકતી હોય છે અને તે પર ચીકણા પીળા પદાર્થનું પાતળું પડ હોય છે.

પાન સાદાં, સામસામાં ગોઠવાએલાં, બન્ને બાજુ ચળકતાં, ૨½થી ૮ ઇંચ લાંબાં ને ૧ થી ૩ ઇંચ પહોળાં, વચમાં પહોળાં પણ ટોચે તથા તળિયે સાંકડાં થતાં અને બુઠ્ઠી અગર અણીદાર ટોચવાળાં હોય છે. દરેક પાનને ટૂંકી દાંડી હોય છે. પાનની નીચેની બાજુ પર મુખ્ય નસો વધારે બહાર-પડતી દેખાય છે. શાખા પર સામસામાં ગોઠવાએલાં બે પાનની દાંડી વચ્ચે આવેલાં બે દંડપત્રો (stipules) મોટાં, અંડાકાર, ટોચે અણીદાર ને પાતળાં હોય છે. શિયાળામાં આ પાન ખરી પડે છે અને ઉનાળો બેસતાં ફરી નવાં પાન આવે છે.

જૂનથી સપ્ટેમ્બર દરમિયાન તેને ફૂલ આવે છે. તે મોટાં અને સુવાસિત હોય છે. શાખાઓના છેડા પરના સૌથી ઉપરના પાનના પત્રકોણ (axil)માંથી એકાકી ફૂલો નીકળે છે. દરેક ફૂલને ½ થી ¾ ઇંચ લાંબી દાંડી હોય છે. ફૂલનું વજ્ર નીચેના ભાગમાં પ્યાલી આકારનું, ¾ ઇંચ લાંબું, રુવાંટીવાળું અને ઉપરના ભાગમાં પાંચ ઊભી અણીદાર અગર ભાલાકાર પાંખડીઓનું બનેલું હોય છે. ફૂલમણિની પાંખડીઓ મોટી અને ફૂલ ઊઘડતી વખતે સફેદ હોય છે, પરંતુ થોડા સમયમાં જ તે પીળી પડે છે. ફૂલમણિ નીચેના ભાગમાં નળી-આકારની હોય છે અને તે નળી ૧¼ થી ૨ ઇંચ લાંબી, પાતળી અને બહારના ભાગમાં ઝીણી રુવાંટીવાળી હોય છે. ફૂલમણિની બહાર પથરાતી પાંચ પાંખડીઓ વ્યસ્ત અંડાકાર, ટોચે બુઠ્ઠી, ¾ થી ૧¼ ઇંચ લાંબી અને લીસી હોય છે. ફૂલ સાંજે ઊઘડે છે, થોડા સમયમાં જ પીળાં પડે છે અને આખરે સુકાઈ ખરી પડે છે. સુકાય છે ત્યારે તે કાળાં પડે છે. તેમાં પાંચ રેખાકાર પુંકેસર હોય છે, તે ફૂલમણિની નળીના ગળામાંથી નીકળે છે. પુંકેસર તંતુઓ રહિત હોય છે; માત્ર પરાગ-કોષ જ તેમાં હોય છે. સ્ત્રીકેસર એક હોય છે.

માલણનું ફળ લંબગોળ અગર ગોળ, ¾થી ૧ ઇંચ પહોળું, લીસું અને ઊભી લીટીઓની નિશાનીવાળું હોય છે. તે પીળાશપડતું લીલું અને સુકાયા પછી ભૂરા રંગનું થાય છે. તેની છાલ જાડી અને કઠણ હોય છે અને ટોચે દેખાતો દાંતાવાળો મુકુટ વજ્રનો ટકી રહેલો ભાગ હોય છે. અંદર કાંઈક ચપટાં ને રાતાં અગર ભૂરાં અનેક બીજ હોય છે. માલણનાં આ ફળ શિયાળે પાકે છે.

માલણ કદંબાદિ (કદંબ, નેવરી વગેરેના) વર્ગની વનસ્પતિ છે. તે બીજ તેમજ કાપકલમ બંનેથી ઊગે છે.

માલણનું લાકડું પીળાશ પડતું સફેદ અને કઠણ હોય છે. તેના એક ઘનફૂટનું વજન ૩૯ રતલ થાય છે. તે સંઘાડા ઉપર ઉતારવા (turning) માટે તેમજ કાંસકા બનાવવાના ઉપયોગમાં લેવાય છે. મધ્યપ્રાંતમાં માલણનાં ફળ ખાવા માટે વપરાય છે.

ઘરગથ્થુ ઔષધ તરીકે વપરાતી ડીકામારી એ માલણમાંથી મળતો ચીકણો ગુંદર છે. ચીકણો, ચળકતો અને પીળાશપડતો લીલો એ ગુંદર, કુમળી શાખાઓ તેમજ કળીઓની ટોચે ટીપાં રૂપે મળે છે. તેમાં બિલાડીના મૂત્ર જેવી દુર્ગંધ હોય છે. ચોખ્ખો કરેલો ગુંદર પારદર્શક અને ચળકતા પીળા રંગનો હોય છે. અંગ્રેજીમાં તે Cumbi gum નામથી ઓળખાય છે.

ડીકામારી ગરમ, કડવી, તીક્ષ્ણ, દીપક, કફઘ્ન ને વાતઘ્ન છે. તે ભૂખ વધારે છે; કબજિયાત હઠાવે છે; ખાંસી ને છાતીનાં દર્દ મટાડે છે ને ઊલટી બંધ કરે છે. તાવ, પેટના દુખાવા, વાયુ, હિસ્ટીરિયા તેમજ આંચકીમાં પણ તેનો ઉપયોગ થાય છે. તે બાધક ગણાય છે.

ચામડીનાં દર્દોમાં, દુર્ગંધ મારતાં ચાંદાં ધોવા માટે તથા માખીઓને ચાંદાંથી દૂર રાખવા માટે તેનો ઉપયોગ થાય છે. તે જંતુનાશક છે. ગોળ કૃમિનો નાશ કરવા માટે તે અસરકારક ઔષધ ગણાય છે.

મદ્રાસમાં ડીકામારી તેલમાં મેળવીને માથાનો દુખાવો મટાડવા માટે કપાળ પર ચોપડવામાં આવે છે. બાળકને દાંત આવતી વખતે ડીકામારી અપાય છે. તેનાથી તાવ, ઊલટી અને ઝાડા મટે છે.

માલણનાં પાન બાંધવાથી જખમ રૂઝાય છે. ગાય કે ભેંસને પડેલા ચાઠા પર તેમજ વાળા પર પણ આ પાન બંધાય છે.

આ માસ (ઑગસ્ટ) ઈતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

આ માસના દિનવિશેષ

તા. ૧ લોકમાન્યનું અવસાન; ને એમની રાખમાંથી જ અસહકારનો જન્મ, ૧૯૨૦.
તા. ૨ ઇસ્ટ ઇંડિયા કંપની પાસેથી ઇંગ્લૅંડની સરકારે હિંદની હકુમત પોતાને હાથ લીધી, ૧૮૫૮.
તા. ૪ મુંબાઈના 'બેતાજ બાદશાહ' વિનીત નેતા સર ફિરોઝશાહ મહેતાનો જન્મ, ૧૮૪૫.
તા. ૫ હેસ્ટિંગ્સે રાજા નંદકુમારને ફાંસી અપાવી, ૧૭૭૫ (જુઓ નીચેનો પ્રસંગ વિશેષ).
તા. ૭ બંગાળના ભાગલાના પ્રતિકારરૂપે ત્યાં અંગ્રેજી માલનો બહિષ્કાર જાહેર થયો, ૧૯૦૫.
તા. ૯ લોકક્રાન્તિના પ્રેરક સૂત્ર 'ક્વિટ ઇંડિયા'નો નાદ દેશભરમાં ગાજી ઊઠ્યો, ૧૯૪૨.
તા. ૧૦ જગતની પ્રખ્યાત વેધશાળા ગ્રીનીચની રૉયલ ઑબ્ઝર્વેટરી સ્થપાઈ, ૧૬૭૫.
તા. ૧૨ અમેરિકન વૈજ્ઞાનિક એડિસને ગ્રામોફોનની શોધ કરી, ૧૮૭૭.
તા. ૧૫ પનામાની નહેર વ્યાપાર-વ્યવહાર માટે ખુલ્લી મુકાઈ, ૧૯૧૪.
તા. ૧૬ આધ્યાત્મવાદને સજીવન કરનાર સ્વામી રામકૃષ્ણ પરમહંસનું અવસાન, ૧૮૮૬.
તા. ૧૭ જેના કડવા ફળ રૂપ પાકિસ્તાન સર્જાયું તે કોમી ચુકાદો પડેલો બહાર પડ્યો, ૧૯૩૨.
તા. ૧૮ હિંદની સેવામાં સદા રત રહેલા અમેરિકન ડૉ. જાબેઝ ટી. સંડરલૅંડનું અવસાન, ૧૯૩૬.
તા. ૨૨ કલકત્તામાં કેશવચંદ્ર સેને બ્રાહ્મમંદિર ઉઘાડ્યું, ૧૮૬૯.
તા. ૨૪ પ્રેમ-શૌર્યના ગાનથી ગુજરાતને ગૌરવાન્વિત કરનાર કવિ નર્મદનો જન્મ, ૧૮૩૩.
તા. ૨૬ પરદેશીઓની પહેલી પનોતી રૂપ વાસ્કો ડા ગામા કાલિકટને કિનારે ઊતર્યો, ૧૪૯૮.
તા. ૩૦ ગૅારિટને રાઘોબાને ભંભેરી તેની પાસે નારાયણરાવ પેશ્વાનું ખૂન કરાવ્યું, ૧૭૭૩.
તા. ૩૧ બાળકેળવણીમાં ક્રાંતિ લાવનાર કેળવણીકાર માદામ મૉન્ટેસોરીનો જન્મ, ૧૮૭૦.

વ્યક્તિવિશેષ : ચિંતામણિ ઘોષ

અવિશ્રાંત મહેનત, બુદ્ધિની પ્રતિભા અને



ઓજસ્વી ચરિત્ર્યથી સંસારમાં માર્ગ કરી હિંદી મુદ્રણમાં નવયુગ સ્થાપનાર ચિંતામણિ ઘોષનો જન્મ ૧૮૫૪ની ૧૦મી ઑગસ્ટે થએલો. પિતાના અવસાનથી દસ જ વર્ષની વયે અનાથ બનેલા એ બાળકે અભ્યાસ છોડી ઉગ્ર કર્તવ્યનિષ્ઠાથી સંસારનો ભાર પોતાની કોમળ કાંધ પર ઝીલવો શરૂ કર્યો. ૧૯ વર્ષની ઉંમર સુધી પાયોનિયર છાપખાનામાં દસ રૂપિયાથી શરૂ કરી ૬૦ રૂપિયા સુધી બઢતી પામી, એક દિવસ ખોટો હિસાબ લખવાનો ઇન્કાર કરી એ નોકરી છોડી સરકારી મીટિયોરૉલૉજીની કચેરીમાં હેડ ક્લાર્કની જગ્યા મેળવી. પણ મન તો સ્વકીય મુદ્રણના ધંધા તરફ જ ઢળેલું હોઇ મિત્રો પાસેથી ઉછીના પૈસા લઈ તેમણે એક નાનકડું છાપખાનું ખરીદ્યું ને નવરાશના સમયમાં તેનું બધું કામ જાતે શીખી નાનાંનાનાં કામો રાખવા લાગ્યા ને ટૂંક સમયમાં જ એવી પ્રગતિ સાધી કે તેમના કામથી આકર્ષાઈ ગવર્નમેન્ટ પ્રેસે પણ તેમને એક કામ સોંપ્યું.

૧૮૯૪માં ૩૫ વર્ષની વયે ૨૫ રૂપિયાનું ચોથાઈ પેન્શન લઈ નોકરી છોડી બધી જ શક્તિ ને હતી એટલી સંપત્તિ પ્રેસ પાછળ રોકી દીધાં. ભૂલ વિનાનું સુઘડ ને સુંદર મુદ્રણ એ એમનો આદર્શ હતો. પ્રેસની યશરક્ષાની એમને જે પરવા હતી તે પૈસાની ન હતી. એ પ્રેસ તે અલ્લાહાબાદનું અગ્રગણ્ય ગણાતું 'ઇંડિયન પ્રેસ'. પછી એમણે આદર્શ પુસ્તકોનાં પ્રકાશન ઉપાડ્યાં. ભારતભરમાં પંકાએલ 'રામચરિત માનસ'નું બેનમૂન પ્રકાશન કર્યું. ૧૯૦૦માં હિંદી ભાષામાં નવયુગ પ્રકટાવતું 'સરસ્વતી' માસિક શરૂ કર્યું. અને રામાનંદ બાબુના 'પ્રવાસી' અને 'મૉડર્ન રિવ્યૂ'ને છાપી ઇંડિયન પ્રેસે ઘણી જ સારી નામના મેળવી. આમ હિંદી મુદ્રણકલાનો નવો યુગ ઘડવાનું, હિંદી સાહિત્ય પ્રચારનું, તેમજ હિંદી બાલસાહિત્યના પ્રકાશનની પહેલ કરવાનું બધું જ માન ચિંતામણિ બાબુને જ ઘટે છે.

પણ પ્રેસ પાછળની રોજની અઢાર અઢાર કલાકની મહેનતે તેમની આંખો બગડી ને ઑપરેશન કરાવતાં બંને આંખો ગઈ. છતાં એમનો પ્રેસ પાછળનો ખંત તો ન જ ઘટ્યો. છેક કલકત્તા, કાશી, આગ્રા, નાગપુર, પટણા ને જબલપુરમાં તેની શાખાઓ વિસ્તારી.

૧૯૨૦માં સોળ જ દિવસના ગાળામાં બેરીબેરીથી પીડાઈ પત્ની, પ્રેસ સંભાળતો મોટો પુત્ર અને પુત્રીના દુઃખદ અવસાનના કારમા ઘા એમને ઝીલવા પડ્યા છતાં ફરી પ્રેસની વ્યવસ્થા હાથમાં લઈ છેક અવસાન થવા અગાઉ બે અઠવાડિએ શરીર તદ્દન અવશ થઈ પડ્યું ત્યાં સુધી ધંધા તરફ ધ્યાન દીધા કર્યું. આમ, સદા જાગૃત અંતર, પ્રબળ સંકલ્પ શક્તિ ને ઘોર પરિશ્રમથી ૧૩ વર્ષની વયથી માંડીને ૬૦ વર્ષની ઉંમર સુધી એકધારું ને અવિચ્છિન્ન કાર્ય કરતાં રહી એ ઉદ્યોગશીલ, કાર્યકુશળ ને પ્રતિભાસંપન્ન પુરુષમણિ ૧૯૨૮ની ૧૧મી ઑગસ્ટે અવસાન પામ્યા.

પ્રસંગવિશેષ : રાજા નંદકુમારને ફાંસી

કંપનીસરકારની કપટનીતિને બરાબર પામી જઇ બંગાળના વૃદ્ધ અને અગ્રણી જાગીરદાર રાજા નંદકુમારે જ્યારે મુઘલ સમ્રાટની રહીસહી સત્તા નીચે પણ દેશની સમગ્ર પ્રજાને એકત્ર કરીને અંગ્રેજોને હાંકી કાઢવાનો પ્રયત્ન કર્યો, ત્યારથી તે ગોરાઓની આંખમાં ખૂંચતા થઈ ગયા હતા. પણ એ કાંટો દૂર કરતાં પહેલાં હેસ્ટિંગ્સે, ક્લાઇવે સ્થાપેલી દો-અમલી સત્તા દૂર કરીને અંગ્રેજોનો સ્વતંત્ર અમલ સ્થાપવામાં નંદકુમારને પ્યાદું બનાવવાનો પેંતરો રચ્યો. દો-અમલીના ત્રણ વહીવટદારો પૈકી એક મોહમ્મદ રેઝાખાંને દૂર કરવા માટે દોષિત ઠેરવવામાં તેણે નંદકુમારને, તેની જગ્યા આપવાની લાલચે, ભેળવ્યા. પણ રેઝાખાંનો મુલક કબજે કરી લીધા બાદ તેની પાસેથી મોટી લાંચ લઈ, નિર્દોષ ઠરાવી રખડતો છોડી મૂક્યો. હવે નંદકુમાર પોતાની સાથે થએલી છેતરામણી પામી ગયા, અને એથી કૂપિત થઇ, કલકત્તાની કાઉન્સિલમાં હેસ્ટિંગ્સ પર બંગાળની રૈયત તથા જમીનદારો પાસેથી લાંચ લીધી હોવાના, લોકોને દગો દેવાના, મુર્શિદાબાદના નવાબની મા મુન્ની બેગમ પાસેથી ધન પડાવવાના વગેરે અનેક આરોપો મૂકી તે ગુનાઓ સાબિત પણ કરી બતાવ્યા. પણ કાઉન્સિલને ગવર્નર સામે ફરિયાદ સાંભળવાનો અધિકાર જ નથી એવો મુદ્દો ઊભો કરી તેને જરા યે દાદ ન આપી; એટલું જ નહિ પણ પાંચ વરસ પહેલાં, નંદકુમારે એક ખોટો દસ્તાવેજ કર્યાનો બનાવટી આરોપ તેના પર મૂકી હેસ્ટિંગ્સે પોતાના મિત્ર એલીજા ઇમ્પીની કોર્ટમાં સામો કેસ માંડ્યો. તેમાં ખોટા સાક્ષીઓ ઊભા કરી, સચ્ચાઇને નેવે મૂકવામાં આવી, અને એ વખતે ભારતમાં દેશી કે અંગ્રેજી કોઈ કાયદામાં આવા ગુના માટે મોતની સજા ન હોવા છતાં, ઈ. ૧૭૭૬ના ઑગસ્ટની પાંચમી તારીખે કલકત્તામાં નંદકુમારને ફાંસીએ ચડાવી દીધા. હિંદીઓ પર કુટિલ અંગ્રેજ સત્તાધીશોના અન્યાયી જુલ્મોમાં આ બનાવ ઘણો કારમો અને કરુણ હતો.

રાષ્ટ્રધ્વજ (પૃ. ૨૭૮થી આગળ ચાલુ) રંગના ત્રણ સરખા પટ્ટાવાળો ત્રિરંગી આડો ધ્વજ; (૨) વચ્ચેના સફેદ પટ્ટાની મધ્યે, પટ્ટાની પહોળાઇના જ કદનું, અશોકના સારનાથ સ્તંભના સિંહ-શિખરની બેસણી (ફલક) પરના ચક્ર જેવું આબેહૂબ, ૨૪ આરાવાળું ચક્ર: એ આસમાની (નેવી બ્લૂ) રંગમાં, ધ્વજની બંને બાજુ ચીતરી, છાપી, ભરી, કે ધ્વજની જ બનાવટની જાતના કાપડમાંથી કોતરીને સીવી શકાય; (૩) ધ્વજની લંબાઈ-પહોળાઈનું પ્રમાણ ત્રણ અને બેનું.

એને રજૂ કરતાં પંડિતજીએ સમજાવ્યું કે 'જૂના ધ્વજ કરતાં આમાં ફેર માત્ર ચરખાને બદલે ચક્રનો છે. ધ્વજ માટે એક નિયમ એવો છે કે તેના પરનું લાંછન (ચિહ્ન) બંને બાજુથી એકસરખું દેખાવું જોઈએ. ચરખામાં તેમ નહોતું થતુ. એક બાજુ તેની ત્રાક છેડા તરફ અને બીજી બાજુથી જોતાં દંડ તરફ રહેતી હતી. આ બરોબર નહોતું. ખૂબ વિચારને અંતે અમને લાગ્યું કે આવડા મોટા લોકસમૂહને આજ સુધી પ્રેરણા આપનારું આ ચિહ્ન તો રહેવું જોઈએ. પણ થોડા ફેરફાર સાથે. આખા ચરખાને બદલે તેનું મુખ્ય અંગ ચક્ર રહે અને એ રીતે તેની જૂની પ્રણાલી ચાલુ રહે. માત્ર દોરી અને ત્રાક ગૂંચવાણી ઊભી કરે છે તે દૂર થાય. હવે, એ ચક્ર કેવું રાખવું? અમારી નજર અશોકચક્ર પર ઠરી. એ ચક્ર હિંદની પ્રાચીન સંસ્કૃતિનું પ્રતીક છે, યુગો થયાં ભારત જેને માટે ખડું છે તેનું પ્રતીક છે. ... આ ધ્વજ કોઈ મહારાજ્યનો ધ્વજ નથી; સામ્રાજ્યવાદનો પ્રતીક પણ તે નથી; કે નથી તે કોઇ પણ રાજ્ય ઉપર આધિપત્ય ભોગવવા માટેનો: પણ એ સ્વાતંત્ર્યનો ધ્વજ છે,—આપણા, તેમજ જે પ્રજા તેને જુએ તે સૌના સ્વાતંત્ર્યનો. જ્યાંજ્યાં એ જશે ત્યાંત્યાંની પ્રજાને માટે તે સ્વાતંત્ર્યનો બિરાદરીનો સંદેશ લઇ જશે; દુનિયાના દરેક દેશ સાથે મૈત્રી બાંધવાની, તથા મુક્તિમાટે ઝંખતી દરેક પ્રજાને મદદ કરવાની ભારતની ઈંતેજારીનો સંદેશ તે લઈ જશે.'

ડૉ. રાધાકૃષ્ણે ધ્વજની રંગ-રચનાનો અર્થ સમજાવતાં કહ્યુ કે, 'કેસરી કે ભગવો રંગ એ ત્યાગ અને અનાસક્તિનો રંગ છે; આપણને અને આપણા નેતાઓને તે કોઈ પણ ઐહિક લાભની આસક્તિ રાખ્યા વિના પોતપોતાના કર્તવ્યને-ધર્મને સમર્પિત થવાનું પ્રબોધે છે. સફેદ તે પ્રકાશનો રંગ છે, આપણો કર્તવ્યપથ બતાવતા સત્યનો રંગ છે. લીલો રંગ આપણા સમગ્ર જીવનના આધાર રૂપ લીલી વનસ્પતિની ધારક આપણી ભૂમિ સાથેનું આપણું અનુસંધાન સૂચવે છે.'

મધ્યમાંનું અશોકનું ચક્ર એ મૂળ 'ધર્મચક્ર' છે. એમણે કહ્યુ કે, 'આ ધ્વજની છાયા નીચે કામ કરતા પ્રત્યેકના જીવનનું ચાલક બળ "સત્ય" અને "ધૈર્ય" હોવાં જોઇએ. વળી ચક્ર એ "ગતિ"નું સૂચક છે. સ્થિરતામાં—સ્થગિતતા મૃત્યુ છે. ગતિમાં જ જીવન છે. ભારતે હવે ફેરફારોથી ન ભડકતાં આગળ વધવું જોઈએ, પ્રગતિ કરવી જોઈએ. ચક્ર એ શાન્તિમય પલટાનું પ્રતીક છે, એટલે રેંટિયાને બદલે આ ચક્ર આવ્યું એમાં કશું ચાતરવાનું થયું નથી.'

ધ્વજની સંજ્ઞાઓના બીજા પણ અર્થ કરવામાં આવ્યા છે: સફેદને સૂર્યકિરણો કે જે સર્વ ચેતનાનું મૂળ છે તેના સફેદ રંગની સાથે સરખાવવામાં આવ્યો છે. ચક્રના ૨૪ આરાને ૨૪ કલાકના પ્રતીક ગણીને કાળની માફક સતત ગતિમાન રહેવામાં જ જીવન રહેલું દર્શાવ્યું છે. વળી તેને ભારતીય સંસ્કૃતિની સનાતનતાનું સૂચક લેખવીને ઔદ્યોગિક ક્ષેત્રમાં વૈજ્ઞાનિક પ્રગતિની સંજ્ઞા તરીકે ગણાવ્યું છે, અને એ રીતે પ્રાચીન સંસ્કૃતિના આદર્શવાદ ને અર્વાચીન વિજ્ઞાનના વાસ્તવવાદનો તેમાં સમન્વય કલ્પ્યો છે. ને અશોકની મહાન પ્રણાલિકા તથા મહાત્મા ગાંધીજીના ઉચ્ચાગ્રહનું પ્રતીક તો એ છે જ.

કેટલાક ઈતિહાસકારો આ ચક્રને અશોકના સમયથી યે જૂનું ગણાવે છે. બૌદ્ધ સંપ્રદાયનું તો એ જૂનું લાંછન હતું જ. કેટલાક વિદ્વાનો તેને હિંદુ ધર્મ જેટલું પ્રાચીન લેખવે છે. સિંધુ નદીની ખીણની મોહેં-જો-ડેરોની સંસ્કૃતિના અવશેષોમાં પણ ચક્રની સંજ્ઞા મળી આવે છે. ભારત, ઈરાન, પ્રાચીન ઈજિપ્ત, આસીરિયા, ગ્રીક વગેરે દેશના ધર્મોમાં સૂર્યના પ્રતીક તરીકે તે વપરાયું છે. આમ, આજે આપણા રાષ્ટ્રધ્વજ પર સ્થાપેલા ચક્રને ભારત તથા બીજા દેશો તો છેક પાંચ હજાર વર્ષથી સન્માનતા આવ્યા છે.

આવા ગંભીર અર્થપૂર્ણ અને આપણા અસ્તિત્વ ને આઝાદીના પ્રતીક રૂપ આપણા રાષ્ટ્રધ્વજ પ્રત્યે આપણને પૂર્ણ માન, ગૌરવ અને ઊંડી લાગણી હોવાં જોઇએ. જગતના બધા જ સ્વતંત્ર દેશોમાં પોતાના રાષ્ટ્રધ્વજ માટે અતિશય માન ને ગૌરવ હોવા સાથે તેને વિષયે પાળવા માટેની ઝીણીઝીણી વિધિઓ પ્રત્યે ચુસ્ત શિસ્ત હોય છે. આપણે પણ તેને માટે જે નીતિ-નિયમો ઘડાયા હોય તે દરેકનું ચોંપ રાખીને શિસ્તપૂર્વક પાલન કરવું જોઇએ. ધ્વજ ચડાવવો, ઊતારવો, સલામી આપવી કે તેને અરધી કાઠીએ રાખવો, એમ એ ધ્વજને લગતા દરેક પ્રસંગે દરેક વ્યક્તિ અને સંસ્થાએ તેમાં માનપૂર્વક સાથ આપવો જોઈએ.

રાષ્ટ્રધ્વજના કદનું પ્રમાણ તથા તેના કાપડ અને રંગો માટે જે ધોરણ નક્કી થયા હોય તેનું ચુસ્તપણે પાલન કરવું જોઇએ. એટલે કે જેવાતેવા કાચા રંગોના કે જે તે ચીંથરિયા કાપડના ટુકડા સાંધી ફાવે તે કદનો તે ન બનાવવો જોઇએ. એમાં તેનું અપમાન છે. આપણા ધ્વજ માટે મોટરો વગેરે પર ફરકાવવાના ટચુકડા ધ્વજ સુધીનાં છ જુદાંજુદાં કદ નક્કી થયાં છે તે જાણી લેવાં જોઇએ. વળી ધ્વજના રંગ, તેના કાપડની જાત, તેને સીવવાના દોરા, તેને માટેનાં દોરી-દોરડાં તથા પિત્તળના તાર, થાંભલા વગેરે એકેએક વસ્તુની જાત. પ્રકાર, પ્રમાણ આદિ ઠરાવવાનું કામ 'ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્ઝ ઈન્સ્ટીટ્યૂશન'ને સોંપ્યું છે. તે ચુસ્ત વૈજ્ઞાનિક કસોટીએ એ બધી વસ્તુઓ ચકાસીને નક્કી કરે તે મુજબ એ વાપરવાનાં છે. ધ્વજના કેસરી અને લીલા રંગ પણ ખાસ પ્રકારના 'હિંદી કેસરી' અને હિંદી લીલો' છે, જે દુનિયાના 'સ્ટાન્ડર્ડ કલર ટેબલમાં' હજી સુધી આવ્યા નથી; તે પણ નક્કી થયે તે જ ચુસ્તપણે વાપરવાના છે.

દુનિયાભરમાં રાષ્ટ્રધ્વજને માટે અમુક વિધિઓ નક્કી કરાએલા છે, જે હિંદમાં પણ પાળવામાં આવે છે. સરકાર તેના વિગતવાર નિયમો બહાર પાડવાની છે. વળી, બીજાં સ્વતંત્ર રાષ્ટ્રોની માફક આપણે ત્યાં પણ રાજ્યના ઉચ્ચ અધિષ્ઠાતાઓ માટે ખાસ વ્યક્તિગત ધ્વજો રચાયા છે. એ મુજબ રાષ્ટ્રપ્રમુખ, ગવર્નરો ને રાજપ્રમુખોના કેટલાક ધ્વજો છે, જે, તેઓ જ્યાં હાજર હોય ત્યાં ફરકાવાય છે.

હવે આપણે રાષ્ટ્રધ્વજના માનાર્થે ઘડાએલા નિયમો જોઇએ:

(૧) જો બીજા કોઇ ધ્વજ સાથે એક હારમાં લટકાવવામાં આવે તો બીજા બધા જ ધ્વજો આપણા રાષ્ટ્રધ્વજની ડાબી તરફ જ લટકાવાય. જો ઊભી હારમાં લહેરાવવામાં આવે કે છૂટાછૂટા ફરકાવવામાં આવે તો રાષ્ટ્રધ્વજથી ઊંચો બીજો કોઈ પણ ધ્વજ રાખી શકાય નહિ.

(૨) સરઘસમાં ઉપયોગ થવાનો હોય ત્યારે યોગ્ય માણસના જમણા ખભે જ, સૌથી ઊંચો, ને સૌને મોખરે તે રાખવો જોઇએ.

(૩) જો ધ્વજસ્તંભ પર બીજા કોઈ ધ્વજ સાથે લહેરાવવો હોય તો તે સૌથી પ્રથમ ઉપર જાય અને સૌથી છેલ્લે નીચે ઊતરે એવી રીતે જ ફરકાવવો જોઇએ. બીજા ધ્વજોની હાજરીમાં રાષ્ટ્રધ્વજને કદી નમાવાય જ નહિ. માત્ર લશ્કરમાં રાષ્ટ્રધ્વજ (જેને 'ફ્લૅગ નૅશનલ ઇંડિયા' કહેવાય છે તે)ને અને લશ્કરના પોતાના ધ્વજને એક

સાથે જ ચડાવાય-ઉતારાય છે. ખુશ્કી, દરિયાઈ તેમજ હવાઈ દરેક લશ્કરના પોતપોતાના ખાસ ધ્વજ છે.

(૪) સભાઓમાં ભાષણકર્તાની પાછળ, તેના માથાથી ઊંચે, અને બીજા બધા શણગારો કરતાં સૌથી ઊંચો રાષ્ટ્રધ્વજને રાખવો જોઇએ.

(૫) ધ્વજ પર કોઈ પણ જાતનું લખાણ ન હોવું જોઇએ. વળી, જ્યારે તે ઉપયોગ માટે નકામો થઈ જાય, એટલેકે ઝળી કે ફાટી જાય કે ઝાંખો પડી જાય ત્યારે તેનો જાહેરમાં કદી નાશ ન કરવો જોઈએ; તેમજ તેનો મસોતા કે ચીંથરા તરીકે ઉપયોગ કરવો કે કચરા-પૂંજા સાથે તેને રઝળતો નાખી દેવો એ પણ તેનું-અને એ દ્વારા આપણું પોતાનું અપમાન કરવા બરાબર છે.

ક્યાં ફરકાવાય? કોણ ફરકાવે? કેવી રીતે?

જ્યાં ત્યાં શોભા-શણગાર તરીકે પણ તેને ન જ વપરાય. ભાષણકર્તાના ટેબલ પર પણ તે ન જ બિછાવાય. એવી જ રીતે સાડીની કિનાર જેવા ઉપયોગમાં પણ તેની રચનાનો ઉપયોગ ન કરાય. વળી ધંધાદારી હેતુએ પણ તેનો ઉપયોગ કરાય નહિ. ટ્રેડમાર્ક ઍક્ટની ૬૯મી કલમ મુજબ ધંધાદારી દૃષ્ટિએ ક્યાંય પણ ધ્વજનો ઉપયોગ કરવાની મનાઇ છે. આની પાછળની ભાવના સમજી તેમાં પ્રજાએ સાથ આપવાની ફરજ છે. ટૂંકમાં તેના ધ્વજ તરીકેના માનપૂર્વકના ઉપયોગ સિવાય બીજે ક્યાંયે તેમજ બીજી કોઈ રીતે તે ન જ વપરાય

વળી ધ્વજ તરીકે પણ તેને છાશવારે અને જ્યાં ત્યાં ફરકાવી સસ્તો કરી નાખવામાં પણ તેની માનહાનિ છે. સામાન્યત: તેને (૧) સરકારી મકાનો અને શહેરનાં અગત્યના સ્થળે જ ફરકાવવો જોઇએ. જેમાં આટલાં આવી શકે: હાઈકોર્ટ, સેક્રેટેરિયેટ, કમિશ્નર અને કલેકટરની કચેરીઓ, જેલ, ડિસ્ટ્રિક્ટ બોર્ડ તથા મ્યુનિસિપલ ઑફિસો ઉપર ફરકાવી શકાય; અને (૨) બધી સરહદો ઉપર તે અમુક ચોક્કસ સ્થળે ફરકાવી શકાય.

આ ઉપરાંત નીચે જણાવ્યા મુજબના મોટા સરકારી હોદ્દેદારો તેને પોતાના મકાન પર લહેરાવી શકે:

(૧) મધ્યસ્થ સરકારના તથા રાજ્યોની સરકારોના પ્રધાનો તથા પાર્લામેન્ટના અને ધારાસભાઓના પ્રમુખો;

(૨) જ્યાંજ્યાં અપર ચેમ્બર હોય ત્યાંના પ્રમુખો;

(૩) મધ્યસ્થ સરકારના રાજપ્રમુખ નો;

(૪) રાજ્યોના રીજીઅનલ કમિશ્નરો, ચીફ કમિશ્નરો, કમિશ્નરો અને કલેક્ટરો.

(૫) દરેક રાજ્યના ગવર્નરોને તેમના પ્રાંતના નામોલ્લેખ સાથેનો વિશિષ્ટ એવો એકેક વ્યક્તિગત ધ્વજ પણ અપાયો છે, જે તેમના નિવાસસ્થાન પર તેમજ તેમના રાજ્યમાં તેઓ જ્યાંજ્યાં હાજર હોય તે તે સ્થળે ફરકાવાય છે.

(૬) રાજપ્રમુખો પણ જો ઈચ્છે તો પોતાના રાજ્યના ધ્વજ સાથે રાષ્ટ્રધ્વજને પણ પોતાના નિવાસ પર ફરકાવી શકે છે.

(૭) પરદેશમાં ભારતના પ્રતિનિધિઓએ પણ પોતાના નિવાસ તેમજ કચેરી પર રાષ્ટ્રધ્વજ ફરકાવવો જ જોઇએ.

(૮) જ્યારે રાષ્ટ્રપ્રમુખ, વડા પ્રધાન કે નાયબ વડા પ્રધાન કોઇ રાજ્યોની મુલાકાત દરમિયાન ત્યાંના ગવર્નર સાથે ગવર્નમેન્ટ હાઉસમાં રહેતા હોય ત્યારે ત્યાં, રાષ્ટ્રપ્રમુખે પોતાના ખાસ ધ્વજને અને પ્રધાનોએ રાષ્ટ્રધ્વજને તે મકાનની ટોચે, અથવા તો તે મકાનના જે ભાગમાં પોતે રહેતા હોય તેના મુખ્ય આગળપડતા ભાગ પર ફરકાવવાનો હોય છે.

(૯) ખુશ્કી દરિયાઇ કે હવાઇ દળને માટે ધ્વજ ફરકાવવાના ખાસ અલગ નિયમો છે. ૧૯૫૦ની ૨૬મી જાન્યુઆરી બાદ રાષ્ટ્રધ્વજને તેઓના ખાસ ધ્વજમાં સમાવી લીધેલો હોઈ હવે તેમને જુદો રાષ્ટ્રધ્વજ લહેરાવવાની જરૂર નથી રહી. તેનાં ચિત્રો આ સાથે આપ્યાં છે.

(૧૦) સ્વાતંત્ર્યદિન, રાષ્ટ્રીય-સપ્તાહ, ૨૬મી જાન્યુઆરી કે ગાંધીજીના જન્મદિવસ જેવા રાષ્ટ્રના ખાસ ઉત્સવો પ્રસંગે ધ્વજ ફરકાવવા માટે કોઇ પણ બંધન નથી. પણ તેમાં યે ધ્વજની માનહાનિ તો ન જ થવી જોઇએ.

(૧૧) વિદેશમાં ભારતના પ્રતિનિધિઓ ને અહીં દેશમાં પ્રધાનો, સ્પીકરો, કમિશ્નરો જેવા મોટા સરકારી હોદ્દેદારો પોતાના વાહન પર પણ ધ્વજ ફરકાવી શકે છે. ગવર્નર, રાજપ્રમુખ, વગેરે જેઓને વ્યક્તિગત ધ્વજો પણ આપવામાં આવ્યા છે તેઓ તે ધ્વજને અને ઈચ્છે તો તે સાથે રાષ્ટ્રધ્વજને પણ પોતાના વાહન પર રાખી શકે છે.

રાષ્ટ્રધ્વજ ચડાવવો એ એક ગંભીર અને પવિત્ર પ્રસંગ છે. એ વિધિમાં જુદાજુદા દેશો પરત્વે કેટલાક ફેરફારો હોવા છતાં સામાન્યરીતે દરેક રાષ્ટ્રનો ધ્વજ રાષ્ટ્રગીત ગવાવાની સાથે ચડે છે. માણસો તેની આસપાસ રાષ્ટ્રગીત ગવાતું રહે ત્યાં સુધી માન સહિત મસ્તક નમાવી ઊભા રહે છે દરમિયાન રાષ્ટ્રધ્વજ ધીરેધીરે ગંભીરતાપૂર્વક ઉપર ચડતો જાય છે. આ વખતે ખાસ તકેદારી રખાય છે કે તે અવળા રંગથી ઉપર ન જાય. જો હાજર હોય તો બૅન્ડ રાષ્ટ્રગીત વગાડે છે. ક્યાંક રાષ્ટ્રગીત ગવાય પણ છે. વળી, ધ્વજમાં ફૂલો વીંટી તેને ઉપર ચડાવાય અને પછી વંદન વખતે તે ફરકાવતાં તેમાંથી ફૂલોની વર્ષા વરસે તો ધ્વજવંદન દીપી ઊઠે.

લશ્કરોમાં તો 'ફ્લૅગ નૅશનલ ઇંડિયા' રોજ ફરકાવવાનો કાર્યક્રમ હોય છે. ધ્વજ ચડાવવો-ઉતારવો એ ત્યાં સવારસાંજનું રોજિંદું કાર્ય હોઇ, એ વખતે દરેક જણે ધ્વજને સલામી આપવા હાજર રહેવું પડે છે. જોકે ત્રણે દળોના આ વિધિમાં થોડોઘણો તફાવત છે, પણ મોટે ભાગે એ વખતે બધા રાષ્ટ્રગીત ગાય છે કે બૅન્ડમાં વગાડે છે, ને ધ્વજ ચડતો હોય કે ઊતરતો હોય એ વખતે સલામી આપે છે. જો ક્યાંય બે ધ્વજ—એટલેકે રાષ્ટ્રધ્વજ અને દળનો પોતાનો ધ્વજ ચડતો હોય તો તે બંને એકીસાથે જ ચડે-ઊતરે છે.

સામાન્યરીતે ધ્વજ સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી ફરકે છે. હિંદી નૌકાદળમાં તે નિશ્ચિત સમયે જ—એટલે કે સવારે ૮ વાગે ચડે છે અને સૂર્યાસ્ત સમયે ઊતરે છે.

રાષ્ટ્રની કોઈ મહત્ત્વની વ્યક્તિના અવસાન સમયે કે એવા કોઈ રાષ્ટ્રવ્યાપી શોકના સમયે બધા જ સ્થળના રાષ્ટ્રધ્વજો અને લશ્કરના ધ્વજો અરધી કાઠીએ ઊતારવામાં આવે છે. આ માટે પ્રથમ તો તે છેક ઉપર સુધી જ ચડાવાય છે અને પછી જ નીચે અરધી કાઠીએ લાવવામાં આવે છે. એવી જ રીતે ઉતારતી વખતે પણ પ્રથમ છેક ઉપર સુધી લઈ જઇ પછી જ છેક નીચે લાવવામાં આવે છે વિદેશમાંના આપણા પ્રતિનિધિઓએ અને સફર પરનાં પારકા દરિયામાંનાં આપણાં જહાજોએ પણ આ વિધિ કરવાનો હોય જ છે. આ માટે ખાસ હુકમ બહાર પાડવામાં આવે છે. કેટલીક વખત ફક્ત અરધા દિવસ સુધી જ ધ્વજને અરધી કાઠીએ રખાય છે.

આમ, આપણા રાષ્ટ્રધ્વજની મહત્તા સમજી, સ્વાતંત્ર્યની આ વર્ષગાંઠે પૂર્ણ માનસહિત તેને વંદીએ અને પ્રાર્થના કરીએ કે:

આઠ પહોર હુંકારા કરતો જાગ્રત રહે ઉમંગી!
સાવધ રહેજે, પહેરો દેજે, અમે ન રહીએ ઊંઘી:
ઝંડા સ્વરાજ્યના સંત્રી!
રહો તુજ ઝાલર રણઝણતી! (મેઘાણી)

ડગલું ભર્યું કે ના હઠવું—ના હઠવું

—નર્મદ—

'કુમાર'માં કદાચ સૌથી લોકપ્રિય આ 'છેલ્લા પાના'ની શરૂઆત આજથી બરાબર પચ્ચીસ વર્ષ પર, ૩૨મા અંકથી થઇ. તેના સંભારણમાં આ અંકમાં આ પાના પર તે વખતની કેટલીક વાનગી ઉતારીશું, તેને છેડે (૨૫) એવો આંક હશે. અને હવે પછીના અંકોમાં પણ ક્વચિત એ આંકવાળી વાનગી જુઓ તો તે બરોબર પચ્ચીસ વર્ષ પહેલાંના સમજજો.

મુસ્લિમ સંત અબુ હનીફા એક વાર નગ્રતા પર ઉપદેશ દેતા હતા, તેમને કોઈ જડસાએ તમાચો માર્યો. અબુ સાહેબે જવાબમાં તેને કહ્યું કે હું વેર લેવા ઈચ્છતો હોત તો હું તને સામી થપ્પડ મારત; વિશ્વાસઘાતી થવા ધારત તો તને ખલીફા આગળ ખડો કરત; પણ હું તો એટલું જ ચાહું છું કે કયામતને દિવસે ખુદા મને તારી સાથે સ્વર્ગમાં દાખલ કરે.' (૨૫)

અનેકાર્થી શબ્દ: સાદર=આદર સાથે; જાહેર કે જાણીતું; આવી પહોંચેલું; લહાવો; દોહદ.

કહેવતોના અર્થ: 'ગાડું નાવમાં ને નાવ ગાડા પર.'—જેવો વખત ને જેવો પ્રસંગ તે મુજબ પરિસ્થિતિ બદલાયા કરે છે એમ દર્શાવતી આ કહેવતનો અર્થ એવો છે કે ગાડાને નદી પાર લઈ જવું હોય તો તેને નાવમાં નાખવું પડે છે, ને નાવને જમીન પર ફેરવવી-ફેરવવી હોય ત્યારે તેને ગાડામાં નાખવી પડે છે.

જલમેં ગાડી નાવ પર, થલ ગાડી પર નાવ;
કબુ બડાઈ ન કીજિયે, મન રખિયે દરિયાવ.

ઘરમાં ગાર કરતી (લીંપતી) વખતે ઘણી વાર ઝીણી કાંકરીઓ તથા મેલ નખમાં ઊંડે ભરાઈ જાય છે. તે અટકાવવા, લીંપવું શરૂ કરતાં પહેલાં પોચા સાબુમાં નખ ભરાવી તેના માવા વડે નખને ભરી લેવા, ને કામ થઈ રહ્યે હાથ ધોઈ નાખવા. આથી નખમાં કાંઇ પણ ભરાતું અટકશે, અને સાબુ ધોવાવાથી નખ ચોખ્ખા પણ થઇ જશે. (૨૫)

હાલના સમયને લાગુ પડતા આ ફકરામાં દરેક શબ્દ મૂળાક્ષરના અનુક્રમે શરૂ થાય છે:

'કોરિયામાં ખટપટી ગોરાઓને ઘેરવા ચીને છડેચોક જંગમાં ઝંપલાવી ટોળેટોળાં ઠાલવ્યાં. ડુંગરોના ઢાળોમાંનો તોપમારો થંભાવી, દુશ્મનોના ધસારા નબળા પાડી, ફતેહમંદીથી બાજી ભયમાં મૂકી. યુદ્ધમાં રશિયાવાળાંના વખતથી શત્રુઓને ષડયંત્રથી સતાવવું હતું.' (ગૌતમ ર. દેસાઇ)

[illegible] (ઑગસ્ટ ૧૯૫૧)

લાકડા કે ભીંતમાં ખીલો ઠોકતી વેળા શરૂઆતથી જ તેના પર જોરથી ઘા કરશો તો ખીલો ઊછળીને છટકી જશે. પહેલાં તો હળવેથી ટપારી તેને અંદર પેસાડી દેવો, ને પછી જોરથી ઠોકવો. લાકડું બહુ ચીકણું કે કઠણ હોય તો ખીલાની અણી તેલમાં બોળી લેવાથી તરત બેસશે. આખો ખીલો અંદર પેસી ગયા પછી તેના ઉપરના છેલ્લા ઘા પણ જોરથી ન કરવા. એથી તો ખીલો સહેજ પાછો ઊછળી આવે છે ને તેથી ઢીલો પડી જાય છે. (૨૫)

ગડગુમડ તથા શરીરના મોટા પાક ઉપર: પીપળનાં પાનની કૂંળી કૂંપળો માટીના વાસણમાં ઉકાળી, તે પાણી વડે ગુમડાને ધોવું અને કૂંપળોને વાટી તેની લુગદી ગુમડા પર બાંધવી. ચારેક દિવસમાં મટી જશે.




કલાકણિકા: ઈંગ્લંડના અગ્નિપ્રદેશમાં થએલા માટીકામનો નમૂનો: ચ્હાના પ્યાલામાં માનવઆકૃતિ.

ગણિતગમ્મત

```
        ૧૨૩૪૫૬૭૯
       ૯૯૯૯૯૯૯૯૯
       ---------
        ૧૧૧૧૧૧૧૧૧
       ૧૧૧૧૧૧૧૧૧
      ૧૧૧૧૧૧૧૧૧
     ૧૧૧૧૧૧૧૧૧
    ૧૧૧૧૧૧૧૧૧
   ૧૧૧૧૧૧૧૧૧
  ૧૧૧૧૧૧૧૧૧
 ૧૧૧૧૧૧૧૧૧
૧૧૧૧૧૧૧૧૧
-----------------
૧૨૩૪૫૬૭૮૯૮૭૬૫૪૩૨૧
```

અગરબત્તીને સળગાવતાં પહેલાં તેના પર સહેજ ભીનો હાથ ફેરવજો; એથી તે ધીમે ધીમે બળશે, ને વધુ વાસ આપશે. (૨૫)




આ આકૃતિમાંનાં શુદ્ધ ગોળ વર્તુળો પણ વિકૃત લાગે છે તે તેની પાછળની ભોંયમાં આલેખેલા ગોળાકારી ચટાપટાથી ઉત્પન્ન થતા દૃષ્ટિભ્રમને લીધે છે.

ભેજ નીકળતો હોય, ત્યાં દીવાલ અને ફરસબંધી પર ફટકડીના પાણીનો લેપ (૧ શેર ફટકડીને ૩ શેર પાણીમાં ઓગાળીને) કરવો.

હવાએલી દીવાસળી માથાના વાળમાં ઝપાગાબંધ ઘસીને વાપરજો; સળગશે. (૨૫)


નેપોલિયનને એક રશિયન ઑફિસર કહેવા માંડયો, 'અમે રશિયન લોકો માનને ખાતર લડીએ છીએ, જ્યારે તમે ફ્રેંચ લોકો કેવળ ફાયદા માટે લડો છો.'

'બરાબર છે. પોતાની પાસે જે હોતું નથી તેને માટે જ દરેક જણ લડતો હોય છે' નેપોલિયને જવાબ આપ્યો.



હાલની ગણિતપદ્ધતિના આંકડા શોધાયા તે પહેલાં હજારો વર્ષથી ગણિત કરવા માટે ચીન વગેરે આપણા પૂર્વના દેશોમાં આવી મણકા-ઘોડી વપરાતી. ચીનાઓ તો આજે પણ તે વડે ઘણી ઝડપથી ગણિત કરી શકે છે. આ ચિત્રમાં દર્શાવેલી ઘોડીમાં બતાવ્યું છે તેમ વચલા દાંડા તરફ ખસેડેલા મણકા ગણત્રીમાં લેવાય છે, અને તે ગણિત, અંક મંડાય છે તે જ રીતે, જમણી બાજુથી એકમ, દશક, સો, એમ ગણાય છે. દાંડાની નીચેના ભાગમાં એક મણકો બરાબર એક, અને ઉપલા ભાગમાં એક મણકો બરાબર પાંચની સંખ્યા ગણાય છે. એ મુજબ આ ઘોડીમાં ૧૮૨ની સંખ્યા ગોઠવી બતાવી છે. આ સાધન વડે લખોટા આઘાપાછા કરીને ચીનાઓ ઝપાટાબંધ સરવાળા-બાદબાકી કરી શકે છે.

(ઉપરનું ચિત્ર [illegible] છપાયું છે; તેને ઉલટાવીને જુઓ.)





આ અંકમાંના 'હિંદી કલાના ઇતિહાસમાં ગુજરાતનો ફાળો'વાળા લેખને અનુસંધાને આ ચિત્રો જોવા બોધક થઇ પડશે. ડાબી બાજુ રાગ મલ્હાર: રાજપુત કલમના આ ચિત્રમાં મોટી આંખોવાળા ચહેરા, ઝાડના પાન દર્શાવવાની પદ્ધતિ, વાદળ અને પંખીઓની આકૃતિ વગેરેમાં ગુજરાતની કળાના અંશો છે તે, ઉપર્યુક્ત લેખ સાથે છાપેલા 'કલ્પસૂત્ર' તથા 'બાલગોપાલ સ્તુતિ' વગેરેનાં ચિત્રો જોવાથી પ્રતીત થશે. આમાં પુરુષની પાઘડી, ફુવારો તથા આજુબાજુનાં ચોકઠાં, અગાશીના કાંગરા વગેરે મુઘલ અસર દર્શાવે છે. જમણી બાજુ: વાસકસજ્જા નાયિકા: હિમાલયની તળેટીમાંનાં રાજપુત રાજ્યોમાં મુઘલ દરબારોમાંથી જઇ વસેલા કલાકારોએ પરંપરાગત રાજપુત શૈલીને કેળવીને નમણી, મુલાયમ ને લાવણ્યમયી બનાવી. કાંગરા, ગઢવાલ, બસોહલી, ચંબા, કુલુ વગેરે રાજ્યોમાં ખીલેલી આ શૈલી 'પહાડી કલમ'ના નામથી ઓળખાય છે. તેમાંનું લાવણ્યનું માધુર્ય અને કામની સફાઈ સમગ્ર હિંદી કલાઓમાં અનન્ય ગણાય છે. જેના આવા અનેક નમૂના આજ સુધીમાં 'કુમાર'માં અપાઇ ચૂકયા છે. નામી ગઢવાલી કલાકાર મોલારામની કલમનું આ ચિત્ર છે. એમાં પણ રાજપુત કલમ દ્વારા ઊતરી આવેલી ગુજરાતની જ પરંપરાના અંશો છે.

(દિલ્હીની ઑલ ઇંડિયા આર્ટ્સ ઍન્ડ ક્રૅફ્ટ્સ સોસાઇટીના સૌજન્યથી)

વર્ષ ૨ · ઑગસ્ટ ૧૯૫૧ · સળંગ અંક ૩૩૨ · છૂટક નકલના બાર આના





ટેલીવીઝનમાં નવું પગરણ: ટેલીવીઝન એટલે રેડિયો પર ભાષણ, ગીત કે નાટક સાંભળવાની સાથોસાથ તેના વક્તા, ગાયક કે ભજવાતું નાટક સુદ્ધાં જોઈ શકાય એ શોધથી તો સૌ જાણકાર હશે. પણ એની કડાકૂટવાળી સામગ્રીની મુખ્ય મર્યાદા એ છે કે રેડિયોઘરના સ્ટુડિયોમાં જ તેની છબિઓ તેમજ ધ્વનિ લઇ શકાય છે. એ મુશ્કેલી દૂર કરતો એક નવો કૅમેરા હમણાં શોધાયો છે, જેને નાનકડી સૂટકેસમાં ગમે ત્યાં લઇ જઇને દૃશ્યો ઝડપી લઈ તરત બતાવી શકાય છે: આમપ્રદેશો ને વનઉપવનોમાં, સમુદ્ર ને વિમાનમાં સુદ્ધાં! એ કૅમેરાનાં બે દર્શન આ સાથેનાં ચિત્રોમાં આપ્યાં છે. પહેલા ચિત્રમાં, તેનાં બદલીને નાનાંમોટાં કરી શકાય તેવાં લેન્સ બતાવ્યાં છે. જેમાં ૨૫ ઇંચથી માંડીને ૬ ઇંચ સુધીનાં વિવિધ લેન્સ છે! બીજામાં કૅમેરા બનાવનારા કારખાનાનું દૃશ્ય છે, જેમાં આગળના ભાગમાંનો માણસ 'કૅમેરા-કૅન્ટ્રોલ-યુનિટ'ને તેની ફ્રેમમાંથી બહાર ખેંચી કાઢતો દર્શાવ્યો છે. એમાં ફાઇલિંગ કૅબિનેટ જેવી રોલર બેરીંગ બેસાડેલી હોવાથી બહુ સરળતાથી તે બહાર સરી આવે છે. આ કૅમેરામાંનું એક અંગ તો એવું નાજુક પ્રકાશક્ષમ છે કે માત્ર એક જ મીણબત્તીના પ્રકાશમાં લેવાયેલા દૃશ્યને પણ ઝડપી શકે છે. આ કૅમેરાની સાથે મોટરવાનમાં ફરતા સ્ટુડિયો પણ હોય છે. તેમાં ત્રણ કૅમેરાએ ઝીલેલાં ચિત્રો એકીસાથે જોડાજોડ ત્રણ સ્ક્રીન પર જોઈ શકાય એવી રચના હોય છે. ટી. વી. ઑપરેટર એ ત્રણમાંથી લોકોને બતાવવા જેવું ગમે તે એક પસંદ કરીને મુખ્ય સ્ટેશનને ટ્રાન્સમિટ કરે છે, જેમાંથી તે દેશ આખામાં બતાવાય છે. લંડન [illegible]. **અને કૅનેડાના** બ્રૉડકાસ્ટિંગ સ્ટેશનોએ તેના ઑર્ડર મૂક્યા છે.